બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**એપ્રિલ-૨૦૨૨**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૯, અંક : ૦૪, સળંગ અંક : ૨૧૯



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | રશિયાના આતંકવાદી હુમ્લાઓથી યુક્રેન દેશ તબાહ ! | 04 |
| 02 | સહાબાએ કિરામ થકી રમઝાનની ઈજ્જત અને આપણો હાલ !! | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 16 |
| 06 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 20 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ : ૨) | 23 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 26 |
| 09 | ઝકાત વિશે જરૂરી મસાઈલ | 29 |
| 10 | કુર્આનમાં દરેક માણસનો ઉલ્લેખ છે | 30 |
| 11 | તસવ્વુફ (સૂફીપણુ) ઔર મખ્દૂમ સમ્નાની رحمۃ اللہ علیہ | 36 |
| 12 | વર્તમાનકાળમાં કરવા જેવાં કેટલાક કામો | 40 |
| 13 | શબે કદ્રની ઈબાદતો | 43 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 44 |


### દર શાને "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા" (આમોદ)

(રજૂ : ચાલુ વરસે ફારિગ થનાર મૌલાના રિઝવાન માલેગાંવીના કલમથી)

ખુદાકી ઈનાયત હૈ બરકાતે ખ્વાજા
શહે દીંકી રહ્મત હૈ બરકાતે ખ્વાજા
ઈસીસે મુકદ્દર હમારા હૈ ચમકા
હમારી અકીદત હૈ બરકાતે ખ્વાજા
સદા ઉસપે મરનેકો તૈયાર હૈં હમ
દિલો જાં કી રાહત હૈ બરકાતે ખ્વાજા
સહાબાકી નઝરે ઈનાયત કે સદકે
બફૈઝાને ઈત્રત હૈ બરકાતે ખ્વાજા
ખુદા તુઝકો રખ્ખે હમેશા સલામત
તૂ સબકી ઝરૂરત હૈ બરકાતે ખ્વાજા
યહ તહરીકે સુન્નત સે મસ્નૂન ગુલશન
તકાઝાએ મિલ્લત હૈ બરકાતે ખ્વાજા
કરમ શાહે સિમ્નાંકા ગૌષુલ વરાકા
રઝાકી ઈનાયત હૈ બરકાતે ખ્વાજા
યહ હૈ મસ્લકે આ'લા હઝરતકા હામી
નિશાને હિદાયત હૈ બરકાતે ખ્વાજા
હંય ઉસ્તાદ સબ સાહિબે ઈલ્મો હિકમત
ઉન્હીં કી બદૌલત હૈ બરકાતે ખ્વાજા
જો અખ્લાકો તક્વા મહબ્બત હૈ ઉનમેં
ઉસી કી હી બરકત હૈ બરકાતે ખ્વાજા
અય **"રિઝવાન"** અપને મુકદ્દર પે ખુશ હો
તેરી ઈલ્મી નિસ્બત હૈ બરકાતે ખ્વાજા

# રશિયાના આતંકવાદી હુમ્લાઓથી યુક્રેન દેશ તબાહ !

(કાર્યાલય)

આજે તા. ૧૪–૩–૨૦૨૨ના દિવસ સુધીમાં આજે ૧૮ દિવસથી રશિયા યુક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં યુક્રેનના હજારો નાગરીકોએ જીવ ગુમાવ્યો છે અને ૨૫ લાખ લોકો યુક્રેનથી હિજરત કરી ગયા છે. પોપ ફ્રાન્સિસે પણ આ રશિયન આક્રમણની નિંદા કરી છે. બાળકોની હોસ્પિટલો અને નાગરિક સુવિધાઓ પર રશિયાના બોમ્બ ધડાકાને બર્બર કૃત્ય ગણાવ્યું. યુક્રેનિયન શહેરો કબ્રસ્તાનમાં ફેરવાઈ રહ્યાં છે અને અનેક લોકો મરી રહ્યા છે. ૧૨ દિવસમાં ૧૫૮૨ લોકો મૃત્યુ પામ્યા અને અગણિત ઘાયલ થયા છે. કબ્રસ્તાનમાં જગા ઓછી હોવાથી સામૂહિક કબરોમાં દફનવિધિ થાય છે.

**આશ્ચર્યની વાત** : એ છે કે જ્યારે અમેરિકાએ મુસ્લિમ દેશો અફઘાનિસ્તાન પર અને ઈરાક પર હુમ્લો કર્યો હતો ત્યારે યૂરોપી સંગઠનના લગભગ ૩૨ દેશોએ એમાં ખુશી ખુશી ભાગ લીધો જેમાં આ યુક્રેન પણ સામેલ હતું ! બધાએ એકમતિએ બંને દેશો પર ભેગા મળી હુમ્લો કરીને તેમને તબાહ કરી દીધા ! હર્યાભર્યા દેશોને ખંડેર બનાવી દીધા હતા, ખૂબ જ જાનહાની, માલહાની સ્ત્રીઓ બાળકો મૃત્યુ પામ્યાં ત્યારે માનવ અધિકારના નામે કોઈએ વિરોધ નથી કર્યો ! જ્યારે આજે પોપ પણ પોક મૂકીને રડી રહ્યા છે કે ખુદાના વાસ્તે આ યુદ્ધ બંધ કરો ! ઈઝરાઈલ વર્ષોથી પેલેસ્ટાઈન પર નાજાઈઝ કબજો જમાવીને બેઠુ છે અને વર્ષોથી જુલ્મો સિતમના પહાડ પેલેસ્ટાઈનીઓ પર તોડી રહ્યું છે છતાં આતંકવાદી તો પેલેસ્ટાઈનવાળા જ છે !! દુનિયાના દેશોના આ બમણા વલણથી આશ્ચર્ય સાથે અફસોસ પણ થાય છે. સીરીયાના જંગમાં અનેક શહેરોને ખંડેર બનાવી દેવામાં આવ્યાં, લાખો લોકો મરી ગયા અને લાખોએ હાથે પગે હિજરત કરી, જેમાં નાનાં ભૂલકાં પણ રહેંસાઈ ગયાં ત્યારે "માનવ અધિકાર" જગતને ન યાદ આવ્યો એ અફસોસની વાત કહેવાય !

વળી આશ્ચર્ય તો એનું છે કે યુક્રેનને સાથ આપવાનો વાયદો કરીને યૂરોપી યુનિયન તથા અમેરિકા વગેરેએ રશિયા સાથે ટકરાવી દીધું પણ રશિયાના એટમિક પાવરથી સૌ ડરી ગયેલા છે જેથી યુક્રેનને યુદ્ધમાં કોઈ સહકાર નથી આપી રહ્યું ! બીચારુ યુક્રેન એકલા હાથે તબાહી વેઠી રહ્યું છે. જો કે ઈરાકના સદ્દામ હુસૈનને પાણી ચઢાવીને કુવૈત જે અસલમાં ઈરાકનો હિસ્સો પહેલાં હતું તેને કબજે કરવા હુમલો કરવાનુ કહેનાર અમેરિકા જ હતું, પણ જ્યારે સદ્દામે કુવૈત પર લશ્કર મોકલ્યું તો એને જ દુનિયા સમક્ષ બહાનુ બનાવી અમેરિકા તથા નાટો દેશોએ ઈરાક પર હુમ્લો કરી દીધો અને તેને ખેદાન મેદાન તો એવું કરી નાખ્યું કે હસતો ખેલતો દેશ બર્બાદ થઈ ગયો અને એની તબાહીના ધુમાડા હજી રોજ ત્યાં ઉઠતા રહે છે. એવું અન્ય મુસ્લિમ દેશો સાથે પણ થયું. પણ અહીં આશ્ચર્યની વાત છે કે રશિયાના પુતિનના એટમિક પાવરથી પશ્ચિમી દેશો તથા અમેરિકા સૌ જાણે સહમી ગયા છે ! ખૈર ! લડાઈમાં માનવીની કોઈ ભલાઈ નથી અને એમાં નિર્દોષ માણસો જ તબાહ થતા હોય છે. આપણે અલ્લાહથી દુઆ કરીએ કે આ જંગ બંધ થાય અને વિશ્વભરમાં યુદ્ધોનો ખાત્મો થાય અને માનવી માનવી સાથે ભાઈચારાથી તથા સહાનુભૂતિથી જીવે અને આપસમાં અમ્નો શાંતિનો માહોલ બનેલો રહે.

# સહાબાએ કિરામ થકી રમઝાનની ઈજ્જત અને આપણો હાલ !!

તંત્રી લેખ.....

અલ્હમ્દુલિલ્લાહ ! રબની રહ્મતો, નેઅમતો, મગફેરતો, બરકતો, ઈનામો ઈકરામની વર્ષા વરસાવતો, નેકીઓનાં રંગબેરંગી ખુશ્બુદાર રૂહાની ફૂલોની વસંતના રૂપમાં અને મો'મિનોના દિલમાં સખાવતની ભાવનાઓનાં વમળો, હમદર્દીની ભરતીનાં પુર લાવતો મહીનો આવવા માટે જાણે તલપાપડ થઈ રહ્યો છે. આ તે મહીનો છે જેમાં રબ મો'મિન બંદાઓને નેકીઓ કમાય લેવાનો જાણે અદ્ભૂત મોકો આપી રહ્યો છે. જેવી રીતે દુનિયામાં કોઈ સારી ચીજની કોઈ કંપનીવાળો "ધમાકા !" ઓફર બહાર પાડે છે કે આટલા સમયમાં ખરીદો તો આટલો ફાયદો, ૨૫ હજારની વસ્તુ ૨૦ હજારમાં ! જ્યારે કે એમાં ક્યાંક ધોકો પણ થઈ શકે છે. જ્યારે આ મહીના માટે તો આપણા ખાલિક઼, માલિક, રઝ્ઝાક઼, સત્તાર, ગફ્ફાર, ગફૂર, રહીમ રબનો વાયદો કે જૂઠ જેની નજીકથી ફરકી નથી શકતું અને તે પણ તેના પ્યારા મહબૂબ ગયબદાં નબી علیہ الصلوۃ والسلامની અતિ સાચી ઝબાન મુબારક વડે મુબારકબાદી ખુશખબરીઓ બશારતો આપી રહ્યો છે. જેમ કે :–

### ★ રમઝાનમાં મુસલમાને શું કરવું જોઈએ ? ફર્માને નબવીનો નિચોડ ★

મિશ્કાત શરીફમાં છે : હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہથી રિવાયત છે કે નબીયે અકરમ ﷺએ અમને શાબાનના અંતિમ દિવસે ખુત્બો આપ્યો જેમાં ફર્માવ્યું, હે લોકો ! ★ એક ઘણો જ મુબારક મહીનો તમારા પર સાયો કરનાર છે એમાં એક રાત એવી છે જે હજાર મહીનાઓથી બેહતર છે. ★ અલ્લાહ તઆલાએ એના રોઝાઓને ફર્ઝ અને રાતમાં ક઼યામ (તહજ્જુદ વગેરે)ને નફ્લ ઠરાવેલ છે. ★ જે શખ્સ કોઈ નેકી કરીને અલ્લાહનો કુર્બ ચાહે તેને એટલા પ્રમાણમાં સવાબ થાય છે જાણે તેણે અન્ય મહીનામાં ફર્ઝ અદા કર્યા. ★ જેણે રમઝાનમાં ફર્ઝ અદા કર્યો તેનો સવાબ એટલા પ્રમાણમાં છે જાણે તેણે રમઝાન સિવાય અન્ય મહીનાઓમાં ૭૦ ફર્ઝો અદા કર્યા. ★ આ સબ્રનો મહીનો છે અને સબ્રનો સવાબ જન્નત છે. ★ લોકો સાથે ગમખ્વારીઓનો મહીનો છે. ★ આ મહિનામાં **મો'મિનનું રિઝ્ક઼ વધારી દેવામાં આવે છે.** ★ જે આ મહીનામાં **કોઇ રોઝાદારને ઈફ્તાર કરાવે તેના ગુનાહ માફ કરી દેવામાં આવે છે,** તેની ગર્દન આગથી આઝાદ કરી દેવામાં આવે છે અને તેને પણ એટલો જ (રોઝા જેટલો) સવાબ મળે છે, એનાથી રોઝાદારના સવાબમાં કાંઈ કમી નથી થતી. અને આ સવાબ તો તેને પણ મળશે જે એક ખજૂર કે ઘૂંટડો પાણી કે ઘૂંટડો દૂધ પીવડાવી દે. ★ જેણે કોઈ રોઝાદારને ઈફ્તારી વખતે પાણી પીવડાવ્યું તેને **અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે મારા હૌઝે કૌષરથી પાણી પીવડાવશે** જેના પછી જન્નતમાં દાખલ થતા સુધી તેને તરસ નહીં લાગે. ★ જે શખ્સ એમાં પોતાના ગુલામનો (કે નોકરનો) બોજ હલકો કરશે તો **અલ્લાહ તઆલા તેને બખ્શી આપશે** અને આગથી આઝાદ કરી આપશે. ★ આ એવો મહીનો છે જેનો અવ્વલ (પ્રથમ દસકો) "રહ્મત" છે, તેનો બીજો દસકો "બખ્શિશ" છે. અને ત્રીજો દસકો "આગથી આઝાદી" છે. (સુબ્હાનલ્લાહ !)

**હદીષ પરથી જાણવા મળ્યું કે** : આટલી બધી ખુશખબરીઓ અને જહન્નમથી નજાત અને જન્નતમાં પ્રવેશની ખુશ ખબરીઓ નબી પાક ﷺની ઝબાની આપણે જાણી લીધી તો હવે આપણી ભલાઈ એમાં જ છે કે આપણે નેકીઓ કમાવા માટે રમઝાનની તૈયારી ફર્માને રસૂલ ﷺને લક્ષમાં રાખીને એ રીતે કરીએ કે :–

જહન્નમમાં થોડા દિવસ બલ્કે થોડીક ઘડીઓ પણ રહેવાની આપણામાં શક્તિ કે હિંમત નથી, કેમ કે **તેનો મામૂલીથી મામૂલી એટલે "સૌથી હલકો" અઝાબ એ છે કે, "આગના જોડા પહેરાવવામાં આવશે એનાથી દિમાગ ઉકળીને ખદબદી ઉઠશે !"** તો અન્ય ભારે અઝાબોની વાત જ શું કરવી ? તો એ અઝાબોથી બચવા માટે **રમઝાનમાં રબથી તૌબા કરીને બખ્શિશ ચાહીએ.** ★ રોઝા ધરીને તકલીફો પર **સબ્ર કરીએ કે સબ્રનો બદલો જન્નત છે.** ★ ગુનાહોની માફી માટે રોઝાદારોને યથાશક્તિ ઈફતાર કરાવીએ **જેથી ગુનાહોના સબબે જહન્નમમાં ન જવું પડે.** ઈફતારના સમયે રોઝાદારો માટે પાણી કે શરબતની વ્યવસ્થા કરીએ જેથી **કયામતના ભયાનક અઝાબના દિવસે હૌઝે કૌષર નસીબ થાય.** ★ આપણા નોકરો પર રમઝાનમાં બહુ બોજ ન નાખીએ, તેમને રમઝાનમાં રાહત આપીને રબની બખ્શિશ પામીએ અને **જહન્નમની આગથી આઝાદી મેળવીએ.**

હદીષમાં એ પણ છે કે **"કુર્આન તથા રોઝા" બંદા માટે શફાઅત કરશે અને તેમની શફાઅતથી જન્નત મળશે, જેથી રમઝાનમાં રોઝા તથા કુર્આનની તિલાવત લાઝમી તૌર પર કરીએ,** ગરીબો, બેવાઓ, યતીમોની મદદ કરીએ, લિલ્લાહ, ઝકાત, સદકાથી ગરીબોનો રંજો ગમ દૂર કરીએ. નમાઝ, તરાવીહ, તિલાવત તથા સખાવતને અપનાવીએ અને ગુનાહોથી પાકી હાંસલ કરીને આવનાર અન્ય મહીનાઓમાં પણ નમાઝી, ઈબાદતગુઝાર, પાક, સાફ સખી રહેવાનો પાકો સંકલ્પ કરીએ. આ કામો કરીને રમઝાનની ઈજ્જત કરીએ.

## ★ રમઝાનમાં આપણે શું કરીએ છીએ ?! ★

રમઝાનનો મુબારક મહીનો આવે છે તો આપણે જાણે કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની તરફથી મળી રહેલાં ઈનામોને અવગણીને તેની રહમત તથા બરકત તથા મગફિરતની પ્રાપ્તિને બદલે રબની નાફર્માની કરીને શૈતાનની તથા નફસની ફર્માંબરદારીના કામોમાં લાગી જઈએ છીએ ! ઈલ્લા માશા અલ્લાહ ! રમઝાનની બરકત વેરતી રાતોમાં ઈબાદત, તિલાવત, ઝિક્રો અઝકાર, ગુનાહોથી ઈસ્તિગફાર કરવાને બદલે તેમજ પોતાની દૌલતથી ગરીબોને તથા દીની ઈદારાઓને સહાયભૂત થવાને બદલે ફુઝૂલખર્ચી તથા હરામ કામોમાં નાણા રોકવામાં, ખર્ચવામાં આવે છે. આપણે જોઈ રહ્યા છીએ કે **આજકાલ "રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટ"ના આયોજને ખૂબ જ જોર પકડેલું છે.** હજારો રૂપિયા ખર્ચીને મુસલમાનોનાં ગામે ગામ મેદાનોને સમારવામાં સજાવવામાં આવે છે અને લાઈટિંગની વ્યવસ્થા કરી દિવસ જેવું અજવાળુ ત્યાં ઉભુ કરવામાં આવે છે અને મેચો રાતભર રમાડવામાં આવે છે જેને હજારો યુવાનો, વડીલો, બાળકો રાતભર જોવા માટે હાજર રહે છે ! જેની પાછળ દરેક હિસ્સો લેનારા હજારો રૂપિયા તેમાં વાપરી નાખે છે અને રમઝાન જેવા મુબારક મહીનામાં કહેવાતા મુસલમાનો અને કહેવાતા આશિકે રસૂલ, આશિકે અહલે બયત, આશિકે સહાબા, આશિકે અવલિયા, આશિકે ઈસ્લામ ભાઈઓ આ મુબારક મહીનાની ફઝીલતોને અવગણીને દુનિયા તથા આખેરતની બર્બાદીની રાહ અપનાવે છે, એના કારણે અનેક લોકો કુર્આનની તિલાવત સાંભળીને તરાવીહ પઢવાને બદલે મસ્જિદથી વિરુદ્ધ વાટ પકડીને રમતના મેદાનમાં પહોંચી જાય છે. સેહરી સુધી શૈતાની ખેલ રમવા કે જોવામાં તથા ફુઝૂલ વાતોમાં રાતની નેકીઓ, રહમતો, બરકતો, બખ્શિશ પામવાનો સુનેહરો સમય વેડફી નાખવામાં આવે છે ઘણા તો રોઝો પણ નથી રાખતા અને રાખે તો પણ ફજર પડતાં પડતાં સૂઈ જાય છે તો બપોર પછી બીજા દહાડે આંખ ઉઘાડે છે, નમાઝો પર નમાઝો છૂટી જાય છે, ઈબાદત, તિલાવત, ઝિક્ર તરફ

તેમને કોઈ રૂચી જ જાણે રહેતી નથી અને અલ્લાહ રસૂલની સર્વ બશારતોથી મહેરૂમ રહી જાય છે.

વળી મુબારક રાતોમાં કોઈ જગાએ એ જ રીતે "વોલી બોલની ટુર્નામેન્ટો" ગોઠવાય છે, તો વળી ક્યાંક રમઝાનની રાતોમાં જાગવા માટે તૈયારી રૂપે "કેરમ બોર્ડ" રમવાવાળાની ભીડ હોય છે તો ક્યાંક કેવળ ગપસપની મહેફિલો રાતભર ચાલે છે, તો વર્તમાન યુવાનોની બર્બાદીનું ઓજાર "સ્માર્ટ મોબાઈલ" પર ફુઝૂલ તથા ગુનાહિત **ડ્રામા કે હરામ દશ્યોમાં ડૂબીને આજની પેઢી રમઝાનની રહમતો, બરકતો, મગફિરતથી વંચિત રહી ગુમરાહ થઈ રહી છે.** અફસોસ ! મુસલમાનો ! **રબ તઆલા તમારી બખ્શિશ કરવા ચાહે છે, તમારી રોજીઓ વધારવા ચાહે છે, તમને જહન્નમથી બચાવી જન્નતમાં મોકલવા ચાહે છે પણ તમો જાતે જ તેનાથી મહેરૂમ થવાનાં કામો કરી રહ્યા છો !!** તો પછી તેનો અંજામ ભોગવવા પણ તૈયાર રહેજો ! સાંભળો ! હદીષે મુબારકામાં આવે છે કે અલ્લાહ તઆલા ﷻ રમઝાન મુબારકની દરેક રાતમાં ત્રણવાર ફર્માવે છે કે, **છે કોઈ માંગનાર જેને હું આપું ! છે કોઈ તૌબા કરનાર જેની તૌબા ક઼બૂલ કરું ! છે કોઈ બખ્શિશનો તલબગાર જેની હું બખ્શિશ કરી આપું !** આ એલાન થતું હોય ત્યારે આપણે ખેલકૂદ કે ગપસપમાં લાગેલા હોઈએ છીએ ! અલ્લાહ મને, તમને, સૌને નેક હિદાયત આપે. (આમીન)

## ★ રમઝાન શરીફના આગમન પર સહાબા શું કરતા હતા ? ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! રમઝાન શરીફના પૂરા મહીનાના રોઝા મદીના શરીફમાં હિ.સ. ૨માં ફર્ઝ થયા, પહેલાં ફર્ઝ ન હતા. અલ્લાહના રસૂલ ﷺએ રમઝાનના રોઝાની ફઝીલત સહાબાએ કિરામને જણાવી તો નેકીઓની લાલચુ આ પાક હસ્તીઓ ખુશ થઈ ગઈ અને પૂરા મહીનાના રોઝા રાખવા લાગ્યા, રાતો ઈબાદતમાં ગુજારવા લાગ્યા, અને રમઝાન આવતાં એકબીજાને મુબારકબાદ આપતા અને રમઝાનની પૂર્ણતા પર રંજ અનુભવતા કે નેકીઓની વર્ષા કરતો મહીનો વિદાય થઈ રહ્યો છે. હદીષો આપણે પણ સાંભળીએ છીએ અને સહાબા પણ સાંભળતા હતા. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે રમઝાનમાં ઈમાન તથા સવાબની નિય્યતથી ક઼યામ કરે (તરાવીહ પઢે) તેના પાછલા સર્વ ગુનાહો માફ કરી દેવામાં આવશે. *(બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી...વગેરે)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જાહેરી જમાનામાં તથા હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ખિલાફતના દૌરમાં અને હઝરત ઉમર رضی اللہ عنہના પ્રારંભિક સમયમાં એવું જ થતું (એટલે સહાબા પોત પોતાની રીતે તરાવીહ પઢતા રહ્યા)...... અબ્દુર્રહમાને કહ્યું, હું રમઝાનમાં એક રાતે ઉમર બિન ખત્તાબની સાથે મસ્જિદ તરફ ગયો તો જોયું કે લોકો છૂટા છવાયા અલગ અલગ નમાઝ પઢી રહ્યા છે કોઈ અલગ પઢી રહ્યો છે તો કેટલાક જમાઅત સાથે પઢી રહ્યા છે. એના પર ઉમરે કહ્યું કે હું મુનાસિબ સમજુ છું કે જો આ લોકોને એક ક઼ારી પર જમા કરી દઉં તો બેહતર થશે. પછી પાકો ઈરાદો કરી લીધો અને તેમને ઉબય ઈબ્ને કઅબ પર જમા કરી આપ્યા. ત્યાર બાદ હું તેમની સાથે બીજી રાત્રે નીકળ્યો તો જોયું કે લોકો પોતાના ક઼ારી પાછળ નમાઝ પઢી રહ્યા છે. હઝરત ઉમરે ફર્માવ્યું, આ "સારી બિદઅત" છે. *(હવાલો ઉપર મુજબ)*

ત્રણ દિવસો સુધી હુઝૂરે અક઼દસ ﷺએ તરાવીહ બાજમાઅત પઢી ત્યાર બાદ એકલા પઢી અને સહાબાએ કિરામ એકલા એકલા પણ પઢતા હતા અને જમાઅત સાથે પણ પઢતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہએ બાજમાઅતનો રિવાજ પાડી દીધો જે આજ સુધી ચાલે છે. સારાંશ કે સર્વ સહાબા બાજમાઅત તરાવીહ પઢતા હતા જેથી આપણે પણ તરાવીહ છોડવી ન જોઈએ. *(નુઝહતુલ ક઼ારી, ભાગ : ૫)*

સહાબાએ કિરામ તરાવીહ સિવાય તહજ્જુદના પણ ઘણા પાબંદ હતા, કુર્આને પાકની તિલાવત તથા ઝિક્રુલ્લાહના આદી હતા. આપણા જેમ ખેલકૂદ, ખેલ તમાશા કે ટાઈમ પાસની ગેમો કે અન્ય ગપસપની મહેફિલોની તેમના માટે આપણે કલ્પના પણ નથી કરી શકતા. રમઝાનમાં રોઝા ન રાખી જાહેરમાં નાશ્તા પાણી, ગુટખા વગેરે બિન્દાસ ખાતા ન હતા ! હુઝૂરે અન્વર ﷺનું ફર્માન છે કે, "મારા સહાબા તારાઓની જેમ છે, જેનું પણ અનુસરણ કરશો ભલાઈ (નજાત) પામશો." જેથી આપણે સહાબાનો જ માર્ગ અપનાવવો જોઈએ.

દોસ્તો ! તે સમયની તંગદસ્તી તથા ગરીબીની દાસ્તાનો હદીષોની કિતાબોમાં વાંચો, એવા કપરા સમયમાં પણ સહાબા રોઝા, નમાઝ, તરાવીહ, ઝિક્રો ફિક્રના પાબંદ હતા. સહાબા તથા બુઝુર્ગોનો ઈતિહાસ તો દર્શાવે છે કે તેઓ દિવસે જેહાદ કરતા હતા અને રાત ઈબાદતોમાં ગુજારતા હતા. તેમની જિંદગીનો મક્સદ અલ્લાહ વ રસૂલની રઝામંદી હતો. ત્યારે જ તો અલ્લાહે તેમની ફઝીલતમાં જણાવ્યું رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ (અલ્લાહ તેમનાથી રાજી, તેઓ અલ્લાહથી રાજી, આ છે મહાન કામયાબી. સૂરએ માઈદા, ૫/૧૧૯) ત્યારે જ તો તેઓ મુઠ્ઠીભર હોવા છતાં દુનિયાની સુપર પાવર સલ્તનતો તેમના કદમોમાં આવીને પડી અને આજે આપણે તેમનો તરીકો છોડી દીધો તો કરોડોમાં હોવા છતાં કોડીના બની ગયા, જમીનો આપણા માટે સમેટાઈ રહી છે અને દુશ્મન તાકતો ગીધોની જેમ મુસલમાનો પર તૂટીને પડી રહી છે. જેથી આપણી ભલાઈ એમાં જ છે કે સર્વ ગલત રાહોથી, ઈસ્લામની શરીઅતની વિરુદ્ધ વાતોથી કામોથી તૌબા કરી લઈએ અને સાચા પાકા મો'મિન બનીને જીવીએ. અને કોને ખબર આવતા વરસે રમઝાન આપણને નસીબ થશે કે નહીં, તો આ જ વરસે રમઝાનની રહમતો, બરકતો, નેઅમતો, મગફેરતોને પામવા સર્વ ખેલો, બેકારની મહેફિલો, ફુઝૂલ કામો છોડીને રોઝા તથા ઈબાદતોમાં વ્યસ્ત થઈ જઈએ. ઈલ્મે દીન હાંસલ કરવા ઈલ્મે દીનની મહેફિલો કે કિતાબો તથા કન્ઝુલ ઈમાન વાંચીએ. બહેનોએ પણ કેવળ રમઝાન માટે ખાવાની ચીજો જ તૈયાર કરવામાં ન રહેતાં નમાઝો, તિલાવત, તરાવીહ, તસ્બીહો તહલીલમાં અધિક સમય ખર્ચ કરવો જોઈએ.

## ★ રમઝાનમાં હરામ ખાવા ખાયને ઈબાદતોને વેડફશો નહીં ! ★

અંતે એ પણ જાણી લો કે આજકાલ ઘણા લોકોને ઘરના ખાવા કરતાં બહારનું ચટાકેદાર ખાવાની જાણે આદત પડી ગઈ છે, જ્યારે કે બહારનું હોટલો વગેરેનું ખાવા અવનવા મસાલાઓવાળુ તથા ઉપર ઉપરની સ્વચ્છવાળુ પણ અંદર ન જાણે કેવી રીતે એ બનતુ હશે જેથી એ તબીયત માટે નુકસાનકર્તા જ હોય છે. (કેટલીય વાર આરોગ્ય ખાતાના દરોડામાં આ વાતો બહાર આવી છે.) તેમાંય નોનવેજમાં મટન તો હોટલો કે અન્ય સ્થળોએ બને ત્યાં સુધી બહાર ખાવું ન જોઈએ. મુસલમાન માટે હલાલ ખાવાનો હુકમ છે. હરામ ખાવાથી ઈબાદતો પણ કબૂલ થતી નથી, પછી ભલે તમે ગમે તેવી ઈબાદતો કરો, દિવસભર ભૂખે રહો, જાગીને તિલાવત કે નફ્લો પઢો, સૌ બેકાર જશે. **મટન માટે તો એવું છે કે એને ઈસ્લામી તરીક઼ાથી "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહી ઝબહ કરનાર "સુન્ની" મુસલમાન હોવો જોઈએ, સુન્ની થકી કીચનમાં પહોંચે, સુન્ની તેને પકાવે, સુન્ની તેને ખાનારને પીરસે.** પણ આજકાલ કહેવાતા સુન્નીની હોટલો હોય તો પણ આ સાવધાની ભાગ્યે જ જળવાતી હોય છે, જેથી મટન ખાવું તો ખતરાથી ભરેલું જ છે. વળી ગૈરોની હોટલો *મેકડોનાલ્ડ, KFC, બર્ગર કિંગ* વગેરેની મટનની આઈટમ ખાવાથી તો **ઉઘાડુ જ હરામ** છે કે ત્યાં ઝબહ કરનાર તથા પકાવનાર વગેરે ગૈર જ હોય છે. જેથી તમો અલ્લાહ વ રસૂલને માનનારા ચાહનારા છો તો શરીઅતનું નોલેજ મેળવો અને હરામ ખોરાકને પેટમાં નાખવાથી રમઝાન જ નહીં હમેશાં માટે બચો. મટન કે મટનની કોઈ આઈટમ ખાત્રી વિના ન ખરીદો. "શાદી પ્રસંગોએ પણ" આનો ખાસ લેહાઝ રાખો.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

وَ مِنَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّا نَصٰرٰٓى اَخَذْنَا مِيْثَاقَهُمْ فَنَسُوْا
حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۪ فَاَغْرَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ
اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ؕ وَ سَوْفَ يُنَبِّئُهُمُ اللّٰهُ بِمَا كَانُوْا
يَصْنَعُوْنَ ﴿۱۴﴾ يٰٓاَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ
كَثِيْرًا مِّمَّا كُنْتُمْ تُخْفُوْنَ مِنَ الْكِتٰبِ وَ يَعْفُوْا عَنْ كَثِيْرٍ ۬ؕ
قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ ﴿۱۵﴾ يَّهْدِيْ بِهِ اللّٰهُ
مَنِ اتَّبَعَ رِضْوَانَهٗ سُبُلَ السَّلٰمِ وَ يُخْرِجُهُمْ مِّنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ بِاِذْنِهٖ وَ يَهْدِيْهِمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۶﴾ لَقَدْ
كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ ؕ قُلْ
فَمَنْ يَّمْلِكُ مِنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ اَنْ يُّهْلِكَ الْمَسِيْحَ ابْنَ
مَرْيَمَ وَ اُمَّهٗ وَ مَنْ فِي الْاَرْضِ جَمِيْعًا ؕ وَ لِلّٰهِ مُلْكُ
السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ مَا بَيْنَهُمَا ؕ يَخْلُقُ مَا يَشَآءُ ؕ وَ اللّٰهُ
عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۱۷﴾ وَ قَالَتِ الْيَهُوْدُ وَ النَّصٰرٰى نَحْنُ
اَبْنٰٓؤُا اللّٰهِ وَ اَحِبَّآؤُهٗ ؕ قُلْ فَلِمَ يُعَذِّبُكُمْ بِذُنُوْبِكُمْ ؕ بَلْ
اَنْتُمْ بَشَرٌ مِّمَّنْ خَلَقَ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَ يُعَذِّبُ مَنْ
يَّشَآءُ ؕ وَ لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ مَا بَيْنَهُمَا ۫ وَ اِلَيْهِ
الْمَصِيْرُ ﴿۱۸﴾ يٰٓاَهْلَ الْكِتٰبِ قَدْ جَآءَكُمْ رَسُوْلُنَا يُبَيِّنُ لَكُمْ

અને તેઓ જેમણે દાવો કર્યો કે અમે ખ્રિસ્તીઓ છીએ, અમે તેમની પાસેથી વાયદો[૧૧૩] લીધો, તો તેઓ ભૂલી બેઠા મોટો ભાગ તે નસીહતોનો જે તેમને આપવામાં આવી.[૧૧૪] તો અમે તેમની અંદર કયામતના દિવસ સુધી વેર અને કીનો નાખી દીધો[૧૧૫] અને નજીકમાં જ અલ્લાહ તેમને દેખાડી દેશે જે કંઈ કરતા હતા[૧૧૬] (૧૪) હે કિતાબવાળાઓ ![૧૧૭] બેશક ! તમારી પાસે અમારા આ રસૂલ[૧૧૮] પધાર્યા, કે તમારા પર જાહેર કરે છે ઘણી વાતો જે તમે કિતાબમાં સંતાડી નાખી હતી[૧૧૯] અને ઘણી માફ કરે છે.[૧૨૦] બેશક ! તમારી પાસે અલ્લાહ તરફથી એક નૂર આવ્યું[૧૨૧] અને પ્રકાશિત કિતાબ[૧૨૨] અલ્લાહ એનાથી માર્ગદર્શન આપે છે તેને જે અલ્લાહની મરજી પર ચાલ્યો સલામતીના માર્ગે, અને તેમને અંધારાઓમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. પોતાના હુકમથી, અને તેમને સીધો માર્ગ દેખાડે છે (૧૬) બેશક ! કાફિર બન્યા તેઓ જેમણે કહ્યું કે, અલ્લાહ મરયમનો પુત્ર મસીહ જ છે.[૧૨૩] તમે ફર્માવી દો, પછી અલ્લાહનું કોઈ શું કરી શકે છે. જો તે ઈચ્છે કે નાશ કરી દે મરયમના

پુત્ર મસીહ અને તેના મા અને તમામ ધરતીવાળાઓને ?[૧૨૪] અને અલ્લાહ માટે જ છે રાજ્ય આસ્માનો અને જમીન અને (જે કંઈ) એમની વચમાં (છે તે)નું, જે ઈચ્છે તે સર્જે છે, અને અલ્લાહ બધું જ કરી શકે છે (૧૭) અને યહૂદીઓ તેમજ ખ્રિસ્તીઓ બોલ્યા, કે અમે અલ્લાહના પુત્રો અને પ્રિય છીએ,[૧૨૫] તમે કહી દો, પછી તમને શા માટે અઝાબ કરે છે તમારા ગુનાહ પર.[૧૨૬] બલ્કે તમે આદમી છો તેના મખ્લૂકાતમાંથી જેને ઈચ્છે તેને માફ કરે છે, અને જેને ઈચ્છે તેને સજા કરે છે. અને અલ્લાહ માટે જ છે રાજ્ય આકાશો અને ધરતી અને એમની વચમાં (જે કાંઈ છે તે)નું. અને તેના જ તરફ જવાનું છે (૧૮) હે ઈમાનવાળાઓ ! બેશક ! તમારી પાસે અમારા આ રસૂલ[૧૨૭] પધાર્યા, કે તમારા પર અમારા હુકમો જાહેર કરે છે, એ પછી કે રસૂલોનું આવવું મુદ્દતો બંધ રહ્યું હતું,[૧૨૮] કે ક્યારેક કહો કે અમારી પાસે કોઈ ખુશી કે ડર સંભળાવનાર ન આવ્યા. તો આ ખુશી અને ડર સંભળાવનાર તમારી પાસે પધાર્યા છે. અને અલ્લાહને બધી કુદરત છે. (૧૯) અને જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે હે મારી કૌમ ! પોતાના પર અલ્લાહનો ઉપકાર યાદ કરો કે તમારામાંથી પૈગમ્બર બનાવ્યા,[૧૨૯] અને તમને બાદશાહ બનાવ્યા,[૧૩૦] (૨૦) હે કૌમ ! તે પવિત્ર ધરતીમાં પ્રવેશો જે અલ્લાહે તમારી માટે લખી છે, અને પીછેહઠ ન કરો[૧૩૨] (જેથી) નુકસાનમાં પરત થાવ (૨૧) બોલ્યા, હે મૂસા ! તેમાં તો મોટા જબરદસ્ત લોક છે, અને તેઓ ત્યાંથી જ્યાં સુધી નીકળી ન જાય અમે તેમાં કદાપિ પ્રવેશીશું નહીં. હા ! જો તેઓ ત્યાંથી નીકળી જાય તો અમે ત્યાં જઈએ.(૨૨)

عَلٰی فَتْرَةٍ مِّنَ الرُّسُلِ اَنْ تَقُوْلُوْا مَا جَآءَنَا مِنْۢ بَشِیْرٍ وَّ لَا
نَذِیْرٍ ۫ فَقَدْ جَآءَكُمْ بَشِیْرٌ وَّ نَذِیْرٌ ؕ وَ اللّٰهُ عَلٰی كُلِّ شَیْءٍ
قَدِیْرٌ ﴿۱۹﴾ وَ اِذْ قَالَ مُوْسٰی لِقَوْمِهٖ یٰقَوْمِ اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ
عَلَیْكُمْ اِذْ جَعَلَ فِیْكُمْ اَنْۢبِیَآءَ وَ جَعَلَكُمْ مُّلُوْكًا ۖۗ وَّ
اٰتٰىكُمْ مَّا لَمْ یُؤْتِ اَحَدًا مِّنَ الْعٰلَمِیْنَ ﴿۲۰﴾ یٰقَوْمِ ادْخُلُوا
الْاَرْضَ الْمُقَدَّسَةَ الَّتِیْ كَتَبَ اللّٰهُ لَكُمْ وَ لَا تَرْتَدُّوْا عَلٰۤی
اَدْبَارِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِیْنَ ﴿۲۱﴾ قَالُوْا یٰمُوْسٰۤی اِنَّ فِیْهَا
قَوْمًا جَبَّارِیْنَ ۖۗ وَ اِنَّا لَنْ نَّدْخُلَهَا حَتّٰی یَخْرُجُوْا مِنْهَا ۚ
فَاِنْ یَّخْرُجُوْا مِنْهَا فَاِنَّا دٰخِلُوْنَ ﴿۲۲﴾

**:: સમજૂતી ::**

**૧૧૩** : અલ્લાહ તઆલા અને તેના રસૂલો પર ઈમાન લાવવાનો.

**૧૧૪** : ઈન્જીલમાં, અને તેમણે વાયદો તોડી નાખ્યો.

**૧૧૫** : કતાદાએ કહ્યું કે, જ્યારે ખ્રિસ્તીઓએ અલ્લાહની કિતાબ (ઈન્જીલ) પર ચાલવાનું છોડી દીધું, અને રસૂલોના આદેશોનું ઉલ્લંઘન કર્યું, ફર્ઝો અદા ન કર્યા, ધાર્મિક સીમારેખાઓની પરવાહ ન કરી, ત્યારે અલ્લાહે તેમની વચમાં અદાવત નાખી દીધી.

**૧૧૬** : અર્થાત કયામતના દિવસે તેઓ પોતાની કરણીનો બદલો પામશે.

**૧૧૭** : ખ્રિસ્તીઓ અને યહૂદીઓ !

**૧૧૮** : સૈયદે આલમ મુહમ્મદ મુસ્તફા ﷺ.

**૧૧૯** : જેમ કે આયતે રજ્મ, અને સૈયદે આલમ ﷺના ગુણો, અને હુઝૂરનું એ કહી આપવું મો'જિઝો છે.

**૧૨૦** : અને તેનું નામ પણ લેતા નથી, ન તેની પકડ કરે છે. કારણ કે આપ એવી વસ્તુનું જ બયાન ફર્માવે છે જેમાં રહસ્ય હોય.

**૧૨૧** : સૈયદે આલમ ﷺને નૂર કહેવામાં

આવ્યા, કારણ કે આપનાથી કુફ્રનો અંધકાર દૂર થયો અને માર્ગ ખુલ્લો થયો.

**૧૨૨** : અર્થાત કુર્આન શરીફ

**૧૨૩** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું કે, નજરાનના ખ્રિસ્તીઓ એવું બોલ્યા હતા. અને ખ્રિસ્તીઓના યઅકુબિયહ અને મલકાનિયહ ફાંટાઓનો એ મઝહબ છે કે **તેઓ હઝરત મસીહને અલ્લાહ કહે છે. કારણ કે તેઓ શરીર પ્રવેશમાં માનનાર છે, અને તેમની અસત્ય માન્યતા એવી છે કે મુઆઝલ્લાહ અલ્લાહ તઆલા ઈસાના શરીરમાં પ્રવેશી ગયો છે. અલ્લાહ તઆલાએ તેમને આ આયતમાં કુફ્રનો હુકમ આપ્યો,** અને ત્યાર બાદ તેમના મઝહબનું ફીસીયાપણું બયાન કર્યું.

**૧૨૪** : એનો જવાબ એ જ છે કે કોઈ કશું કરી શકતું નથી, તો પછી હઝરત મસીહને ખુદા કહેવું કેટલું સ્પષ્ટ અસત્ય છે.

**૧૨૫. શાને નુઝૂલ** : સૈયદે આલમ صلی اللہ علیہ وسلم પાસે અહલે કિતાબ આવ્યા, અને દીન વિશે વાતચીત શરૂ કરી. હુઝૂરે તેમને ઈસ્લામનું આમંત્રણ આપ્યું, અને અલ્લાહની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવાથી, તેના અઝાબથી ડરાવ્યા, ત્યારે તેમણે કહ્યું કે, "હે મુહમ્મદ ! તમે અમને શું ડરાવો છો ? અમે તો અલ્લાહના પુત્ર અને પ્રિય છીએ," ત્યારે આ આયત ઉતરી, અને તેમના દાવાની અસત્યતા જાહેર કરવામાં આવી.

**૧૨૬** : એટલે કે એ વાત તો તેમને પણ સ્વીકાર્ય છે કે ગણત્રીના દિવસો તમે જહન્નમમાં રહેશો, તો વિચારો કે કોઈ બાપ પોતાના પુત્રને કે કોઈ વ્યક્તિ પોતાના પ્રિયજનને આગમાં બાળે છે ? જ્યારે એવું બનતું નથી તો પછી તમારા દાવાનું ખોટું હોવું તમારા પોતાના સ્વીકારથી જાહેર છે.

**૧૨૭** : મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم.

**૧૨૮** : હઝરત ઈસા علیہ السلام પછી સૈયદે આલમ صلی اللہ علیہ وسلمના સમય સુધી ૫૬૯ વરસોનો ગાળો નબીથી ખાલી રહ્યો. એના વર્ણન પછી હુઝૂરની પધરામણીના ઉપકારનું બયાન થાય છે, કે ઘણી જ જરૂરતના સમયે તમારી પાસે અલ્લાહની મહાન નેઅમત મોકલવામાં આવી, એમાં દલીલને સંપૂર્ણ કરવામાં આવી છે, અને તેમના બહાનાને કાપી નાખવામાં આવ્યાં છે, કે હવે કહેવાનું ન રહે કે અમારી પાસે કોઈ ચેતવણી આપનાર આવ્યા નથી.

**૧૨૯** : આ આયતથી સાબિત થયું કે પૈગમ્બરોની પધરામણી નેઅમત છે. અને હઝરત મૂસાએ પોતાની કોમને એ યાદ કરવાનો આદેશ આપ્યો. કારણ કે એ બરકતો અને ફળપ્રાપ્તિના કારણરૂપ છે. આનાથી મીલાદની મજલિસો બરકતો અને ફળપ્રાપ્તિનો સબબ બને છે અને એ ઈચ્છનીય અને સારી વસ્તુ છે, એવો આધાર મળે છે.

**૧૩૦** : અર્થાત સ્વતંત્ર અને દબદબા તેમજ નોકર ચાકરવાળા, અને ફિરઔનીઓના હાથમાં કેદી રહી ચૂક્યા બાદ તેમની ગુલામીમાંથી મુક્તિ મેળવીને એશ આરામનું જીવન મેળવવું એ મહાન નેઅમત છે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે, સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બની ઈસ્રાઈલમાં જે કોઈ નોકર અને સ્ત્રી તેમજ સવારીનું સાધન ધરાવતો તે બાદશાહ કહેવાતો હતો.

**૧૩૧** : જેમ કે દરિયામાં માર્ગ કરી આપવો, શત્રુને ડૂબાડી દેવો, મન્ન અને સલવા ઉતારવું, પથ્થરમાંથી પાણીનાં ઝરણાં વહેવડાવવાં, વાદળીનો છાંયડો આપવો વગેરે.

**૧૩૨** : હઝરત મૂસા علیہ السلامએ પોતાની કોમને અલ્લાહની નેઅમતોની યાદ અપાવ્યા પછી શત્રુઓ સાથે ધર્મયુદ્ધ કરવા માટે નીકળવાનો આદેશ આપ્યો, અને કહ્યું, હે કોમ ! પવિત્ર ધરતીમાં પ્રવેશ કરો, તે જમીનને પવિત્ર એટલા માટે કહેવામાં આવી કે તે પૈગમ્બરોને રહેવાની જગ્યા હતી.

**મસ્અલો** : આથી જણાયું કે પૈગમ્બરોના રહેવાના કારણે જમીનનો મરતબો ઉંચો થાય છે, અને બીજાઓ માટે તે બરકતનું કારણ બને છે. કલબીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ લબનાન પર્વત પર ચઢતા ત્યારે આપને કહેવામાં આવ્યું કે, જ્યાં સુધી તમારી દ્રષ્ટિ પહોંચે તે બધી જગ્યા પવિત્ર છે, અને તમારી આવતી પેઢીનો વારસો છે. આ તુરવાળી જમીન પણ તેની બાજુ બાજુની હતી. અને એક મંતવ્ય એવું છે કે આખો સીરિયા દેશ. *(ક્રમશઃ)*

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બેહતરીન નમાઝ લાંબો ક઼યામ છે[૧]." (મુસ્લિમ)*

**૧.** 'કુનૂત'ના કેટલાક અર્થો છે : ઈતાઅત, ખામોશી, દુઆ, નમાઝનો ક઼યામ. અહીં અંતિમ અર્થ (ક઼યામ) મુરાદ છે. એટલે કે બેહતરીન (શ્રેષ્ઠ) નમાઝ તે છે જેમાં ક઼યામ લાંબો હોય. યાદ રાખશો કે અમુક ઉલમા લાંબા ક઼યામને બેહતર કહે છે કેમ કે એમાં તકલીફ વધારે છે. એમાં કુર્આનની તિલાવત થાય છે. નબી صلی اللہ علیہ وسلم તહજ્જુદમાં એટલો લાંબો ક઼યામ કરતા હતા કે પગ મુબારક પર સોજો થઈ જતો. અમુકની નજીક અધિક સજદા અફઝલ છે, કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત રબીઅહને ફર્માવ્યું કે **જો જન્નતમાં મારી સાથે રહેવા ચાહો છો તો અધિક સજદા કરો.** તેમજ ફર્માવ્યું કે **ઈન્સાન સજદામાં રબથી અધિક નઝદીક હોય છે.** તેમજ રબ ફર્માવે છે : وَاسْجُدْ وَاقْتَرِبْ અમુકની નજીક તહજ્જુદમાં લાંબો ક઼યામ અફઝલ અને દિવસમાં અધિક સજદા અફઝલ છે. રબ ફર્માવે છે : قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا અમુક એતબારથી લાંબો ક઼યામ અફઝલ અને બીજા એતબારથી અધિક સજદા અફઝલ. આપણા ઈમામ સાહબ પ્રથમ ક઼ૌલને અગ્રતા આપે છે. તેમની દલીલ આ હદીષ છે.

*"હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہ થી રિવાયત છે. આપે હુઝૂર صلی اللہ علیہ وسلم ના દસ સહાબીઓની જમાઅતમાં ફર્માવ્યું કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની નમાઝને તમારા કરતાં અધિક જાણુ છું[૧] તેઓ બોલ્યા, રજૂ કરો. ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم નમાઝ માટે ઉભા થતા તો પોતાના હાથ ઉઠાવતા ત્યાં સુધી કે તેને ખભાઓના સમાંતર કરી દેતા[૨]. પછી તકબીર કહેતા પછી ક઼િરાઅત કરતા પછી તકબીર કહેતા અને પોતાના બંનેવ હાથ ઉઠાવતા ત્યાં સુધી કે તેને ખભાઓના બરાબર કરી દેતા. પછી રુકૂઅ કરતા અને પોતાની હથેળીઓ ગુઠણો પર રાખી દેતા પછી કમર સીધી કરતા તો ન માથુ ઉઠાવતા ન ઝુકાવતા. પછી પોતાનું માથુ ઉઠાવતા તો કહેતા سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ[૩] પછી પોતાના હાથ ઉઠાવતા ત્યાં સુધી કે તેને ખભાઓના બરાબર કરી દેતા. સીધા થઈને પછી કહેતા અલ્લાહુ અકબર પછી સજદો કરતા જમીનની તરફ ઝુકતા[૪] તો પોતાના હાથ પાસાંઓથી દૂર રાખતા અને પગોની આંગળીઓને વાળી દેતા[૫]. પછી માથુ ઉઠાવતા અને પોતાનો ઉલ્ટો પગ બિછાવતા પછી એના પર બેસી જતા, પછી સીધા થતા ત્યાં સુધી કે દરેક હાડકુ સીધા હોવાની હાલતમાં પોતાના સ્થાને પરત આવી જતુ. પછી સજદો કરતા તો અલ્લાહુ અકબર કહેતા અને ઉઠતા અને પોતાનો ડાબો પગ વાળતા અને એના પર બેસી જતા. પછી સીધા થતા ત્યાં સુધી કે હાડકુ એના સ્થાને પહોંચી જતુ[૬]. પછી ઉભા થતા તો બીજી રકાતમાં એવું જ કરતા. પછી જ્યારે બે રકાતોથી*

*ઉઠતા તો  તકબીર કહેતા અને હાથ ઉઠાવતા, ત્યાં સુધી કે તેને ખભાઓ બરાબર કરી દેતા જેવી રીતે કે નમાઝ શરૂ કરતી વખતે તકબીર કહી હતી. પછી પોતાની બાકી નમાઝમાં એ જ પ્રમાણે કરતા, ત્યાં સુધી કે જ્યારે બે સજદા થતા જેમાં સલામ છે તો પોતાનો ડાબો પગ બહાર કાઢી નાખતા અને ડાબા થાપા પર બેસતા પછી સલામ ફેરવી દેતા. તો બોલ્યા, તમે સાચુ કહ્યું, એ જ પ્રમાણે નમાઝ પઢતા હતા. (અબૂ દાઊદ, દારમી)[૭]. અને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ એના અર્થની રિવાયત કરી. તિર્મિઝી કહે છે કે આ હસન સહીહ છે[૮]. અને અબૂ દાઊદની અબૂ હુમૈદવાળી હદીષની બીજી રિવાયતમાં છે[૯] કે પછી રુકૂઅ કરતા તો પોતાના હાથ પોતાના ગુઠણો પર રાખતા, જાણે આપે એને પકડી રાખેલા છે. અને પોતાના હાથોને કમાનની દોરીની જેમ વાંકા કરતા અને તેને પાસાંઓથી દૂર રાખતા[૧૦]. ફર્માવ્યું કે સજદો કરતા તો પોતાનું નાક તથા પેશાની જમીન પર રાખતા અને પોતાના હાથ પાંસાંઓથી દૂર રાખતા અને પોતાની હથેળીઓ ખભાઓ બરાબર રાખતા[૧૧]. પોતાની જાંગોની દરમિયાન પહોળાઈ રાખતા કે પોતાનુ પેટ જાંગોના કોઈ હિસ્સાને ન લગાડતા ત્યાં સુધી કે ફારિગ થઈ જતા. પછી બેસતા તો પોતાનો ડાબો પગ બિછાવતા અને પોતાના ડાબા પગનો સીનો ક઼િબ્લા તરફ કરી દેતા[૧૨]. અને પોતાનો જમણો હાથ જમણા ગુઠણ અને ડાબો હાથ ડાબા ગુઠણ પર રાખતા અને કલમાની આંગળી વડે ઈશારો કરતા[૧૩]. અને અબૂ દાઊદની બીજી રિવાયતમાં છે કે જ્યારે બે રકાતો પર બેસતા તો ડાબા પગના પેટ પર બેસતા અને જમણાને ઉભો કરી દેતા. અને જ્યારે ચોથીમાં હોતા તો પોતાના થાપાને જમીન પર લગાડતા અને પોતાના બંનેવ પગો એક બાજુ કાઢી નાખતા[૧૪]."*

**૧.** લગભગ આપે આ ચર્ચા સહાબીઓને કરી હશે. જે કદી એકાદવાર બારગાહે અક઼દસમાં હાજર થાય, ન કે સિદ્દીકે઼ અકબર, ફારૂકે઼ આ'ઝમ વગેરે એ હઝરાતથી જેમને દરેક પળે એ શહેનશાહે દોજહાંની ખિદમતમાં હાજરીનો મોક઼ો નસીબ હતો. હઝરત અબૂ હુમૈદ એમના કરતાં વધુ કેવી રીતે જાણી શકે છે. બલ્કે અબૂ દાઊદની એક રિવાયતમાં તો એ પણ છે કે એ હઝરાતે પણ અબૂ હુમૈદના આ ક઼ૌલ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

**૨.** એ રીતે કે પહોંચાં ખભાઓની સામે રહેતાં અને અંગૂઠા કાનોના સમાંતરે, જેમ કે પહેલાં વર્ણન કરવામાં આવેલ છે. અને તદ્દન એવી જ સ્થિતિ આગલી રિવાયતમાં આવી રહી છે.

**૩.** એટલે કે رَبَّنَا لَكَ الْحَمْدُ આવું કહેતાં આપ ઈમામ બનતા હતા. અહીં ઈમામની હાલત જ વર્ણન થઈ રહી છે, જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી, કેમ કે ત્યાં એકલા નમાઝનું વર્ણન હતું.

**૪.** આ રીતના ઝુકવાની હાલતમાં અલ્લાહુ અકબર એવી રીતે કહેતા કે **અલ્લાહનો અલિફ ક઼યામની હાલતમાં અદા થતો અને "અકબર"ની "રે" સજદામાં પહોંચીને અદા થતી.** એ રીતે નહીં કે પ્રથમ અલ્લાહુ અકબર કહી પછી સજદામાં જાય, જેવું કે ثُمَّથી ધોકો પડે છે, કેમ કે એ ષુમ્મ ઝિક્રની તરતીબ (ક્રમવાર)ના માટે છે ન કે "તરતીબે વાક઼ઈ" માટે. રબ ફર્માવે છે : ثُمَّ قَسَتْ قُلُوْبُكُمْ (૨/૭૪) "પછી એના બાદ તમારાં દિલો સખ્ત થઈ ગયાં." (કન્ઝુલ ઈમાન) અને ફર્માવે છે : ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ (૬/૨) "પછી તમે લોકો શક કરો છો." (કન્ઝુલ ઈમાન)

**૫.** એ રીતે કે દસેવ આંગળીઓની ટોચ ક઼િબ્લાની તરફ થઈ જતી અને પંજાઓનાં પેટ જમીન પર લાગી જતાં. એવું જ હોવું જોઈએ. فَتَخَ يَفْتَخُ فَتْخٌથી છે વાળવાના તથા વાંકા કરવાના અર્થમાં. એટલા માટે બંગડીને فَتْخٌ કહે છે.

**૬.** જાણવા મળ્યું કે રુકૂઅ બાદ પૂરા ઉભા થઈ જવું અને બે સજદાઓની વચ્ચે પૂરા બેસવું જરૂરી છે. અમુક લોકો એમાં સુસ્તી કરે છે.

**૭. આ હદીષ રફએ યદૈન કરનારાઓની અત્યંત કક્ષાની દલીલ છે જે એમના છોકરા છોકરાને યાદ હોય છે.** એના વિશે અમુક વાતો રજૂ કરાવી છે. **એક** એ છે કે આ હદીષ અસ્નાદના લેહાઝથી **ઝઈફ, મુદલસ** બલ્કે **લગભગ મૌઝૂઅ** છે. એટલા માટે કે **એમાં એક રાવી અબ્દુલ હુમૈદ ઈબ્ને જઅફર પણ છે જે સખ્ત મજરૂહ તથા ઝઈફ** છે. (તહતાવી) **બીજુ** એ કે એનો એક રાવી મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને અતા છે **જેની મુલાકાત અબૂ હુમૈદ સાઅદીથી નથી થઈ છતાં તે ક્યાંય કહે છે કે મેં અબૂ હુમૈદથી સાંભળ્યું** અને ક્યાંક કહે છે કે અબૂ હુમૈદથી રિવાયત છે, **જેથી એ જૂઠો છે.** દરમિયાનમાં કોઈ રાવી છોડી આપ્યો છે. એ મજહૂલ છે. **ત્રીજુ** એ કે એ જ અબૂ હુમૈદની રિવાયત હમણા બુખારીની વર્ણન થઈ ચૂકી પણ ત્યાં રફએ યદૈનનું તદન વર્ણન નથી. જાણવા મળે છે કે **રફએ યદૈનવાળુ લખાણ ઈલ્હાક઼ી (ઘાલી દેવામાં આવેલુ) છે,** નહીં તો ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એને જરૂર લેતા. **ચોથુ** એ કે હઝરત અબૂ હુમૈદે પણ એવું નથી ફર્માવ્યું કે હુઝૂર ﷺના આ અમલ છેવટ સુધી રહ્યો. બલ્કે **એ મન્સૂખ ફેઅલનો ઉલ્લેખ કર્યો જેને હુઝૂર ﷺ પહેલાં કરતા હતા બાદમાં છોડી આપ્યો. પાંચમુ** એ કે આ હદીષ ક઼યાસની પણ વિરુદ્ધ છે, કેમ કે રુકૂઅની તકબીર સજદાની તકબીરને મળતી જુલતી છે ન કે તકબીરે તહરીમા જેમ. કેમ કે તકબીરે તહરીમા ફર્ઝ છે અને આ સુન્નત છે. તે નમાઝમાં એકવાર પઢાય છે અને આ વારંવાર. તો જોઈએ કે જેવી રીતે સજદાની તકબીરમાં રફએ યદૈન નથી થતુ એવી જ રીતે આમાં પણ ન થાય. **છઠ્ઠુ** એ કે **ફક઼ીહો તથા સાલેહ લોકો જેમ કે હઝરત ઈબ્ને મસઊદ, હઝરત અલ્ક઼મા, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર, બરાઅ ઈબ્ને આઝિબ વગેરેના વિરુદ્ધ રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ કેવળ તકબીર તહરીમા પર હાથ ઉઠાવ્યા, પછી નથી ઉઠાવ્યા. તે હઝરાત નમાઝમાં બિલકુલ હુઝૂર ﷺની પાછળ રહેતા હતા, એટલા માટે એમની રિવાયત આ રિવાયતથી અધિક મજબૂત છે.** એની ઘણી તેહક઼ીક઼ અમારી કિતાબ **'જાઅલ્ હક્ક઼'** ભાગ–૨માં જુઓ.

**૮.** એટલે કે તિર્મિઝીએ આ હદીષને હસન સહીહ નથી કહી જે અહીં વર્ણન થઈ. એમાં તો એ હદીષ છે જ નથી, બલ્કે એના સમાનઅર્થી કોઈ અન્ય હદીષ છે જેને હસન સહીહ કહેવામાં આવે છે. **આ હદીષ તો બેહદ ઝઈફ અને અમલને પાત્ર નથી.** જેમ કે ફક઼ીરે તિર્મિઝી, રફએ યદૈનનું પ્રકરણ જોયું ત્યાં ઈબ્ને ઉમરની રિવાયત નક઼લ કરી. અબૂ હુમૈદની હદીષને ફીલ્બાબ કહીને વર્ણન કરી અને પછી છેવટમાં ફર્માવ્યું, અબૂ હુમૈદ સહીહ હોત તો તેનો ઉલ્લેખ કરત. બાકી રિવાયતોની જેમ "ફીલ્બાબ" કહીને ઈશારો ફર્માવતા, જેવો કે એમનો ક઼ાયદો છે. જાણવા મળ્યું કે **તેમની નજીક પણ આ હદીષ તદ્દન ઝઈફ છે.**

**૯.** અબૂ દાઊદમાં આ અબૂ હુમૈદની હદીષ ઘણી રિવાયતોથી મરવી છે, પણ સર્વમાં અબૂ હુમૈદ ઈબ્ને જઅફર અથવા મુહમ્મદ ઈબ્ને અમ્ર અતા છે. **આ બંનેવ ઝઈફ છે.** ઈમામ મારવીએ જૌહરે નક઼ીઅમાં ફર્માવ્યું કે અબ્દુલ હુમૈદ મુન્કરે હદીષ છે જેથી **આ સર્વ અસ્નદો મજહૂલ મુઝતરિબ, મુદલસ, મૌઝૂઅની નજીક છે.** (જુઓ : હાશિયા અબૂ દાઊદ એ જ સ્થળે અને અમારી કિતાબ જાઅલ હક્ક઼, ભાગ–૨)

**૧૦.** એટલે કે રુકૂઅની હાલતમાં દેખાવ કમાનની જેમ હોય કે હાથ સીધા થોડાક વળેલા અને પીઠ વાંકી. હાથનો વળાંક એટલા માટે રહેતો હતો કે પાંસાંઓથી દૂર રહે.

**૧૧.** આ હદીષ મુસ્લિમની રિવાયતની વિરુદ્ધ છે જે અત્યારે વર્ણન થઈ ચૂકી, જેમાં હતું કે આપ સજદો બે હથેળીઓની વચ્ચે કરતા. કેમ કે એ હદીષ જ ઝઈફ તથા અમલને પાત્ર નથી. એટલા માટે મુસ્લિમની તે હદીષ અમલને પાત્ર થશે.

**૧૨.** એટલે કે બીજી અત્તહિય્યાતમાં ન તો ડાબા પગ પર બેસતા ન તો જમણો પગ ઉભો રાખે છે. બલ્કે બંનેવ પગો એ રીતે બિછાવે છે કે જમણા પગનો સીનો ક઼િબ્લાની તરફ જઈ જતો. જેથી **આ હદીષ શાફઈઓની પણ વિરુદ્ધ છે,** કેમ કે તેઓ જમણો પગ ઉભો કરે છે.

**૧૩.** એ રીતે કે અત્તહિય્યાતમાં જમણા હાથની કલમાની આંગળી "લાઈલાહ" પર ઉઠાવતા અને "ઈલ્લલ્લાહ" પર નીચે પાડતા, જેવો કે આજકાલ આમ અમલ છે.

**૧૪.** એટલે કે બંનેવ પગો જમણી બાજુ બિછાવી દેતા અને જમીન પર બેસતા. અમે હમણા વર્ણવી ચૂક્યા છીએ કે આ હદીષ અમારા માફક છે ન કે શાફઈઓની. કેમ કે તે હઝરાત પોતાનો જમણો પગ ઉભો કરે છે. જેવું કે મુસ્લિમની રિવાયતમાં વર્ણન થઈ ચૂક્યું.

*"હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત છે કે તેમણે નબી ﷺ ને જોયા કે જ્યારે આપ નમાઝ માટે ઉભા થયા તો પોતાના બંનેવ હાથ ઉઠાવ્યા ત્યાં સુધી કે હાથ તો ખભાઓના બરાબર થઈ ગયા અને પોતાના અંગૂઠાઓને કાનોના બરાબર કરી દીધા પછી તકબીર કહી. અબૂ દાઊદ અને તેની બીજી રિવાયતમાં છે કે પોતાના અંગૂઠા કાનોની પટ્ટીઓ સુધી ઉઠાવતા[૧]."*

**૧.** અલ્હમ્દુલિલ્લાહ ! આ તે જ ચીજ છે જે ફક઼ીરે હમણા અર્ઝ કરી હતી અને આ હદીષ એ સર્વ હદીષોની શરહ છે જેમનામાં ખભાઓ અથવા કાનો સુધી હાથ ઉઠાવવાનો ઉલ્લેખ છે. આ હદીષે એ બંનેવને જમા કરી દીધું. હનફીઓનો એના પર અમલ છે.

*"હઝરત ક઼બીસા ઈબ્ને હુલુબથી રિવાયત છે[૧] તે પોતાના વાલિદથી રિવાયત કરતાં ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમારી ઈમામત કરતા હતા તો પોતાનો ડાબો હાથ જમણા વડે પકડતા હતા[૨]." (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** હુલુબનું નામ યઝીદ અથવા સલામા ઈબ્ને અદી છે. એ સહાબી છે. આપના માથા પર વાળ ન હતા. **હુઝૂર ﷺ એ પોતાનો દસ્તે મુબારક તેમના માથા પર ફેરવ્યો તો તુરત જ વાળ ઉગી નીકળ્યા.** એટલા માટે આપનો લક઼બ હુલુબ થયો એટલે વાળવાળો.

**૨.** એ રીતે કે જમણા હાથની ટચલી આંગળી અને અંગૂઠાથી ડાબા હાથનું પહોંચુ પકડતા, અને જમણા હાથની ત્રણ આંગળીઓ તેના પહોંચા પર રાખતા. (ડૂંટીની નીચે) જેવું કે આજકાલ આમ મુસલમાનો કરે છે. *(ક્રમશઃ)*

## જંબુસરમાં મદ્રસા ઈમામ અહમદ રઝા "હેરા ઈસ્લામિયાત"ની સંગે બુન્યાદ

**જંબુસર** : ખાતે મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)ની નિગરાનીમાં મસ્જિદે આયશા (મેહફૂઝ કોમ્પલેક્ષ) પાસે "મદ્રસા ઈમામ અહમદ રઝા હેરા ઈસ્લામિયાત" માટે નવી લીધેલ જમીન પર તા. ૧૦–૩–૨૦૨૨ના રોજ બપોરના ૧ઃ૩૦ વાગ્યે મુહક્કિ઼કે મસાઈલે જદીદા મુફ્તી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર) સાહબ તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી થકી "સંગે બુન્યાદ"નો પ્રોગ્રામ થયો. સખીદાતાઓને ગુઝારિશ છે કે આ મદ્રસાના કામમાં સહાય કરી સવાબના હક્ક઼દાર બનશો. સંપર્ક મોબાઈલ નં. : 9998916352, 9816478692

# હદાઇકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**સિતમ કિયા કૈસી મત કટી થી ક઼મર વો ખાક ઉનકે રહગુઝરકી**
**ઉઠા ન લાયા કે મલતે મલતે યહ દાગ સબ દેખના મિટે થે**

*(સિતમ = જુલ્મ. મત કટી = બુધ્ધિ જતી રહી. રહગુઝર = માર્ગ)*

**અર્થાત :** હે ચાંદ ! તારી મતિને શું થઈ ગયું ?! કેટલો સોનેરી અવસર તેં જતો કર્યો ? તને કોઈએ બતાવ્યું પણ નહીં કે શબે અસ્રાના દુલ્હા જે રસ્તે થઈને પસાર થયા છે એ રસ્તાની માટી ઉઠાવી લેત અને એ માટીને તારા ચહેરા પર ઘસતો રહેત પછી જોવત કે તારા દાગ મટે છે કે નહીં.

બીજો ભાવાર્થ એ પણ થઈ શકે છે કે જુઓ યાર ! મારી (રઝાની) બુધ્ધિને શું થઈ ગયું ?! ભલા ચાંદ જે આક઼ાના રસ્તાની ધૂળનું એક રજકણ છે એ રસ્તાની થોડી માટી ઉઠાવી લેત જેથી મારા આમાલનામામાં જે ગુનાહોના કાળા ધબ્બા પડેલા છે તે તો નષ્ટ થઈ જાત. આ ભાવાર્થ મુજબ આ શેઅર પર મૌલાના મુહમ્મદ હસન અષર બદાયૂની સાહબની તઝમીન આ પ્રમાણે છે :

*ચમકતી ક઼િસ્મત નસીબ હોતી ન રહતી તક઼દીર કી સિયાહી*
*મગર યહ ગરદિશ કે દિન થે બાક઼ી કે ચાલ સુઝી ન બાત સુઝી*
*અગર ન કરતા તલબ મેં સુસ્તી અજીબ અકસીર હાથ આતી*
*સિતમ કિયા કૈસી મત કટી થી ક઼મર વો ખાક ઉનકે રહગુઝરકી*
*ઉઠા ન લાયા કે મલતે મલતે યહ દાગ સબ દેખના મિટે થે*

**બુર્રાક઼ કે નક઼શે સુમકે સદક઼ે વો ગુલ ખિલાએ કે સારે રસ્તે**
**મહકતે ગુલબન મહકતે ગુલશન હરે ભરે લહ લહા રહે થે**

*(નક઼શે સુમ = ખરીનાં નિશાન. ગુલ ખિલાના = કોઈ બહુ મોટુ આશ્ચર્યજનક કામ કરવું. ગુલબન = લાલ ગુલાબ)*

**અર્થાત :** સરકાર ﷺની સવારી (બુર્રાક઼)ની ખરીઓનાં નિશાનો પર કુર્બાન જાઉં ! તેણે એવાં એવાં ફૂલો ખિલવ્યાં કે આખા રસ્તામાં લાલ ગુલાબનાં ફૂલ મહેકી રહ્યાં હતાં, બાગો હર્યા ભર્યા હતા અને ચો તરફ હરિયાળી જ હરિયાળીનું સામ્રાજ્ય હતું, કે આવી બહાર (વસંત) ન પહેલાં કદી જોવામાં આવી (સિવાય વિલાદતની રાત) અને બાદનો તો સવાલ જ ઉભો નથી થતો !

**મેઅરાજના બનાવ પર એક નજર આશિક઼ાના અંદાઝમાં :** મોટામાં મોટો સૈર કરનારો પણ જો સૈર તથા સફર કરશે તો પોતાનું સફરનામુ ખુદ પોતે જ લખશે. ઈબ્ને બતૂતાએ પૂરી દુનિયાની સૈર સફર કરી. શયખ સઅદી رحمۃاللہ علیہએ પણ અડધી દુનિયાની સફર કરી પરંતુ પોતાના હાલાત પોતે જ વર્ણવ્યા. જો વર્ણન ન કરત તો કોઈને શું ખબર પડત કે શું પામ્યુ શું ગુમાવ્યું. પણ સૈયાહે લામકાં, ઈમામુલ અંબિયા ﷺ મેઅરાજની સફરે તશરીફ લઈ જાય છે તો સફરનામુ ખુદા લખે છે અને આટલા હસીન અંદાઝથી ! سبحن الذی اسری بعبدہ-والنجم اذا ھوی કારણ એ છે કે અન્ય સૈર કરનારા કેવળ જમીનની સૈયાહી કરે છે પણ સૈયાહે લામકાંનો કોણ મુક઼ાબલો કરે કે : *ઉઠે બયતુલ હરમસે ઔર ખુદા કે નૂર તક પહુંચે !*

એટલા માટે સૈરની નિસ્બત પોતાના તરફ ફર્માવી, કેમ કે કોઈ માણસ પોતે આટલી મહાન સૈરનો દાવો કરે એ થઈ નથી શકતું, આ કામ અલ્લાહ જ કરાવી શકે છે. અને ફર્માવ્યું કે જો મારો મહેબૂબ કહેત કે મેં સૈર કરી, તો તમે માનત અથવા ન માનત. જ્યારે તેમણે દાવો જ ન કર્યો બલ્કે હું ફર્માવી રહ્યો છું : سبحن الذی اسری بعبدہ તો જવાવાળાને ન જુઓ બલ્કે લઈ જવાવાળાને જુઓ કે તે علی کل شئ قدیر દરેક ચીજ માટે શક્તિમાન છે, તે શું નથી કરી શકતો ?!

કુર્આને પાકનો એક જ પારો શબ્દ સુબ્હાનથી શરૂ થાય છે. જો હુઝૂરની મેઅરાજ ન થાત તો ન એ પારો હોત ન કોઈ તમારુ હોત ન કોઈ અમારુ હોત. કુર્આન પણ હુઝૂરની મેઅરાજના સદક઼ામાં મળ્યું, રમઝાન પણ શબે અસ્રાના વસીલાથી મળી, બલ્કે ખુદ રબ્બે રહમાન પણ હુઝૂર ﷺના વસીલાથી મળ્યો, નહીં તો આપણે શું જાણતા કે ખુદા કોણ છે.

કોઈ પંજાબી શાઈરે ખુદા તઆલાનું જિબ્રઈલે અમીન علیہ السلامને હુઝૂર ﷺની બારગાહમાં મોકલવું આ પ્રમાણે વર્ણવ્યું છે : (ભાવાર્થ) જિબ્રઈલે અર્ઝ કરી, બારી તઆલા ! ક્યાં જાઉં ? ફર્માવ્યું, મક્કા શહેરમાં ઉતરી જા, ત્યાં એક મહોલ્લો છે જેમાં મારા નબીનો મહેલ છે. એ મહેલમાં મારો મહબૂબ مدثر ابجمالہ પોતાના હુસ્નને છુપાવીને સૂતેલો છે. પરંતુ હુસ્ન ક્યાં છુપાય શકે છે ! જિબ્રઈલે અમીન જન્નતમાં ગયા અને અહલે જન્નતની સામે એલાન કર્યું, સ્વાગતની તૈયારીઓ શરૂ કરી દો ! આપણા જલસાઓનું એલાન આપણા જેવા લોકો કરે છે પણ મેઅરાજુન્નબી ﷺનું એલાન સૈયદુલ મલાઈકા કરી રહ્યા છે.

*કૌનેન કે દુલ્હા આતે હૈં જિબ્રઈલ મુનાદી કરતા હૈ—આફાક઼મેં શોહરા હોતા હૈ અફલાક઼ પે ડંકા બજતા હૈ*

જન્નતનાં બુર્રાક઼ ખુશ થઈ રહ્યાં છે. દરેક એ ઉમ્મીદ પર છે કે હું હુઝૂરની સવારી બનીશ. રૌઝુલ ઈઝહાર પેજ નં. ૨૦૭ પર છે કે એક બુર્રાક઼ ઘણુ પરેશાન હાલતમાં માથુ નમાવેલ હતું. જિબ્રઈલે પરેશાનીનો સબબ પૂછયો તો તેણે અરજ કરી કે જે મક઼સદ ખુશીઓ મનાવવાવાળાઓનો છે એ જ મારો છે, કેવળ કાર્ય પધ્ધતિ અલગ છે. કોઈ હસીને યારને મનાવી રહ્યું છે કોઈ રડીને. અને મેં સાંભળ્યું છે કે રડવાવાળાનું કામ થઈને રહે છે, કેમ કે આજીજી અલ્લાહને પસંદ છે. જેની પાસે જે નેઅમત ન હોય તેને પૂછો તે નેઅમતનું તેની પાસે શું મહત્વ છે. બેઔલાદને પૂછો કે ઔલાદ કેટલી મોટી નેઅમત છે. અલ્લાહ તઆલા બેનિયાઝ છે પણ તેની બારગાહમાં આજીજી એટલા માટે પસંદ છે કે આજીજી એના માટે અયબ છે અને બંદાઓના માટે કમાલ છે, જેથી અલ્લાહની પાસે આજીજી નથી. એ જ કારણે અલ્લાહ તઆલા પોતાના અવલિયાએ કિરામને ફર્માવે છે.

انا عند المنکسرۃ قلوبھم "હું આજિઝ દિલોની પાસે મળુ છું." હુઝૂર ﷺએ આજીજી કરી તો અર્શે મુઅલ્લા પર જલ્વાગર થઈ ગયા. હિજરતના મૌક઼ા પર હઝરત અબૂ ઐયૂબ અન્સારીએ આજીજી કરી તો ખુદ હુઝૂર તેમના ઘરે તશરીફ લઈ ગયા. من تواضع للہ فقد رفع اللہ "જે અલ્લાહને માટે ઝુકી જાય, અલ્લાહ તેને સર બલંદ કરી આપે છે." આજીજી વડે બંદો અલ્લાહની તક઼દીરને જીતી લે છે, જેવું કે હદીષમાં છે કે દુઆ ક઼ઝાને બદલી નાખે છે.

જિબ્રઈલ علیہ السلامએ અન્ય બુર્રાક઼ોને પૂછયું કે તમે તો જાણો છો કે તમારામાંથી એક જ હુઝૂરની સવારી બનશે પછી સૌ ખુશીઓ શા માટે મનાવી રહ્યાં છો ? તમેણે કહ્યું, એ વાત અમને પણ ખબર છે, પણ સૌ એટલા માટે ખુશ થઈ રહ્યાં છીએ કે આવનાર રસૂલ તો અમારા સૌનો રસૂલ છે ને !

અલ્લાહની નેઅમતની ચર્ચા કરવી અને તહદીષે નેઅમતના ખાતર ખુશીઓ મનાવવી પણ જો કે ખુદાનો હુકમ છે, પરંતું વાત એ જ છે કે, નમે તે સૌને ગમે. જિબ્રઈલ علیہ السلامએ રડવાવાળા બુર્રાક઼ને હુઝૂર ﷺની સવારી બનવાની ખુશખબરી સંભળાવી દીધી.

જિબ્રઈલ علیہ السلام બુર્રાક઼ લઈને લાખો ફરિશ્તાઓના ઝુંડની સાથે જમીન પર ઉતર્યા તો અજબ મન્ઝર જોયો કે આખી રાત જાગનારો મહબૂબ આજે વહેલી રાતે સૂઈ ગયો છે. કદાચ એટલા માટે કે મેહબૂબ બેનિયાઝ રહેતા હોય છે. અથવા એટલા માટે કે જોઉં કે જિબ્રઈલ મને કઈ રીતે જગાડે છે ! એટલા માટે દરવાજા પણ બંધ કરી લીધા. જિબ્રઈલે અવાજ ન આપ્યો, દરવાજો ન ખટખટાવ્યો. અલ્લાહના હુકમથી બાકોરુ પાડયું. હવે છસો પાંખોનો માલિક જિબ્રઈલ, જેમની એક પાંખ એટલી કે ફેલાવી દે તો પૂર્વ તથા પશ્ચિમને પોતાની લપેટમાં લઈ લે, પરંતું બાકોરામાંથી કેવી રીતે પસાર થશે ! હુકમ થયો કે પોતાની હસ્તીને ફના કરીને મારા મહબૂબના ક઼દમ ચૂમી લે, કેમ કે મહબૂબો પાસે જવું હોય તો તકલીફો પણ સહેવી પડે છે. યા અલ્લાહ ! મહબૂબ તારો હોય તો તારા હુકમથી સોયના નાકાથી પણ પસાર થઈ જઈશ. પણ જઈશ કેવી રીતે ? ફર્માવ્યું, قبل قدمیہ મારા હબીબના બંનેવ પગો ચૂમી લે. અને એકવાર નહીં, ક઼બ્લ બાબે તફઈલ છે જેમાં તકરાર (રીપીટેશન) છે, એટલે કે વારંવાર ચૂમ. હજારવાર ચૂમે તો પણ કમ છે, એટલા માટે કે : *યહ ચૂમનેકી ચીઝ હૈ ઈસે બાર બાર ચૂમ !*

યા અલ્લાહ ! મારા હોઠ કાફૂરના છે. ફર્માવ્યું, મારા નબીના ક઼દમ નૂરના છે, તારા કાફૂરી હોઠ આ જ નૂરી ક઼દમોને ચૂમવાના માટે છે જેથી એક લાખ ચોવીસ હજાર નબીઓનો સહાબી, આસ્માની કિતાબોનો હાફિઝ, બયતુલ મા'મૂરનો ખતીબે આ'ઝમ ઝુકીને હુઝૂરના બંને ક઼દમોને બોસા આપી રહ્યો છે અને સાથે કહી રહ્યો છે :

*ન જન્નત ન જન્નતકી ગલિયોંમેં દેખા–મઝા જો મુહમ્મદ ﷺકે તલ્વોંમેં દેખા*

આપણે અંગૂઠા ચૂમી લઈએ તો ફત્વો લગાડી આપે છે, અહીં સૈયદુલ મલાઈકા ક઼દમ ચૂમી રહ્યા છે. તે મોટા થઈને હુઝૂરના ક઼દમોમાં આવીને નાના બની રહ્યા છે અને આ નાના નાના લોકો મોટા બનવાની ફિકરમાં છે ! (બલ્કે કહે છે કે અમુક વખતે અમલોમાં ઉમ્મતી નબીથી વધી પણ જાય છે. નઊઝુબિલ્લાહ !) સાબિત થયું કે જે નબીના ક઼દમોમાં ઝુકી જાય એને જિબ્રઈલ કહે છે અને જે નબીના મુક઼ાબલામાં અકડાઈ ઉઠે તેને ઈબ્લીસ કહે છે.

તો જિબ્રઈલે જ્યારે વારંવાર કદમ ચૂમ્યા તો સરકારે પૂછયું હશે કે શું કરી રહ્યા છો ? તો જિબ્રઈલે એના સિવાય શો જવાબ આપ્યો હશે કે :

*તેરી મેઅરાજ કે તૂ લોહો કલમ તક પહુંચા–મેરી મેઅરાજ કે મૈં તેરે કદમ તક પહુંચા*

જિબ્રઈલને તો કહેવામાં આવ્યું હતું : مدثرا بجماله "તે પોતાના હુસ્નને છુપાવીને બેઠો હશે." પરંતુ જ્યારે જોયું તો કાંઈ ઓર જ નજર આવ્યું જે સઅદીએ વર્ણન કર્યું :–

بلغ العُلی بکماله۔ کشف الدجی بجماله

حسنت جمیع خصاله۔صلوا علیه واٰله

*બલગલ ઉલા બિ કમાલિહી–કશફદુજા બિ જમાલિહી*

*હસુનત જમીઅુ ખિસાલિહી–સલ્લુ અલૈહિ વઆલિહી*

મતલબ એ કે કોઈ કહે છે જિબ્રઈલ લઈ ગયા, કોઈ કહે છે કે બુર્રાક લઈ ગયુ, સઅદી ફર્માવે છે કે બલગલ ઉલા બિ કમાલિહી–કોને લઈ જવાનું છે ? આ સર્વ તો રસ્તામાં જ રહી ગયાં ! હુઝૂર તો પોતાના કમાલથી જ (મેઅરાજની) બુલંદી સુધી પહોંચી ગયા. ત્યારે જિબ્રઈલ અર્ઝ કરે છે :

*તૂને ઝર્રોં કો દેખા તો ઝર કર દિયા–તૂને કતરોંકો દેખા ગોહર કર દિયા*

*તૂને હબ્શીકો રશ્કે કમર કર દિયા–ઉલ્ટા સૂરજ ફિરાના તેરા કામ હૈ*

હે જિબ્રઈલ ! કોના હુકમથી આવ્યા છો અને શો હુકમ લાવ્યા છો ? તો અર્ઝ કરી, ખુદાના હુકમથી અને પયગામ આ છે કે : ان اللّٰه قد اشتاق الی لقائک یا رسول اللّٰه અલ્લાહ આપનાથી મુલાકાતનો ઈશ્તિયાક ધરાવે છે.

અહીં એ વાત પણ યાદ રાખશો કે લોકો કહે છે કે વૈજ્ઞાનિકો ચાંદ સુધી પહોંચ્યા, અને એને ઘણો જ મહાન કમાલ સમજે છે. ભલે માટીથી ચાલ્યા અને તેમના કહ્યાનુસાર ચાંદથી માટી જ લઈને આવ્યા ! તો એમાં શું ખાક કમાલ છે ?! જ્યારે કે જિબ્રઈલે અમીન ચાંદથી કેટલાયે ઉપર છઠ્ઠા આસ્માન પર રહે છે (ચાંદ તો પહેલા આસ્માનથી પણ નીચે છે) તે ત્યાંથી નીકળીને હુઝૂર ﷺના કદમોમાં આવીને બતાવી રહ્યા છે કે ચાંદ પર જવું કમાલ નથી બલ્કે ચાંદ જેવા કદમોમાં સર ઝુકાવવું કમાલ છે, અને ચાંદ પર જવું કમાલ નથી પણ આંગળીના ઈશારાથી ચાંદને કદમોમાં લાવવો કમાલ છે. જો ચાંદ પર જવું કમાલ હોત તો હું ચાંદ પર જ રહેત, મારે અહીં આવવાની શું જરૂરત હતી. પણ હું મદીનાની ગલીઓમાં એટલા માટે વારંવાર આવું છું કે અહીં મદીનાનો ચાંદ રહે છે. અને હું જન્નતમાં રહીને તમને મારો અનુભવ બતાવી રહ્યો છું કે મારી વાત માની લો, અને તે આ છે :

*ન જન્નત ન જન્નતકી કલિયોંમેં દેખા–મઝા જો મદીનેકી ગલિયોમેં દેખા*

(મારી આ તકરીરને મોહક્કિકાના અંદાઝમાં જોવાને બદલે આ'લા હઝરત رحمة الله عليهની આ નઅતની નિસ્બતથી આશિકાના અંદાઝથી વાંચશો તો ઈન્શાઅલ્લાહ ! કોઈ સવાલ દિમાગમાં ઉભરશે નહીં. જે લોકો આ'લા હઝરતની નઅતોનો આશિકાના અંદાઝ સમજે છે તેઓ આ હકીકતથી સારી પેઠે માહિતગાર હશે.) *(ક્રમશઃ)*

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## ખૌફે ખુદા ઈમાનની શર્ત છે

હે દુરવેશ ! રસૂલે અકરમ ﷺએ હદીષ શરીફમાં ઈર્શાદ ફર્માવ્યો છે, જેનામાં ખૌફે ખુદા (ખુદાનો ડર) નથી તે મુસલમાન નથી. કેમ કે મુસલમાન તે છે જેના દિલમાં ખુદાનો ખૌફ છવાયેલો હોય. ફર્માવ્યું, એકવાર ખ્વાજા મન્સૂર અમ્માદ એક મહોલ્લામાંથી પસાર થઈ રહ્યા હતા. એક ઘરમાંથી રડવાનો અવાજ આવી રહ્યો હતો. કોઈ શખ્સ કહી રહ્યો હતો, હે અલ્લાહ ! મેં ઘણા જ ગુનાહ કર્યા, ન જાણે કાલે ક઼યામતના દિવસે મારો શો હાલ થશે. મન્સૂર અમ્માદે જ્યારે આ સાંભળ્યું તો દરવાજાની નજીક થઈ ગયા અને પોતાનું મોં દરવાજાના કાણા તરફ કરી રડતાં રડતાં સૂરએ તહરીમની છઠ્ઠી આયતે કરીમા પઢી :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْٓا اَنْفُسَكُمْ وَ اَهْلِيْكُمْ نَارًا وَّ قُوْدُهَا النَّاسُ وَ الْحِجَارَةُ عَلَيْهَا مَلٰٓئِكَةٌ غِلَاظٌ شِدَادٌ لَّا يَعْصُوْنَ اللّٰهَ مَآ اَمَرَهُمْ وَ يَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ ۝

"દોઝખનું બળતણ ઈન્સાન તથા પથ્થર હશે. તેના પર સખત દિલવાળા સખત પ્રકારના ફરિશ્તા નિગરાં હશે જેઓ અલ્લાહના હુકમની નાફર્માની નહીં કરે. જે તેમને હુકમ આપવામાં આવશે તેનું પાલન કરશે." *(સૂ. તહરીમ, ૬૬/૬)*

### ★ એક ખૌફે ખુદાવાળાનો હાલ !

ખ્વાજા મન્સૂર ફર્માવે છે : જેવી કે મેં આ આયત પઢી તો મેં દરવાજાના કાણા પર કાન લગાડી આપ્યા. થોડીવાર સુધી કોઈ અવાજ ન આવ્યો પછી એક ચીસનો અવાજ આવ્યો અને અંદર કોઈએ તડપવાનું શરૂ કરી આપ્યું. થોડીવાર બાદ ખામોશી છવાઈ ગઈ અને હું ત્યાંથી આગળ નીકળી ગયો. જ્યારે દિવસ થયો તો હું ઘરે પહોંચ્યો. શું જોઉં છું કે એક જનાઝો પડેલો છે. આગળ વધ્યો જેથી માલૂમ કરું કે આ ઘર કોનું છે ? એક વૃધ્ધ સ્ત્રી રડતી રડતી બહાર નીકળી. મેં લોકોને પૂછયું કે મરનાર આ ખાતૂનનું શું થાય ? તેમણે કહ્યું, તેણીનો પુત્ર હતો જે ઘણો જ પરહેઝગાર હતો. રાતે નમાઝ પઢતો હતો અને દિવસે રોઝા રાખતો હતો. સૈયદઝાદા હતો. વહેલી સવારમાં પોતાના રબને દુઆ કરી રહ્યો હતો અને રડી રહ્યો હતો. એક માણસ દરવાજા સામેથી પસાર થયો. તેણે કુર્આનની એક આયત આ દરવાજા સામે પઢી. કુર્આનનો અવાજ તેના કાને પડયો તો જમીન પર એવી રીતે પડયો કે જાન આપી દીધી. ખ્વાજા મન્સૂર અમ્માદે અફસોસ કર્યો અને કહ્યું કે એને મેં મારી નાખ્યો ! તેની નમાઝે જનાઝામાં શિર્કત કરી.

આ બનાવ વર્ણવીને હઝરત પર ગિર્યાની (રૂદનની) હાલત છવાઈ ગઈ અને બેખબરીના આલમમાં એક રાત દિવસ આમ જ પસાર થઈ ગયા.

પછી હાલત સંભલી. હઝરત અક્દસ હોશમાં આવ્યા તો ફર્માવ્યું, હે દુરવેશ ! ખ્વાજા અબ્દુલ્લાહ તસ્તરી رحمۃ اللہ علیہ અલ્લાહના તઆલાના ખૌફથી ૪૦ વરસ સુધી ગિર્યા કરતા રહ્યા.તે અરસામાં લોકોએ કદી તેમને ગિર્યાની હાલત સિવાય નથી જોયા. એકવાર લોકોએ આપને સવાલ કર્યો કે ખ્વાજા ! આપ કોઈ વખતે પણ ગિર્યા (ખુદાની બારગાહમાં આજીજી સાથે રૂદન)ની હાલતથી ખાલી નથી હોતા તો એનો શું સબબ છે ? ફર્માવ્યું અઝીઝો ! જ્યારે ક્યામતનો ભયાનક તથા પરેશાન કરનાર મન્ઝર નજરો સમક્ષ આવે છે કે તે દિવસે માબાપ, પુત્રો પુત્રીઓની તરફ આંખ ઉઠાવીને નહીં જુએ અને ઔલાદ માબાપની પરવા નહીં કરે, બાપ બેટાની અવગણના કરશે અને બેટો બાપને અવગણશે. ભાઈ ભાઈને નહીં ગણે અને મુસલમાન એકબીજાથી બેનિયાઝ બેપરવા હશે. જે શખ્સને આવા દિવસનો સામનો કરવાનો હોય અને તેને એ ઈલ્મ ન હોય કે તેનો અંજામ શું થશે, તેને નીંદ કે ચૈન આવી શકે છે ?! ઘણો જ પથ્થર દિલ છે તે ઈન્સાન જે એ દિવસના ડરથી કાંપતો નથી, એ વાતની ફિકર નથી કરતો કે એની સાથે શું વીતશે ?!

### ★ ક્યામતના દિવસે અવલિયા અલ્લાહ બેખૌફ તથા બે ગમ હશે ★

રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે ક્યામતના દિવસે સર્વ લોકો ડરતા રડતા ઉઠશે સિવાય અવલિયા અલ્લાહ. કેમ કે તેઓ દુનિયામાં ખુદાના ખૌફથી ગિર્યાઓ ઝારી કરતા રહ્યા છે. ઉક્બામાં હસતા મુસ્કુરાતા ક્બરોએથી તશરીફ લાવશે.

હઝરતની ઝબાને હક્ક્ નિશાનથી ફરી ઈર્શાદ થયો, ખ્વાજાએ કાઈનાત ﷺને હક્ક્ તઆલાએ પોતાના હબીબ કહ્યા. આ અઝમતવાળી શાનના હોવા છતાં જ્યારે ખૌફે હક્ક્નો જઝબો સવાર થતો તો એટલા પ્રમાણમાં ખોવાય જતા કે ન દિવસને દિવસ સમજતા અને ન રાતને રાત. રાતોમાં નમાઝોમાં એટલો ક્યામ કર્યો કે ક્દમ મુબારક ફાટી જતા અને લોહી વહેવા લાગતું. સહાબાએ કિરામે આના બારામાં સવાલ કર્યો તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે સહાબીઓ ! જો ક્યામતના દિવસે મને અને મારા ભાઈ હઝરત ઈસા રૂહુલ્લાહ علیہ السلامને દોઝખમાં નાખી દે તો એ અદ્લ થશે, જુલ્મ ન હશે. કેમ કે તમામ કાઈનાતનો માલિક તેજ માલિકુલ મુલ્ક છે. તો જે હસ્તી પોતાના માલિકીની ચીજોમાં તસર્રુફ કરે તેને જાલિમ નથી કહી શકાતો. જુલ્મ તો એ હોય છે કે કોઈ ગૈર માલિકીની ચીજોમાં આમ તેમ કરે.

ફર્માવ્યું, મારા ભાઈ શયખ નજીબુદ્દીન મુતવક્કિલ ઘણા જ શાગિલ તથા ઝાકિર બુઝુર્ગ છે. મેં મારી સૈર તથા સફરમાં આટલો આબિદ તથા શાગિલ ઈન્સાન નથી જોયો. તેમના પર જ્યારે ખૌફે ઈલાહીનો ગલ્બો છવાય છે તો તે ભૂલી જાય છે કે આજે કયો દિવસ, કયો મહીનો, કયુ વરસ છે. હૈરતનો એક અજીબ આલમ છવાય જાય છે.

### ★ ખૌફના દરજાઓ ★

હે દુરવેશ ! ખૌફે ખુદાના જઝબાના ત્રણ દરજા છે : ૧. ઓછુ ખાવું એટલે રોઝો રાખવો. ૨. ઓછુ બોલવું એટલે અધિકતર નમાઝ પઢવી. ૩. ઓછુ સૂવું, અધિક સમય ઝિક્રે ઈલાહીમાં પસાર કરવો. તો જે શખ્સને આ સિફતો મયસ્સર નથી તેને ખૌફવાળો નથી કહી શકાતો. એ જ પ્રમાણે ઈમાનના માટે પણ ત્રણ ચીજોની જરૂરત છે. એક : ખૌફ, બીજી : રજા (રહમતની ઉમ્મીદ), ત્રીજુ : મહ્બ્બત. દિલમાં ખૌફે ખુદાનું હોવું માણસને ગુનાહ ત્યજવા માટે મજબૂર કરી દે છે, જેથી દોઝખના અઝાબથી નજાત પામી જાય. ઈન્સાનના દિલમાં રજા (રહમતની ઉમ્મીદ)નું મૌજૂદ હોવું તેને ખુદાની ઈતાઅત (આજ્ઞાપાલન)ની રાહ બતાવે છે. જેથી તે જન્નતમાં સ્થાન પામે. ખુદાએ કરીમને ત્યાં ક્દરો તથા મર્તબા મેળવે અને ઉચ્ચ દરજાઓ પર બિરાજમાન થાય. અને મહોબ્બત માણસને મના કરેલ ચીજો તથા મકરૂહ બાબતોથી પરહેઝ કરાવે છે, જેથી તે મહબૂબની રઝા તથા ખુશ્નૂદીની અપાર દૌલતથી માલામાલ થાય. *(ક્રમશઃ)*

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

**હપ્તો ૪૧**

**★ હઝરત બાયઝીદબોસ્તામી رحمۃ اللہ علیہની દુઆ★**

આપ પોતાની મુનાજાત (દુઆ)માં એવું કહ્યું કરતા હતા કે હે અલ્લાહ ! મારા તથા તારા અંદર જુદાઈનો પર્દો દૂર કરી દે જેથી હું તારી જાતમાં ફના થઈ જઉં. હે અલ્લાહ ! જ્યાં સુધી હું ખુદીમાં સપડાયેલો રહ્યો ત્યાં સુધી હું સૌથી અદના રહ્યો પણ જ્યારે તારી નિકટતા નસીબ થઈ ત્યારે હું સૌથી આ'લા તથા ઉચ્ચ થઈ ગયો. હે અલ્લાહ ! ફક્રો ફાકા (તંગી તથા ભૂખે રહેલા)થી તારો કુર્બ હાંસલ થયો અને તારા અલ્તાફે કરીમાનાએ મારા ફક્રો ફાકાને નેસ્તો નાબૂદ કરી આપ્યો. હે અલ્લાહ ! હું ઈલ્મ તથા ઝોહદ નથી ચાહતો પણ તારાં રુમૂઝ (રાઝો) મારા પર જાહેર કરી આપ. હે અલ્લાહ ! તારા જ ફઝ્‌લએ મને તારી ઓળખ કરાવી અને એટલા માટે હું તારા પર નાઝ કરું છું. હે અલ્લાહ ! દિલના માટે બેહતરીન ચીજ તારો ઈલ્હામ, અને ગયબની રાહોમાં સૌથી અફઝલ તારું નૂર છે. અને સૌથી ઉમદા છે એ હાલત જેનો ભેદ ખોલવું મખ્લૂકના માટે મુશ્કેલ છે. અને બેહતરીન છે તે જીભ જે તારો વસ્ફ (ખૂબી) વર્ણન કરવાથી આજિઝ રહે, કેમ કે માણસ તારી ખૂબીઓ વર્ણન કરવા ચાહે તો પૂરી જિંદગીમાં તારી ખૂબીઓનો મામૂલી હિસ્સો પણ વર્ણન નથી કરી શકતો. હે અલ્લાહ ! આ વાત આશ્ચર્યજનક નથી કે હું તને મારો દોસ્ત સમજુ છું બલ્કે હૈરતઅંગેઝ વાત એ છે કે મને તું તારો દોસ્ત સમજે છે, કેમ કે તું મુખ્તારે કુલ અને કુવ્વતવાળો છે, અને હું એક કમજોર મોહતાજ બંદો છું. હે અલ્લાહ ! હું તારાથી ભયભીત રહેતો હતો પણ તેં તારા કરમથી મારો ખૌફ દૂર કરી આપ્યો જેના કારણે હું બધો સમય ખુશ ખુશાલ રહું છું. અને તેં મને તારી બારગાહમાં ફયઝયાબ કર્યો જેનો હું કોઈ રીતે શુક્ર અદા નથી કરી શકતો. હે અલ્લાહ ! હું મારી ઈબાદત તથા રિયાઝત પર નાઝ નથી કરતો બલ્કે એ વાત ગર્વ લેવા જેવી છે કે તેં તારા હુકમોના પાલનના માટે શક્તિ આપીને બુઝુર્ગીની ખિલ્અતથી સરફરાઝ કર્યો. હે અલ્લાહ ! મારી ગણના તું તે અગ્નિ પૂજકોમાં કરી લે જેઓ ૭૦ વરસ અગ્નિપૂજામાં વ્યસ્ત રહ્યા અને અંતિમ વયે ગુમરાહીના જંગલથી નીકળીને હિદાયતના મેદાનમાં પહોંચ્યા અને ઈસ્લામમાં દાખલ થઈને તેમનામાં તારું નામ લેવાનો શોખ પેદા થઈ ગયો. હે અલ્લાહ ! ન તને કોઈ સબબની હાજત છે અને ન કૂબૂલિયતના માટે કોઈ ઈબાદતની, અને ન તારે ત્યાંની એ રસમ છે કે ગુનાહની અતિ અધિકતાના કારણે ગુનેહગારોને કોઈ રીતે માફ જ ન કરે, બલ્કે તને સંપૂર્ણપણે અધિકાર છે કે જેને ચાહે માફ કરીને પોતાના કુર્બથી નવાઝી આપે. હે અલ્લાહ ! જો કે મેં મારી દષ્ટિએ ઘણાય નેક કામો અંજામ આપ્યાં પણ તે તારી બારગાહમાં કદાપિ કૂબૂલિયતને પાત્ર નથી, જેથી તેને દરગુઝર કરીને કેવળ તારા રહમો કરમથી મારી મગફેરત ફર્માવી દે.

આપ બધો સમય અલ્લાહ અલ્લાહનો વિર્દ ચાલુ રાખતા હતા અને સકરાતના આલમમાં પણ આપની જીભ પર અલ્લાહનું જ નામ હતું. અને મૃત્યુ પહેલાં આપે ફર્માવ્યું કે, હે અલ્લાહ ! હું દુનિયામાં ગફલતના કારણે તારી ઈબાદતથી વંચિત રહ્યો અને હવે અંતિમ સમયમાં પણ તારી ઈબાદતથી ગાફેલ છું, તેમ છતાં તારી રહમતની તમન્ના ધરાવું છું. આ શબ્દો જીભ પર હતા એવામાં રૂહ મુબારક આ'લા ઈલ્લીય્યીનની તરફ પરવાઝ કરી ગઈ. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رٰجِعُوْنَ કોઈએ ખ્વાબ જોઈને આપને સવાલ કર્યો કે **તસવ્વુફનો શું ભાવાર્થ** છે ? ફર્માવ્યું કે, **રાહતોને છોડીને તકલીફો વેઠવાનું નામ તસવ્વુફ છે.**

જ્યારે શયખ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہ આપની ઝિયારત માટે હાજર થયા તો થોડીવાર કયામ કરીને જતી વખતે ફર્માવ્યું કે આ તે ઠેકાણુ છે જ્યાં ખોવાયેલી ચીજ મળી જાય છે. *(ક્રમશઃ)*

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ફાસિદ સોદાનું બયાન

**મસ્અલા** : જે હાલતમાં સોદાનો કોઈ રુકન (આધાર) જોવામાં ન આવે યા સોદા લાયક ચીજ ન હોય તો એ સોદો બાતિલ છે. રુકન જોવામાં ન આવવાનું દૃષ્ટાંત એ છે કે પાગલ યા નાસમજ બાળકે ઈજાબ યા કબૂલ કર્યો, જો કે શરીઅતની રૂએ એનો કૌલ મો'તબર નથી પરિણામે ઈજાબ યા કબૂલ ગણાશે જ નહીં. ચીજ વેચાણને લાયક નથી એનું દૃષ્ટાંત એ છે કે વેચાણની ચીજ મુરદાર યા ખૂન યા શરાબ યા આઝાદ હોય એ ચીજો વેચાણને માટે લાયક નથી અને જો વેચાણના હિસ્સામાં કે સોદાના સંજોગમાં કોઈ ખરાબી ન હોય બલ્કે એના સિવાય બીજી કોઈ ખરાબી હોય તો વેચાણ ફાસિદ છે. જેમ કે કિંમત શરાબ હોય યા વેચેલા માલને સ્વીકારવાની શક્તિ ન હોય યા સોદો કરેલ વસ્તુમાં એવી શરત કરી હોય જે સોદાના તકાઝા વિરૂધ્ધ હોય તેનાથી ખિલાફ હોય. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : વેચેલો માલ યા કિંમત બન્નેમાંથી એક પણ ચીજ એવી હોય કે જે કોઈ પણ આસમાની મઝહબમાં માલ ન હોય (ન ગણાતો હોય) જેમ કે મુરદાર, લોહી, આઝાદ, એને ચાહે વેચાણ કરવામાં આવે યા કિંમત ગણવામાં આવે, વેચાણ બાતિલ છે અને જો કોઈ ધર્મમાં (દીનમાં) માલ ગણાતો હોય અને કોઈ ધર્મમાં ન ગણાતો હોય જેમ કે શરાબ જો કે ઈસ્લામમાં માલ નથી પરંતુ દીને મૂસવી અને ઈસવીમાં માલ ગણાતો હતો એને વેચાણ કરવામાં આવે તો વેચાણ બાતિલ છે અને કિંમત ગણવામાં આવે તો વેચાણ ફાસિદ છે. જેમ કે શરાબના બદલામાં બીજી કોઈ ચીજ ખરીદી તો વેચાણ ફાસિદ છે અને જો રૂપિયા, પૈસા આપી શરાબ ખરીદ્યો તો વેચાણ બાતિલ ગણાશે. *(હિદાયા, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : માલ તે ચીજ છે જેના તરફ ખ્વાહિશ પેદા થતી હોય, જેને આપ લે કરી શકાતી હોય, જેનાથી બીજાને રોકવામાં આવતા હોય, જેને જરૂરતના સમયે ઉપયોગમાં લેવા માટે જમા રાખવામાં આવતી હોય. પરિણામે થોડીક માટી જ્યાં સુધી તે પોતાની જગા પર છે માલ કહેવાશે નહીં અને તેનું વેચાણ બાતિલ છે. પરિણામે એને બીજી જગ્યાએ ખસેડીને લઈ જવામાં આવે તો હવે તે માલ ગણાશે અને તેનું વેચાણ જાઈઝ છે. ઘઉંના એક દાણાનું વેચાણ પણ બાતિલ છે. માણસના મળ મૂત્રનું વેચાણ બાતિલ છે ત્યાં સુધી કે એનું માટીમાં રૂપાંતર ન થઈ જાય અને ખાતર ન બની જાય. છાણ, લીંડ, લીંડીનું વેચાણ બાતિલ નથી, જો બીજી કોઈ ચીજની એમાં ભેળસેળ ન હોય તો. પરિણામ છાણાંનું ખરીદવું, વેચાણ કરવું યા ઉપયોગ કરવાની મનાઈ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : મુરદારનો અર્થ ઝુબહ કર્યા વગરના મરેલાનો છે. ચાહે તે ખૂદ મરણ પામેલ હોય કે કોઈએ એનું ગળુ દબાવીને મારી નાખ્યું હોય, યા કોઈ જાનવરે એને મારી નાખ્યું હોય. માછલી અને તીડી મુરદાર ગણાશે નહીં કેમ કે એ ઝુબહ કરવાની ચીજ નથી. *(રદ્દુલ્ મુહ્તાર વગેરે)*

**મસ્અલા** : ખંડિયેર બનાવી દીધેલ (પાડી નાંખેલ મકાન)નું વેચાણ બાતિલ છે. જેમ કે બે માળ નું મકાન બે માણસોનું સંયુક્ત હતું. એકનો ભાગ નીચેનો હતો અને બીજાનો ભાગ ઉપરનો હતો તે પડી ગયો, યા ફક્ત ઉપરનો ભાગ (કમરો) પડી ગયો. ઉપરના ભાગવાળાએ પડી ગયા પછી ઉપરનો ભાગ વેચી દીધો તો એ વેચાણ બાતિલ છે, કેમ કે જ્યારે તે ચીજ જ નથી પછી વેચાણ કઈ વસ્તુનું થશે ?! અને જો વેચાણનો મતલબ હક્કને વેચવાનો છે એ હોય કે મકાનની ઉપર એને મકાન બનાવવાનો હતો (ઉપરનો મજલો બનાવવાનો મતલબ હતો) તો એ પણ બાતિલ છે. કેમ કે વેચાણ માલનું થાય છે અને એ તો ફક્ત હક્ક છે, માલ નથી. હા ! જો ઉપરનો ભાગ મૌજૂદ હોય તો એનું વેચાણ થઈ શકે છે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલા** : બાકિલાનાં બીજ અને ચાવલ અને તલ જો એનાં છોતરામાં હોય તો પણ એનું વેચાણ જાઈઝ છે. એ રીતે અખરોટ, બદામ, પિસ્તાં જો પ્રથમનાં છોતરામાં હોય (અર્થાત આ ચીજોમાં બે છોતરાં હોય છે. આપણા દેશમાં આ બધી ચીજોની ઉપરનુ છોતરું ઉતર્યા પછી આવે છે. જો ઉપરનુ છોતરું ઉતાર્યુ ન હોય તો પણ વેચાણ જાઈઝ છે.) એ રીતે ઘઉંના દાણા કંટીઓમાં હોય તો પણ વેચાણ જાઈઝ છે. આ બધી હાલતમાં વેચનારની જવાબદારી છે કે બાકિલાનાં બીજ યા ડાંગરમાંથી ચોખા યા છોતરામાંથી તલ અને બદામ વગેરે અને કંટીઓમાંથી ઘઉં કાઢીને ખરીદનારને આપે અને જો છોતરાં સાથેનું વેચાણ કર્યુ હોય જેમ કે બાકિલાની સીંગો યા છોતરાં સાથેની બદામ વેચી યા અનાજ વેચ્યું છે તો કાઢી આપવાની જવાબદારી વેચનારની રહેશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઠળિયા જે ખજૂરમાં હોય, યા કપાસિયા જે રૂ માં હોય યા દૂધ જે બાવલામાં હોય એ તમામ ચીજોનું વેચાણ નાજાઈઝ છે. એ બધી ચીજો આમ રિવાજમાં ગણત્રીમાં નથી આવતી. ખજૂરમાંથી ઠળિયા, યા કપાસમાંથી કપાસિયા અથવા બાવલામાંથી દૂધ દોહીને પછીથી વેચવું જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : પાણી જ્યાં સુધી નહેર કે કૂવામાં છે ત્યાં સુધી એનું વેચાણ જાઈઝ નથી અને જ્યારે કે એને ઘડા વગેરેમાં ભરી લીધું તો માલિક બની ગયા. હવે એનું વેચાણ કરી શકાય છે. *(આલમગીરી)*

**મસ્અલા** : વરસાદના પાણીનો સંગ્રહ કરી લેવાથી માલિક બની જાય છે. તેનું વેચાણ કરી શકે છે. પાકી હોઝ (ટાંકી)માં જે પાણીનો સંગ્રહ કરી લેવામાં આવ્યો તેને વેચી શકે છે જ્યારે કે પાણી આવવું બંધ થઈ ગયું હોય. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચાણના માલમાં કેટલીક હાજર હોય અને કેટલીક ગેરહાજર હોય તો પણ વેચાણ બાતિલ છે. જેમ કે ગુલામ અને વેલા, ચમેલીના ફૂલ જો કે એની પૂરેપૂરી ફસલ વેચવામાં આવે અને જેટલાં હાજર છે એને વેચ્યાં તો એ જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચાણના માલ તરફ ઈશારો કરી નામ પણ લીધું પણ જેના તરફ ઈશારો કર્યો તેનું નામ નથી. જેમ કે કહ્યું કે આ ગાયને આટલામાં વેચી અને તે ગાય નથી બલ્કે બળદ છે, યા એમ કહ્યું કે લોંડીને વેચી અને તે લોંડી નહીં પણ ગુલામ છે એને માટે હુકમ એ છે કે જે નામ કહેવામાં આવ્યું અને જેની તરફ ઈશારો કર્યો છે બન્નેની જાતિ એક છે તો વેચાણ સહીહ છે કેમ કે સોદાનો સંબંધ એની સાથે છે જેના તરફ ઈશારો કરવામાં આવ્યો અને તે હાજર છે. પરંતુ જે ચીજ સમજીને ખરીદનાર લેવા ઈચ્છે છે તે ચીજ નથી તો એને અખત્યાર છે કે લે અથવા ન લે અને જાતિ અલગ હોય તો વેચાણ બાતિલ છે. કેમ કે આવી હાલતમાં સોદાનો સંબંધ

તેની સાથે છે જેનું નામ લેવામાં આવ્યું છે અને તે મૌજૂદ નથી પરિણામે સોદો બાતિલ ગણાશે. ઈન્સાનમાં મર્દ અને ઓરત બન્નેની જાતિ અલગ છે. પરિણામે લોંડી કહીને સોદો કર્યો અને ગુલામ નીકળ્યો યા એનાથી ઊલટું છે તો વેચાણ બાતિલ છે. અને જાનવરોમાં નર તથા માદા એક જાતિનાં છે, ગાય કહીને વેચ્યું અને નીકળ્યો બળદ કે તેથી ઊલ્ટું તો વેચાણ સહી છે અને ખરીદનારને છૂટનો હક્ક છે. *(હિદાયા)*

**મસ્અલા :** યાકૂત કહીને વેચાણ કર્યું અને તે કાચ છે તો વેચાણ બાતિલ છે. કેમ કે વેચાણનો માલ મૌજૂદ છે (તે માલ જ નથી) અને લીલો યાકૂત કહીને રાતના સમયે વેચાણ કર્યું અને તે પીળો યાકૂત હતો તો વેચાણ સહીહ છે. ખરીદનારને (લેવા ન લેવાનો) હક્ક છે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલા :** આઝાદ અને ગુલામને ભેગા કરી એકી સાથે બન્નેનું વેચાણ કર્યું યા ઝુબહ કરેલા અને મુરદારનું એક જ સોદામાં વેચાણ કર્યું તો ગુલામ અને ઝુબહ કરેલાનું વેચાણ પણ બાતિલ છે. આવી હાલતમાં જો કિંમતની ચોખવટ કરી દેવામાં આવી હોય કે આની આટલી કિંમત અને આની આટલી કિંમત છે એ રીતે સોદા બે કરવામાં આવ્યા હોય તો ગુલામ અને ઝુબહ કરેલ વસ્તુનું વેચાણ (સોદો) સહીહ છે. આઝાદ અને મુરદારનો સોદો (વેચાણ) બાતિલ ગણાશે. અકલમંદ (સમજદાર) અથવા ઉમ્મે વલદ (તે બાંદી જેનો જન્મ તેના માલિકથી થયો હોય) તેની સાથે ગુલામને ભેગો કરી વેચાણ કર્યું તો ગુલામનું વેચાણ સહીહ છે. તેમનું (અકલમંદ કે બાંદી)નું વેચાણ સહીહ નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** ગેરવકફને વકફની સાથે મેળવીને વેચાણ કર્યું તો ગેરવકફનું સહીહ છે અને વકફનુ વેચાણ બાતિલ છે. મસ્જિદની સાથે બીજી કોઈ ચીજ મેળવીને વેચાણ કર્યું તો બન્નેનુ બાતિલ ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** એક મકાનના બે માણસો ભાગીદાર છે એમાંથી એક માણસે આખુ મકાન બીજાને વેચી દીધું તો એના હિસ્સાનું વેચાણ સહીહ છે અને મકાનમાં જેટલો એનો હિસ્સો છે તેટલાનું વેચાણ કર્યું તો એના હિસ્સાના મકાનના ભાગની જે કિંમત હશે તે મળશે. આખી કિંમત મળશે નહીં.

*(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા :** બે માણસો એક મકાન યા જમીનના ભાગીદાર છે. એક માણસે એમાંથી અમુક ટૂકડો વેચ્યો તો એ વેચાણ સહીહ નથી અને જો પોતાનો હિસ્સો વેચી દીધો તો એ વેચાણ સહીહ છે.

*(આલમગીરી)*

**મસ્અલા :** આખુ ગામ વેચવામાં આવ્યું જેમાં કબ્રસ્તાન તથા મસ્જિદો પણ છે અને તેને અલગ કરવામાં ન આવ્યા હોય તો મસ્જિદો તથા મકબરાઓ સિવાયનું વેચાણ સહીહ છે અને મસ્જિદો તથા મકબરાઓને અલગ સ્વભાવિક રીતે ગણી લેવામાં આવશે ભલે અલગ કરવાનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોય તો પણ. *(બહરુર્રાઈક)*

**મસ્અલા :** માણસના વાળનું વેચાણ દુરસ્ત નથી અને એને ઉપયોગમાં લેવા પણ જાઈઝ નથી. (જેમ કે એની ચોટલીઓ બનાવી ઓરતો ઉપયોગ કરે તે હરામ છે. હદીષમાં એના પર લઅનત ફર્માવવામાં આવી છે.)

**ફાયદો :** હુઝૂર અકદસ ﷺ ના મૂએ મુબારક જેની પાસે હોય તેમની પાસેથી બીજાએ લીધા અને હદિયામાં કોઈ ચીજ આપી તો એ દુરસ્ત છે જો કે એ વેચાણરૂપે ન આપેલા હોય તો. અને મૂએ મુબારકથી બરકત હાસિલ કરવી અને એના ગુસ્લના પાણીને પીવું, આંખો પર લગાવવું અને શિફાની નિય્યતથી બીમારને પીવડાવવું દુરસ્ત છે જે સહીહ હદીષોથી સાબિત છે. *(ક્રમશઃ)*

**અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ**
હપ્તો : ૧૪

## (૪) ઝકાત કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

### ૦૧. ફકીર કો માલે ઝકાત દેતે વક્ત ક્યા ઝકાત કેહ કર દેના ઝરૂરી હૈ ?

આમ તોર પર અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે ફકીર કો માલે ઝકાત દેતે વક્ત ઝકાત કેહ કર દેના ઝરૂરી હૈ, જબ કે શરીઅત કે એતબાર સે ઐસા નહીં હૈ. દિલ મેં ઝકાત કી નિય્યત ઔર ઈરાદા હો ફિર દેતે વક્ત કુછ ભી કહે ઝકાત અદા હો જાએગી. જૈસા કે બહારે શરીઅતમેં હૈ :–

"ઝકાત દેને મેં ઈસકી ઝરૂરત નહીં કે ફકીર કો ઝકાત કેહ કર દે, બલ્કે સિર્ફ નિય્યતે ઝકાત કાફી હૈ. યહાં તક કે અગર હિબા યા કર્ઝ કેહ કર દે ઔર નિય્યત ઝકાત કી હો અદા હો ગઈ. યૂંહીં નઝર યા હદયા યા પાન ખાને યા બચ્ચોં કે મિઠાઈ ખાને, યા ઈદી કે નામસે દી અદા હો ગઈ. બા'ઝ મોહતાજ ઝરૂરતમંદ ઝકાત કા રૂપિયા નહીં લેના ચાહતે, ઉન્હેં ઝકાત કેહ કર દિયા જાએગા તો નહીં લેંગે, લિહાઝા ઝકાત કા લફ્ઝ ન કહે."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, ૫/૮૯૦)*

ઐસાહી ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૧૦, સફ્હા : ૬૬,૬૭ પર હૈ.

### ૦૨. ગિર્વી રખે હુએ સામાન કી ઝકાત ક્યા ગિર્વી રખનેવાલે પર લાઝિમ હૈ ?

ઈસ મસ્અલે કે તઅલ્લુક સે કુછ અવામ મેં ગલતફેહમી પાઈ જાતી હૈ, જબ કે ગિર્વી રખી હૂઈ ચીઝ કે બારે મેં શરીઅત કા હુકમ યે હૈ કે ઉસકી ઝકાત ન ઉસ શખ્સ પર હૈ જિસકે પાસ વોહ ચીઝ ગિર્વી રખી ગઈ, ન ગિર્વી રખનેવાલે પર. હાં ! જબ ગિર્વી રખનેવાલા ઉસકો છુળા લે ઔર ઉસ ચીઝ પર મુકમ્મલ ઉસકા કબ્ઝા હો જાએ તો ઉસ સાલ સે ઉસ પર ઝકાત કે એહકામ નાફિઝ હોંગે.

બહારે શરીઅત મેં હૈ :–

"ગિર્વી રખી હૂઈ ચીઝ કી ઝકાત ન ઉસ શખ્સ પર હૈ જિસ કે પાસ ચીઝ ગિર્વી રખી ગઈ, ન ગિર્વી રખનેવાલે પર. જિસકે પાસ ગિર્વી રખી ગઈ વોહ તો માલિક હી નહીં ઔર ગિર્વી રખનેવાલે કી મિલ્ક તામ (સંપૂર્ણ માલિકી) નહીં કે ઉસ્કે કબ્ઝ મેં નહીં. ઔર ગિર્વી રખી હૂઈ ચીઝ કો છુળાને કે બા'દ ભી ઉન બર્સોં કી ઝકાત વાજિબ નહીં." *(બહારે શરીઅત,જિલ્દ : ૧, ૫/૮૭૭)*

### 03. અગર કિસી પર લોન હૈ તો ક્યા ઝકાત કે હિસાબ મેં સિર્ફ મૌજૂદા સાલ કી કિસ્ત (Installment) કમ કરેગા યા આઇંદા તમામ સાલોં કી ?

યે મસ્અલા તો હર કોઈ જાનતા હૈ કે જબ ઝકાત કી અદાયગી કે લિયે માલકા હિસાબ કિયા જાએગા તો અપને ઉપર જો કર્ઝ હૈ ઉસે કમ કર કે ફિર દેખા જાએગા કે નિસાબ કે બરાબર માલ બચતા હૈ યા નહીં ? લેકિન આજ કલ બેંકો સે જો લોન લેનેકા તરીકા રાઈજ હૈ કે એક મખ્સૂસ રકમ કર્ઝે કે તોર પર લી જાતી હૈ ઔર ઉસકી અદાયગી કે લિયે યે તય પાતા હૈ કે હર સાલ ઈતની કિસ્તેં ભરની રહેંગી યહાં તકકે પૂરા લોન ભર દિયા જાએ. અબ ઈસ મેં એક અહમ સવાલ યે પૈદા હોતા હૈ કે જિસ પર લોન હૈ જબ વોહ ઝકાત કા હિસાબ કરેગા તો ક્યા સિર્ફ મૌજૂદા સાલકી કિસ્તેં કમ કરેગા યા આઈંદા તમામ સાલોં કી ? જૈસે

➻ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી *(સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

હર સાલ ૧ લાખ કી ઈસ્ટોલમેન્ટ (Installment) ભરની હૈ, ઈસ તરહ દસ સાલ તક ઈસ્ટોલમેન્ટ જમા કરની હૈ તો ઝકાત કે હિસાબ મેં સિર્ફ ૧ લાખ માઈનસ કિયે જાએં યા આઈંદા જિતની કિ્સ્તેં ભરની હૈં વોહ સબ મિલાકર માઈનસ કી જાએં ?

ઈસ કે હવાલે સે અકષર અવામ ઔર કુછ એહલે ઈલ્મ હઝરાત મેં યે ગલત તસવ્વુર પાયા જાતા હૈ કે ઝકાત કે હિસાબ મેં સિર્ફ મૌજૂદા સાલકી કિસ્તેં કમ કરેંગે ઔર આઈંદા સાલોં મેં જો પૈસે જમા કરતે હૈં ઉન કા શુમાર નહીં કિયા જાએગા. જબકે શરીઅત કા હુકમ યે હૈ કે મૌજૂદા ઔર આઈંદા સાલોંમેં જિતને પૈસે જમા કરને હૈં સબકો ઝકાત કે હિસાબ મેં માઈનસ કિયા જાએગા.

યે મસ્અલા ચૂંકે બહોત અહમ થા. નીઝ ઈસકે બારે મેં બહોત ઝયાદા ગલતફેહમી પાઈ જા રહી થી ઈસ વજહસે ઈસકો ''અલ્જામિઅતુલ્અશરફિયા, મુબારકપુર'' કે ફિક્હી સેમીનાર મેં બહષ કે લિયે પેશ કિયા ગયા ઔર બહષો મુબાહેષા કે બાદ જો ફેસ્લા કિયા ગયા ઉસકા ખુલાસા યહાં ઝિક્ર કિયા જાતા હૈ :

દુસરે સવાલ (ઐસા કર્ઝદાર કર્ઝ કી કુલ રકમ અપને માલ સે વઝઅ કર કે બકિ્યા માલે નિસાબ પર ઝકાત દેગા. યા કર્ઝ કી મીઆ્દ ન આને કી વજહસે રકમે કર્ઝ કો ભી અપને માલ મેં શુમાર કરેગા ઔર ઉસકી ભી ઝકાત દેગા ?) કે જવાબમેં યે તય્ હુવા કે ઐસા કર્ઝદાર કર્ઝ કી કુલ રકમ અપને માલ સે વઝઅ કરકે (બાદ કરીને) બકિ્યા માલે નિસાબ પર ઝકાત દેગા.

**એક શુબ્હા (શંકા)** : બઅઝ હઝરાત કા ખયાલ હૈ કે દૈને મીઆ્દી વુજૂબે ઝકાત સે માનેઅ્ નહીં ઉન્હોંને મેહરસે મુતઅ્લ્લિક્ હિન્દિયા કે ઈસ જુઝઈયેસે ઈસ્તેનાદ (સનદ લેવી) કિયા હૈ :

وهو الصحيح على ظاهر المذهب.

ઈસ તરહ કી ઈબારત દીગર કિતાબોં મેં ભી હૈ.

[**નોટ** : યહાં નીચે તેહરીરમેં મોઅ્જજલ مُعَجَّلُ અ્યનસે ઔર مُؤَجَّلُ મોઅજજલ હમ્ઝાસે દોનોં લફઝ્ આતે હૈં તો જિસ ''અ્'' કે નીચે નુક્તા હો વો અ્યનસે હૈ બાકી હમ્ઝાસે હૈ. મોઅજજલ (હમ્ઝાસે) = જિસકી મુદ્દત તયહો ઔર મોઅ્જજલ અ્યનસે જિસકી મુદ્દત તય ન હો. સમજેં. –*તંત્રી*]

બહારે શરીઅત મેં હૈ :

''જો દૈન મીઆ્દી હો વોહ મઝહબે સહીહમેં વુજૂબે ઝકાતકા માનેઅ્ નહીં.

ચુંકે આ્દતન દૈને મહેર કા મુતાલબા નહીં હોતા. લેહાઝા અગર યે શોહરકે ઝિમ્મે કિતના હી દૈને મહેર હો, જબ વોહ માલિકે નિસાબ હૈ, ઝકાત વાજિબ હૈ.

ગૌર તલબ અવ્વલુઝ્ ઝિકર કુતુબે મુઅ્તમિદહ મેં સાફ વઝાહત હૈ કે દૈન ખ્વાહ મોઅજજલ હો યા મોઅ્જલ્લ, વુજૂબે ઝકાતસે માનેઅ્ હૈ. યહાં તક કે ખુદ હિન્દિયા મેં ખાસ મહેર સે મુતઅ્લ્લિક્ હૈ કે મુઅજજલ હો યા મોઅ્જજલ, વુજૂબે ઝકાતસે માનેઅ્ હૈ. ઈસ લિયે કે ઈસકા મુતાલબા હોતા હૈ. ઈસ પર મુહીત સરખસી કા હવાલા દિયા હૈ. ઔર યે લિખા હૈ :

قال مشائخنا رحمهم الله تعالى: في رجل عليه مهر مؤجل لامرأته وهو لايريد أداءه، لا يجعل مانعا من الزكاة.

''ઈસ લિયે યે ગૌર કરના ઝરૂરી હૈ કે ઈન ઈબારતો મેં ઐસા તઆરુઝ (ટકરાવ) ક્યૂં હૈ ? દૈને મુઅજજલ ઔર મેહરે મુઅ્જજલ કો કહીં માનેઅ્ વુજૂબે ઝકાત કહા ગયા હૈ ઔર કહીં ઉસ કે ખિલાફ આયા હૈ ! ઐસા ક્યું ?

**શુબ્હે કા હલ (શંકાનું નિવારણ)** : દૈન (કરજ) તીન તરહ કા હોતા હૈ :

**(૧) દૈને હ્રાલ** : જિસકી અદાઈગી ફૌરન વાજિબ હો,

જૈસે આમ ખરીદો ફરોખ્તમેં સામાન કા દામ યા કૃર્ઝ.

**(૨) દૈને મુઅજ્જલ મશરૂત** : જિસકી અદાઈગી કી મીઆ્દ (નિશ્ચિત સમય) બાહમી કૃરારદાદ કે ઝરીએ મુઅ્ય્યન (નિશ્ચિત) હો.

**(૩) દૈને મુઅજ્જલ અ્રફી** : જિસકી અદાઈગી કી મીઆ્દ અ્રફન મઅ્લૂમ હો મગર ઉસ કે લિયે કોઈ ખાસ તારીખ મુતઅ્ય્યન ન હો. જૈસે આજ કે ઝમાને મેં ઔરતોંકા મહેર, કે અ્રફન ઉસકી અદાઈગી કા વક્ત તલાક્ યા મોત હૈ. મગર ઉસ કે લિયે કોઈ ખાસ તારીખ મુઅ્ય્યન નહીં. તલાક્ યા મૌત ઉસી વક્ત ભી હો સકતી હૈ.

જિન ઈબારતોં મેં દૈને મુઅ્જજલ ઔર દૈને મુઅજજલ દોનોં કો વુજૂબે ઝકાત સે માનેઅ્ કહા ગયા હૈ, ઉન મેં દૈને મુઅજ્જલસે મુરાદ વોહ દૈન હૈ જિસ કે લિયે કોઈ વક્ત ઔર તારીખ મુક્રર્રર હો. યા'ની દૈને મુઅજ્જલ મશરૂત. ઔર જિન ઈબારતોં મેં દૈને મુઅજ્જલ કે માનેએ્ ઝકાત હોને ન હોને દોનોં તરહ કી બાતેં લિખી ગઈ હૈં ઉનમેં દૈને મઅજ્જલ સે મુરાદ દૈને મુઅજ્જલ અ્રફી હૈ. યા'ની દૈને મુઅજ્જલ મશરૂત બિલ્ઈત્તિફાક્ માનેએ્ વુજૂબે ઝકાત હૈ. ઔર સિર્ફ દૈને મુઅજ્જલ અ્રફી કે માનેએ્ વુજૂબે ઝકાત હોને મેં ઈખ્તિલાફ હૈ.

અલ્ગર્ઝ ઈન ઈબારતોંકા હાસિલ યે હૈ કે ઐસા દૈન જો અ્રફન મુઅજ્જલ હો યા'ની આદતન્ જિસકા મુતાલબા ન હોતા હો, ન હી આદમી ઉસે અપને ઝિમ્મે દૈન સમજતા હો વો વુજૂબે ઝકાત સે માનેઅ્ નહીં, જૈસે ઝવજા કા મેહરે મોઅ્જ્જલ જો અ્રફન મૌત યા તલાક્ તક મોઅખ્ખર હોતા હૈ.

મગર બેંકોંકે દૈનોં (લોનોં) કા હાલ ઈસસે જુદા હૈ. યહાં મદ્યુન (કરજદાર) અચ્છી તરહ સમજતા હૈ કે મેરે ઝિમ્મે બેંક કા દૈન હૈ. જિસે મૈંને અદા ન કિયા તો જાઈઝાદ નીલામ હો સકતી હૈ. ઔર બેંક એક જબરદસ્ત મુતાલિબ ભી હૈ કે વોહ અદમે અદાઈગી કી સૂરત મેં જાઈદાદ નીલામ કરકે અપના દૈન વુસૂલ કરનેકી કુવ્વત રખતા હૈ. મગર એક લમ્બી મુદ્દત તક સિર્ફ ઈસ લિયે છુટ દેતા હૈ કે મષલન્ બીસ લાખ કી જગહ બાઈસ લાખ વુસૂલ કર સકે. ઈસ લિયે બેંકો કા કૃર્ઝ બહર હાલ વુજૂબે ઝકાતસે માનેઅ હૈ.

*(મજલિસે શરઈ કે ફૈસ્લે, ફૈસ્લા : ૪૨, જિલ્દ–૧, સફહા : ૩૪૦,૩૪૩)*

**નોટ** : ઉપર બયાન કિયે ગએ મસ્અલે મેં એક ખાસ બાત યે ધ્યાન મેં રખી જાએ કે લોન કે હવાલે સે જો બતાયા ગયા કે આઈંદા જિત્ના લોન ભરના બાકી હૈ વોહ સબ ઝકાતકે હિસાબકે વક્ત કમ કિયા જાએ, ઈસ સે મુરાદ કૃર્ઝે કી અસ્લ રકમ હૈ, ઔર રહી વોહ ઝાઈદ રકમ ઈન્ટરેસ્ટ (Interest)કે નામ પર બેંકવાલે લેતે હૈં, ઉસે ઝકાત કે હિસાબ મેં કમ નહીં કિયા જાએગા. જૈસા કે "મજલિસે શરઈ કે ફૈસ્લે મેં હૈ :

"મદયૂન પર જો દૈન હૈ (યા'ની લોનવાલે પર જો લોન હૈ) વોહ તો અપને માલ સે વઝઅ્ (કમ) કરકે બકિ્ય્યાકી ઝકાત દેગા મગર ઉસ પર બેંકકી તરફ સે જો ઝાઈદ માલ દેના ઝુલ્મન્ લાઝિમ હો રહા હૈ ઉસકો અપને માલ સે વઝઅ્ કરેગા યા વઝઅ્ ન કરકે ઉસકી ભી ઝકાત દેગા ?

ઈસકે જવાબ મેં યે બતાયા ગયા કે ઝાઈદ માલ જો ઝુલ્મન્ દેના લાઝિમ હો રહા હૈ વોહ માનેએ્ ઝકાત (ઝકાત વાજિબ હોને સે રોકનેવાલા) નહીં, જિસ પર કૃર્ઝા હૈ વોહ ઉસકી ઝકાત અદા કરે." *(મજલિસે શરઈ કે ફૈસ્લે, ફૈસ્લા–૪૨, જિલ્દ–૧, સફહા : ૩૪૩,૩૪૪)*

**૦૪. ક્યા ડિપોઝિટ (Deposite) મેં દિયે હૂએ પૈસોં પર ઝકાત લાઝિમ હોતી હૈ ?**

# ઝકાત વિશે જરૂરી મસાઈલ

### ★ ડેરી ફાર્મ (ડેરી ઉદ્યોગ)ની ઝકાતનુ વર્ણન ★

વેપારના વિવિધ તરીકાઓમાંથી એક તરીકો એ પણ છે કે ભેંસોની ઘણી બધી સંખ્યા ભેગી કરી લેવામાં આવે છે અને તેમાંથી દૂધ કાઢીને સપ્લાય કરવામાં આવે છે. તે ભેંસોની સંખ્યા કેટલીકવાર ૫૦, ૧૦૦ સુધી રહે છે. આ વેપારના તરીકાને ડેરી ઉદ્યોગ કહે છે. હવે સવાલ એ છે કે એ જાનવરો પર ઝકાત છે કે કોઈ અન્ય તરીકાથી ઝકાત કાઢવાની રહેશે ?

આ મસ્અલાની તેહકીક એ છે કે જે ભેંસો દૂધ પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવે છે તે ધંધા તથા કારીગરીના ઓજારની જેમ છે કે જેવી રીતે કારખાનામાં મશીનો વગેરે પર ઝકાત નથી ભલે તેની ગમે તેટલી કિંમત કેમ ન હોય. એવી જ રીતે એ ભેંસો ઉપર પણ ઝકાત વાજિબ નથી. અલબત્ત એમનાથી મેળવેલા દૂધની આવક પર નિસાબ હોવાની શરતે ઝકાત વાજિબ થશે અને જો કોઈ ભેંસનુ ખરીદ વેચાણ કરીને તેની કિંમત ઉભી કરી લેવામાં આવી તો એ કિંમત જરૂર ઝકાતના માલની ગણત્રીમાં આવશે અને તેની ઝકાત વાજિબ થશે. (બહરૂલ ઉલૂમ આઝમી સાહબ કિબ્લાના પત્રનો સારાંશ)

### ★ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)ની ઝકાત ★

ડેરી ઉદ્યોગની જેમ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)નો કારોબાર પણ ખૂબ જ વ્યાપક ચાલે છે. એમાં એવું હોય છે કે મરઘાં, મરઘીઓ, ઈંડાઓ અને નાનાં બચ્ચાંનુ ખરીદ વેચાણ થાય છે તેની ઝકાત કઈ રીતે આપવામાં આવે ?

આ મસ્અલામાં જે વાતો તેહકીકને અંતે સામે આવી છે તે આ પ્રમાણે છે કે એ સર્વ ચીજો વેપારનો સામાન છે અને ઉઘાડી વાત છે કે વેપારનો સામાન એ શરતે કે નિસાબ સુધી પહોંચે અને કરજ વગેરેથી ખાલી હોય (એટલે કરજ બાદ કર્યા બાદ નિસાબ સુધી પહોંચે) તો તેમાં ઝકાત વાજિબ છે.

જેમ કે હુઝૂર સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"સોના ચાંદી સિવાય વેપારની કોઈ ચીજ હોય જેની કિંમત સોના ચાંદીના નિસાબ સુધી પહોંચે તો તેના પર પણ ઝકાત વાજિબ છે."

*(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૩૬)*

એટલા માટે વરસ પસાર થયા બાદ ઈંડાં, મરઘાં, મરઘીઓ તથા નાનાં બચ્ચાંની કિંમત પર ઝકાતની અદાયગી વાજિબ છે.

### નીઝ ઝકાત કિસ પર લાઝિમ હોગી, ડિપોઝિટ દેનેવાલે પર યા લેનેવાલે પર ?

યે એક આમ રિવાજ હૈ કે જબ કિસી દુકાન યા મકાન કો કિરાયે પર લિયા જાતા હૈ તો માલિકકી તરફસે ડિપોઝિટ કે તોર પર કુછ રકમ કિરાયેદાર સે લિ જાતી હૈ, જિસે કિરાયે કા મુઆમલા ખત્મ કરને પર માલિક કિરાયેદાર કો વાપસ કર દેતા હૈ, ઈસે સેક્યૂરિટી (Security)કી રક્મ ભી કહા જાતા હૈ.

ડિપોઝિટ કે બારે મેં આમ તોર પર યહી તસવ્વુર પાયા જાતા હૈ કે જબ તક વોહ રકમ માલિકે મકાન યા દુકાન કે પાસ હૈ ઉસકી ઝકાત લાઝિમ નહીં. હાલાં કે યે શરઅન ગલત હૈ. ડિપોઝિટકી રકમ ચૂં કે ખાલિસ કર્ઝ હૈ લિહાઝા ડિપોઝિટ કી રકમ કબ્ઝે મેં આને કે બાદ ગુઝરે હુએ તમામ સાલોં કી ઝકાત દેના લાઝિમ હોગા ઔર બેહતર યે હૈ કે હર સાલ ઝકાત દેતા રહે.

"મજલિસે શરઈ કે ફૈસ્લે" મેં હૈ :

"ઝમાનતકી રકમ (સિક્યૂરિટી રક્મ) કર્ઝે મહઝ હૈ ઔર માલે ઝમાનત દેનેવાલે પર ઉસકી ઝકાત વાજિબ હૈ. જિસ કી અદાઈગી કબ્ઝે મેં આને કે બાદ તમામ ગુઝિશ્તા સાલોં કી વાજિબ હોગી ઔર સાલ બ સાલ અદા કર દે તો મુનાસિબ હૈ. *(મજલિસે શરઈ કે ફૈસ્લે, ફૈસ્લા : ૮, જિલ્દ–૧, સફહા–૧૫૪)* ક્રમશઃ



# કુર્આનમાં દરેક માણસનો ઉલ્લેખ છે !

**રજૂકર્તા : મૌલાના અબ્દુર્રહમાન મિસ્બાહી–પારખેત**

કુર્આનમાં આવેલી નસીહતો તથા યાદગીરી બિલ્કુલ સાદા અને સામાન્ય શબ્દોમાં દરેક વ્યક્તિ માટે છે. તે સૌને એમનો ભૂલાય ગયેલો પાઠ યાદ અપાવે છે અને પોતાના રબની તરફ પાછા ફરવાની વારંવાર દા'વત આપે છે. કુર્આન મજીદની ઘણી બધી આયતોમાં આ કિતાબ માટે ذکر નો શબ્દ વપરાયો છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ "આ તો બસ સર્વ જગતો માટે યાદગીરી છે." *(સૂરએ સાદ, આ. ૮૭)*

وَمَا هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ

"આ તો બધા જગતવાળાઓ માટે એક યાદગીરી છે." *(સૂરએ કલમ, આ. ૫૨)*

اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ۙ لِمَنْ شَآءَ مِنْكُمْ اَنْ يَّسْتَقِيْمَ

"આ તો આખા જગતવાળાઓ માટે એક નસીહત છે. તમારામાંથી દરેક તે વ્યક્તિ માટે જે સીધા રસ્તા પર ચાલવા ઈચ્છતો હોય."

*(સૂરએ તકવીર, આ. ૨૭–૨૮)*

فَاَيْنَ تَذْهَبُوْنَ ۭ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ

"તો તમે ક્યાં નાસી રહ્યા છો, આ (કુર્આન) તો જગતભરના લોકો માટે નસીહત છે."

*(સૂરએ તકવીર, ૨૬–૨૭)*

وَهٰذَا ذِكْرٌ مُّبٰرَكٌ اَنْزَلْنٰهُ ۭ اَفَاَنْتُمْ لَهٗ مُنْكِرُوْنَ

"અને આ બરકતવાળો ઝિક્ર અને (તમારા માટે) નાઝિલ કર્યો છે. તો શું તમે એને કબૂલ કરવાથી ઈન્કાર કરનારા છો ?" *(સૂરએ અંબિયા, ૫૦)*

قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا ۭ اِنْ هُوَ اِلَّا ذِكْرٰى لِلْعٰلَمِيْنَ

"કહી આપો હું (આ દીનની દા'વતના બદલે) તમારો કોઈ અજર માગનારો નથી. આ તો એક સર્વવ્યાપી નસીહત છે તમામ જગતના લોકો માટે."

*(સૂરએ અન્આમ, આ. ૯૦)*

એક જગાએ આ કિતાબનું એક વિશેષણ આ બયાન થયું છે.

وَالْقُرْاٰنِ ذِى الذِّكْرِ "નસીહતવાળા કુર્આનની કસમ !" *(સૂરએ સાદ, આ. ૧)*

ذکر તથા ذکری નો અર્થ લગભગ એ જ છે જે નસીહત અથવા વાએઝનો છે. આના અર્થમાં નસીહત અથવા સારી વાત બતાવવી, યાદ અપાવવું, યાદ અપાવતા રહેવું બધુ સામેલ છે.

નિઃશંક ! કુર્આને કરીમ સંપૂર્ણ યાદગીરી છે અલ્લાહના એહકામ અને તેની તરફથી મળેલી ફિત્રી હિદાયતની. આ રીતે કુર્આન યાદ અપાવનારી કિતાબ પણ છે.

- આ કિતાબ માણસને વારંવાર યાદ અપાવે છે કે અલ્લાહનો બંદો હોવાનો હક્ક શું છે ?
- તેની શું ફર્ઝો છે ?
- તેના પર બીજાઓના કયા કયા હક્કો લાગુ પડે છે ?
- આ કિતાબ માણસને ખબરદાર કરે છે કે અકીદો કઈ રીતે દુરુસ્ત થશે ? ઈબાદત કઈ રીતે કરવી જોઈએ ?
- સંસ્કારો કઈ રીતે પેદા થાય ? લોકો સાથે સંબંધ કયા પ્રકારના રાખવામાં આવે ?

આ આયતોથી એ વાત પણ જાણવા મળે છે કે કુર્આનની નસીહત તથા યાદગીરી બિલ્કુલ સામાન્ય ભાષામાં અને દિલમાં ઉતરી જનારી છે. આ સર્વ

માણસો માટે છે. એનું સંબોધન સમાજના દરેક વર્ગના લોકો માટે છે. ભલે મો'મિન હોય કે કાફિર, કુર્આનને માનનારો હોય કે એનો ઈન્કાર કરનારો, સામાન્ય માણસ હોય કે ખાસ હસ્તી. કુર્આનની નસીહતમાં સૌના માટે ભલાઈ છે અને તેની યાદગીરીમાં બધાના કલ્યાણની વાત છે. એટલા માટે દરેકને એની તરફ બોલાવવામાં આવી રહ્યા છે અને દરેકને આમંત્રણ છે કે તેનાથી ફૈઝ મેળવે. આ નેઅમતની અવગણના પર પકડ પણ થશે. રસૂલુલ્લાહ ﷺના વસીલાથી દરેકને પૈગામ આપવામાં આવી રહ્યો છે :

وَاِنَّهٗ لَذِكْرٌ لَّكَ وَلِقَوْمِكَ ۚ وَسَوْفَ تُسْـَٔلُوْنَ

"અને આ (કુર્આન) તમારા માટે તથા તમારી કૌમ માટે યાદગીરી છે. અને નજીક છે કે તમારા બધાથી સવાલ કરવામાં આવશે. *(સૂરએ ઝુખરુફ, આ. ૪૪)*

કુર્આન કરીમ બીજી એક રીતે પણ "યાદગીરીની કિતાબ" છે, જો કે બાજુ ઓછુ ધ્યાન આપવામાં આવે છે પરંતુ તે બાજુનું મહત્વ ઘણુ છે. અને તે એ કે કુર્આનમાં દરેક શખ્સનો ઉલ્લેખ છે. તેમાં દરેકની હાલતનું બયાન છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَّ ذَكِّرْ فَاِنَّ الذِّكْرٰى تَنْفَعُ الْمُؤْمِنِيْنَ

"હે લોકો ! અમે તમારી તરફ એક એવી કિતાબ ઉતારી છે જેમાં તમારું જ વર્ણન છે, શું તમે બુદ્ધિ નથી રાખતા ?" *(સૂરએ અંબિયા, આ. ૧૦)*

આ આયતમાં લોકોને સંબોધીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કુર્આન એક એવી કિતાબ છે જેમાં દરેક માણસ પોતાનો ઉલ્લેખ વાંચી શકો છે. અને તેના વડે પોતાની સ્થિતિ જાણી શકે છે, પોતાની ખૂબીઓ તથા ખામીઓ પામી શકે છે. તેની આયતમાં પોતાના અમલ તથા કિરદારનું ચિત્ર જોઈ શકે છે. એ રીતે કે અકીદા તથા ઈબાદત બાબતે તે કુર્આનની હિદાયતો પર ક્યાં સુધી ધ્યાન આપી રહ્યો છે ? તે જાણી શકે છે કે સંસ્કારની દૃષ્ટિએ તે ક્યાં ઉભેલો છે ? કુર્આન વડે તે જાણી શકે છે કે લેવડ દેવડમાં સફાઈ અને પ્રમાણિક્તાના સંદર્ભમાં તે કયા લેવલ પર છે ? તે સારી રીતે જાણી શકે છે કે બંદાઓના હક્કોની અદાયગીમાં તેની પોઝિશન શું છે ? તે જોઈ શકે છે કે સમાજમાં તેનું પોતાનું શું સ્થાન છે ? અલ્લાહની બારગાહમાં તેનો શું મર્તબો છે ? આ બધી બાબતો માણસ કિતાબે હિદાયત (કુર્આન) વડે સમજી શકે છે.

સાર એ કે કુર્આન એક જીવંત કિતાબ છે. અને એવો ચકાચક આયનો છે જેમાં વ્યક્તિઓ પોતાની પોઝિશન જોઈ શકે છે અને કૌમ પણ પોતાનું ચિત્ર નિહાળી શકે છે. એટલા માટે કે કુર્આનમાં સહીહ અકીદાઓની સ્પષ્ટતા કરવામાં આવી છે. ઈબાદત કરવાનો સહીહ તરીકો લખવામાં આવ્યો છે. અલ્લાહ અને તેના બંદાઓ સાથે સંબંધના કાયદાઓ બયાન કરવામાં આવ્યા છે. શ્રેષ્ઠ સંસ્કારના બેસ્ટ નમૂના પેશ કરવામાં આવ્યા છે. આર્થિક બાબતોમાં પારદર્શકતા અને પ્રમાણિક્તાનો સબક આપવામાં આવ્યો છે. રાજકરણ તથા હુકૂમતના આદર્શ બયાન થયા છે. અલ્લાહની બારગાહમાં પસંદ થયેલ અને નાપસંદ કરેલા અમલોનું વર્ણન થયું છે. ઈમાનવાળા, હુકમ માનનારા, નેક, મુત્તકી તથા અખ્લાકવાળા લોકોને મળનારા સવાબ તથા ઈમાનની ખુશખબરી આપવામાં આવી છે. નાફર્માન, બદ્કિરદાર તથા બળવાખોર કૌમના બુરા અંજામથી ચેતવવામાં આવ્યા છે.

## ★ કુર્આનમાં આપણો ઉલ્લેખ ક્યાં છે જુઓ ! ★

કુર્આનમાં આપણો ઉલ્લેખ ક્યાં ક્યાં છે ? અને કયા કયા અંદાજમાં છે ? આ વાત અમુક ઉદાહણોથી સમજી શકાય છે :–

- સૂરએ અહઝાબની આયત નં. ૩૫માં મુસલમાનોની ૧૮ સિફતો બયાન થઈ છે, જે આ છે : અલ્લાહની ઈતાઅત, સચ્ચાઈ, સબર, અલ્લાહને ખૂબ યાદ કરવો. આ આયતને સમજીને પઢનારો દરેક વ્યક્તિ સરળતાથી અંદાજો લગાડી શકે છે કે આ આખી આયતમાં તેનો (પોતાનો જ) ઉલ્લેખ છે.
- સૂરએ નિસાની આયત નં. ૩૬માં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે : તેના સિવાય કોઈની ઈબાદત ન કરો. માતા, પિતા, સગા, વહાલા, યતીમો, મિસ્કીનો, નજીકનો સંબંધી અથવા અજાણ્યો પડોશી, ભાઈબંધ તથા સામાન્ય મુસાફિર અને પોતાના ગુલામ સાથે સારો વર્તાવ કરો. બેશક ! અલ્લાહ ઘમંડીઓને પસંદ નથી ફર્માવતો.

જ્યારે આ આયતનો અર્થ કોઈની સામે આવશે તો તેને પોતાના જીવનને જોતાં સારી રીતે સમજાય જશે કે આ આયતના કયા ભાગમાં તેનો ઉલ્લેખ છે. અને તે આ બધામાંથી કેટલી વાતો પૂરી કરી રહ્યો છે ?

- સૂરએ હુજુરાત આયત નં. ૧૧–૧૨માં અલ્લાહ તરફથી આ માર્ગદર્શન મળે છે : કોઈની ઠેકડી ન ઉડાડો, કોઈના પર લાંછન ન લગાડો, કોઈને ખોટા નામથી ન બોલાવો, કોઈના વિશે અદ્ધરતાલ માન્યતા ઉભી કરવાથી બચો, કોઈની પાછળ (અયબ ઢુંઢવામાં) લાગેલા ન રહો અને કોઈની ગીબત ન કરો.

જ્યારે આ સૂચનાઓ કોઈની નજરમાં આવશે તો તેને અંદાજો લગાડવામાં જરાય મુશ્કેલી નહીં થાય કે અલ્લાહ તઆલાએ જે ખરાબીઓ તથા બુરાઈઓથી મનાઈ કરી છે, તેમાંથી કઈ કઈ છે જેનાથી પોતે બચેલો છે અને કઈ કઈ છે જેમાં એ સંડોવાયેલો છે.

આ જ રીતે કુર્આન કરીમમાં જુદા જુદા સ્થળોએ ધન મેળવવા, તેને વાપરવા અને લેન દેન વિશે આ હુકમો મળે છે :–

- "એક બીજાનો માલ નાજાઈઝ તરીકાથી ન ખાવ." *(સૂરએ બક઼રહ, આ. ૧૮૮)*
- હલાલ તથા પાક ચીજા ખાવ. *(સૂરએ બક઼રહ, આ. ૧૬૮)*
- ધન મેળવવા માટે નાજાઈઝ શ્રોતોથી બચો. *(સૂરએ બક઼રહ–૨૭૫, સૂરએ માઈદા–૯૦)*
- દૌલત મળવા પર છલકાઈ ન જાવ. *(સૂરએ હદીદ, ૨૩)*
- પોતાની દોલતમાંથી નજીકના સગાં, યતીમો, મિસ્કીનો, મુસાફરો તથા નાદારોના હક્ક઼ અદા કરો. *(સૂરએ બની ઈસ્રાઈલ–૨૬, સૂરએ ઝારિયાત–૧૯)*
- માગનારને ઘરકાવો નહીં એટલે કે તેના આત્મસન્માનનું ધ્યાન રાખો. *(સૂરએ દુહા, આ. ૧૦)*
- ગરીબ કરજદારને કરજની અદાયગી માટે સમય આપો. *(સૂરએ બક઼રહ–૧૯૫, સૂરએ મુનાફ઼િક઼ૂન–૧૦, સૂરએ તગ઼ાબુન–૧૬)*
- સદક઼ા ખૈરાત કરીને એહસાન જતાવો નહીં અને (જેને આપ્યું છે) તેને હેરાન ન કરો. *(સૂરએ બકરહ, આ. ૨૬૩, ૨૬૪)*
- દોલત ખર્ચ કરવામાં દેખાડો કરવાથી દૂર રહો. *(સૂરએ બક઼રહ–૨૬૪, સૂરએ નિસા–૩૮)*
- કંજૂસી તથા બેફામ ઉડાડવાથી પોતાને દૂર રાખો. *(સૂરએ અઅ્‌રાફ, સૂરએ બની ઈસ્રાઈલ–૨૬,૨૭,૨૮)*
- અમાનતો જેની છે તેના હવાલે કરી દો. *(સૂરએ નિસાઅ્–૫૮, સૂરએ અન્ફાલ–૨૭)*

- બરાબર અને ન્યાય સાથે માપ, તોલ કરો. *(સૂરએ અન્આમ–૧૫૨, સૂરએ બની ઈસ્રાઈલ–૩૫, સૂરએ રહમાન–૯)*
- લેન દેન અથવા પૈસા બાબતે જે વાયદો અથવા કરાર કરો તેને પૂરો કરો.

*(સૂરએ માઈદા–૧, સૂરએ બની ઈસ્રાઈલ–૩૪)*

જ્યારે પણ અલ્લાહના આ હુકમો કોઈની સામે આવશે તો તેને પોતાના વિશે સરળતાથી ખબર પડી જશે કે ધન બાબતે તેનો રેકોર્ડ કેટલો સારો છે અને કઈ કઈ વાત પર તેનો અમલ થઈ રહ્યો છે ?

કુર્આનમાં ઘણા સ્થળોએ મો'મિનો, સાચાઓ તથા કુર્આન પર અમલ કરનારાઓના કિરદારનો નકશો ખેંચવામાં આવ્યો છે અને બતાવવામાં આવ્યું છે કે તેઓ ઈમાન તથા યક઼ીન પ્રત્યે મક્કમ રહે છે. અલ્લાહની ઈબાદતમાં મુખ્લિસ તથા ગંભીર રહે છે. અને બંદાઓના હક્કો નિભાવવા તથા ભલાઈનાં કામો કરવામાં હમેશાં લાગેલા રહે છે.

## ★ રહમાનના સાચા બંદાઓ કોણ ? ★

સૂરએ ફુર્કાનમાં છેલ્લે અલ્લાહ તઆલાએ આવા મહબૂબ બંદાઓની ખાસિયતો બયાન ફર્માવી છે :–

રહમાનના (સાચા) બંદા તઓ છે જેઓ જમીન પર નરમી સાથે ચાલે છે અને જાહિલો તેમની સામે બહષ શરૂ કરે તો કહી આપે છે તમને સલામ. જેઓ પોતાના રબની સમક્ષ સજદા તથા ક઼યામમાં રાતો ગુજારે છે. જેઓ દુઆ માગે છે કે, ''હે અમારા રબ ! જહન્નમના અઝાબથી અમને બચાવી લે, તેનો અઝાબ જાનને લાગેલો છે, તે બહુ ખરાબ ઠેકાણુ અને બહુ ખરાબ રહેઠાણ છે.'' જેઓ ખર્ચ કરે છે તો ઉડાવતા પણ નથી અને કંજૂસી પણ નથી કરતા, બલ્કે તેમનો ખર્ચ બંનેની દરમ્યાન મધ્યસ્થી હોય છે. જેઓ અલ્લાહ સિવાય કોઈની ઈબાદત નથી કરતા, અલ્લાહની હરામ કરેલી કોઈ જાનને નાહક્ક઼ બર્બાદ નથી કરતા, વ્યભિચારમાં નથી પડતા. આ કામ જે કોઈ કરે તે પોતાના ગુનાહનો બદલો પામશે, ક઼યામતના દિવસે તેને બમણો અઝાબ થશે અને તેમાં જ હમેશાં ઝિલ્લત સાથે સપડાયેલો રહેશે. પરંતુ એ કે કોઈ (આ ગુનાહ બાદ) તૌબા કરી ચૂક્યો હોય અને ઈમાન લાવીને નેક અમલ કરવા લાગ્યો હોય.

(અને રહમાનના બંદા તેઓ છે) જે જૂઠના ગવાહ નથી બનતા અને જો કોઈ નકામી જગાએથી ગુજરે તો સજ્જનો જેમ પસાર થઈ જાય છે. એમને જો એમના રબની આયતો સંભળાવીને નસીહત કરવામાં આવે છે તો તેના પર આંધળા બહેરા બનીને નથી રહેતા. જેઓ દુઆ માગ્યા કરે છે, ''હે અમારા રબ ! અમને અમારી બીવીઓ અને અમારી ઔલાદોથી આંખોની ઠંડક પહોંચાડ અને અમને પરહેઝગારોના ઈમામ બનાવ.''

*(સૂરએ ફુર્કાન, ૬૩–૬૪–૭૨–૭૪)*

જ્યારે કોઈ શખ્સ આ આયતોને સમજીને પઢશે તો તેને સારી રીતે સમજાય જશે કે આ આયતોમાં ક્યાં ક્યાં તેનો ઉલ્લેખ છે. એટલે કે આમાં બયાન થયેલ કઈ કઈ આદતો તેનામાં છે અને કઈ કઈ આદતોથી તે વંચિત છે ? અલ્લાહના મહબૂબ બંદાઓની કઈ કઈ સિફત (ખૂબી, ગુણ)થી તે મેહરૂમ છે ?

કુર્આનમાં પોતાની શોધ કરવી અથવા આ પ્રકારનું અધ્યયન કરવું દરેક વ્યક્તિને પોત પોતાના વિશે વિચારવાની તક આપે છે, જેનાથી નક્કી વાત છે કે તેના કિરદાર પર અસર પડે છે. આપણા બુઝુર્ગો પોતાના અખ્લાક઼ તથા પોતાના બાતિનને સારી રીતે જાણતા હતા. દરેક વસ્તુ તેમની સામે રોશન હતી. તેઓ આ જ કુર્આનથી માર્ગદર્શન લેતા હતા. આ જ કિતાબમાં પોતાનો ચહેરો ઢુંઢતા અને પોતાના ઈસંસ્કારોની સાચી તસ્વીર શોધતા હતા. અને બહુ સરળતાથી પોતાને

ઓળખી લેતા હતા. જો વર્ણન સારુ નીકળતું તો અલ્લાહનો શુક્ર અદા કરતા અને કોઈ ખામી હોતી તો મગફેરતની દુઆ માગતા અને પોતાની સુધારણાની કોશિશ કરતા હતા.

ટૂંકમાં એ કે કુર્આન મજીદ માણસને વારંવાર અલ્લાહ અને તેના બંદાઓના હક્ક યાદ અપાવે છે. કુર્આન એક ચકાચક આયનો છે, જેમાં દરેક વ્યક્તિ પોતાના કિરદાર તથા અમલનું પ્રતિબિંબ જોઈ શકે છે. આ કિતાબ સૌના માટે, ખાસ કરીને તેનો પયગામ કબૂલ કરનારાઓ માટે રહમતનો સબબ છે. તેના ઈલ્મને ફેલાવવો ખુશનસીબી છે અને તેની સૂચનાઓ તથા તા'લીમ પર અમલ કરવો નજાતનો સબબ છે.

આ ખાસિયતો સાથે કુર્આન કરીમ નિઃશંક ! અલ્લાહની સૌથી મોટી નેઅમત છે જે રસૂલુલ્લાહ ﷺની મારફતે ઈન્સાનને મળી છે. તેની સાચી કદર એ જ છે કે જીવનના દરેક વળાંક પર તેને માર્ગદર્શક બનાવવામાં આવે, દરેક પરિસ્થિતિમાં તેની તરફ પલટવામાં આવે અને તેમાં જ ઉભી થયેલી સમસ્યાઓનો હલ શોધવામાં આવે. કુર્આન કરીમથી પોતે નસીહત મેળવવી અને બીજાઓને તેની નસીહત તથા તા'લીમ યાદ અપાવવી દરેક રીતે ફાયદામંદ છે. જેમ કે કુર્આનમાં જ એના પર ભાર આપવામાં આવ્યો છે.

وَّ ذَكِّرْ فَاِنَّ الذِّكْرٰى تَنْفَعُ الْمُؤْمِنِيْنَ ''અને યાદ અપાવતા રહો. બેશક ! યાદ અપાવવું મો'મિનોને નફો પહોંચાડે છે. *(સૂરએ ઝારિયાત, આ. ૫૫)*

### ★ કુર્આનમાં રીપીટેશન તથા કિસ્સાઓનું કારણ ★

અરબના અધિકતમ લોકો મુશ્રિક તથા મૂર્તિપૂજક હતા. અલ્લાહની તૌહીદ, અંબિયાએ કિરામની નબુવ્વત અને કયામતના દિવસનો ઈન્કાર કરતા હતા અને તેમનામાંથી અમુક હદથી આગળ નીકળી જતા હતા. એટલા માટે કુર્આનમાં ઉપરોક્ત ત્રણ બાબતો વધુ પ્રમાણમાં બયાન થઈ છે. સાથે જ રીપીટેશન તથા કિસ્સાઓના બીજા પણ ઘણા કારણો છે :—

**પ્રથમ** : કુર્આન મજીદ ફસાહત તથા બલાગત (અરબી સાહિત્યમાં શ્રેષ્ઠતા)ના આધારે પણ મો'જિઝો છે. એટલા માટે કે તેમાં કિસ્સાઓને અલ્લાહ તઆલાએ વારંવાર બયાન કર્યા છે. ક્યાંક લાંબો તો ક્યાંક ટૂંકમાં. અને દરેક જગાએ તેને (અરબી) સાહિત્યના ઉંચા દરજ્જા પર રાખ્યો છે. અને પ્રથમવાર કરતાં વધુ રોચક બયાન કર્યો છે. એટલે કે જો કુર્આન માણસનું કથન હોત તો આ વિશિષ્ટતાથી ખાલી હોત.

**બીજુ** : વિરોધીઓને સ્પષ્ટ રૂપે કહેવામાં આવ્યું હતું કે જો તમને શંકા હોય તો એક જ સૂરત જેટલા પ્રમાણમાં આવી વાક્ય રચના લઈ આવો. તો શક્યતા હતી કે તેઓ કહેતા કે મુહમ્મદ ﷺને જે શબ્દો આવડતા હતા તે તેમણે વાપરી લીધા. (એટલે કે તેને બીજા શબ્દોમાં બયાન કરવાથી તે વંચિત છે એટલા માટે અલ્લાહનું કલામ નથી.)

અથવા એમ કહે છે કે દરેક સાહિત્યકારનો લખવાનો તરીકો જુદો હોય છે, જો અમે એકનો તરીકો અપનાવી ન શક્યા તો શું વાંધો છે ? (એટલે કે મુહમ્મદ (ﷺ) પણ એક જ તરીકો અપનાવ્યો છે જે બીજા સાહિત્યકારોથી જુદો છે. તો જો અમે એક તરીકો ન અપનાવી શક્યા તો શું આભ ફાટી પડયું ?) પરંતુ આ વાંધો કુર્આનમાં એક જ કિસ્સાને જુદા જુદા તરીકાથી બયાન કરવાને લીધે અમાન્ય થઈ ગયો.

અથવા તેઓ એમ કહે છે કે આ કિસ્સો છે અને કિસ્સાઓમાં સાહિત્યનું મેદાન સાંકડું હોય છે. એટલે તેમણે એક વખત પ્રસંગને જે શબ્દોમાં બયાન કરી દીધો હતો. બસ એક ઈત્તેફાક (સંજોગ) છે, નહીંતર

આ જ રીતે બીજા શબ્દોમાં તે (નબી ﷺ) એને બયાન નહીં કરી શકે.

પરંતુ જ્યારે કિસ્સાઓ રિપિટ થયા અને બયાનનો અંદાજ પણ જુદો જુદો રહ્યો તો આ ત્રણેય વાંધાઓ બેકાર થઈ ગયા.

**ત્રીજુ** : અમુક સમયે નબી કરીમ ﷺને વિરોધી પરિબળોની ખોટી ગતિવિધિઓથી તકલીફ પહોંચતી હતી. સૂરએ હિજરમાં છે :

وَلَقَدْ نَعْلَمُ أَنَّكَ يَضِيقُ صَدْرُكَ بِمَا يَقُولُونَ ﴿٩٧﴾

"અને અમે જાણીએ છીએ કે આપનું દિલ તંગ થાય છે તેઓની વાતોથી." *(આયત–૯૭)*

એટલા માટે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺની તસલ્લીના માટે તે કિસ્સાઓ બયાન ફર્માવ્યા છે. સૂરએ હૂદમાં છે :–

وَكُلًّا نَّقُصُّ عَلَيْكَ مِنْ أَنبَاءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهِ فُؤَادَكَ ۚ وَجَاءَكَ فِي هَٰذِهِ الْحَقُّ وَمَوْعِظَةٌ وَذِكْرَىٰ لِلْمُؤْمِنِينَ ﴿١٢٠﴾

અમે તમારા પર જેટલા પણ કિસ્સા રસૂલોના અમે બયાન કરીએ છીએ તેમના વડે અમે તમારા દિલને મજબૂત કરીએ છીએ. અને તેમાં તમને હક્ક વાત મળી છે અને મો'મિનો માટે નસીહત.

*(આયત–૧૨૦)*

એટલા માટે અધિકતમ જગાઓ પર જરૂરત મુજબ એટલો જ કિસ્સો બયાન થયો જેટલો તસલ્લી માટે પૂરતો હોય અને પહેલાંના બયાન કરતા થોડો વધુ પણ હોય.

**ચોથુ** : ભૂતકાળના લોકોનો હાલ આવનારાઓ માટે નસીહત મેળવવા તથા ચેતવણી સમજવાનો સબબ હોય છે. એટલા માટે અલ્લાહ તઆલા ઘણી જગાઓ પર મુસલમાનોને નસીહત ફર્માવે છે અને ઈન્કાર કરનારાઓને પાઠ આપે છે.

તેમજ જ્યારે મો'મિનોને કાફિરો થકી તકલીફ પહોંચે છે અથવા જ્યારે કોઈ ગ્રુપ નવુ નવુ મુસલમાન થાય છે તો પાછલા કિસ્સાઓમાંથી કોઈનું વર્ણન પરિસ્થિતિઓ મુજબ હોય છે એટલે તેને બયાન કરવામાં આવે છે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુઆરી–૨૦૨૨, અઝ : મૌલાના જાબિરખાન મિસ્બાહી)*

## દયાદરામાં વિવિધ યાદગાર દિવસોએ સુન્ની ઈજતેમાઓ

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ ખાતે તા. ૨૭–૨–૨૦૨૨ રવિવાર અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના હફતાવારી સુન્ની ઈજતેમામાં "જશ્ને શબે મેઅરાજે મુસ્તફા ﷺ" મનાવાયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુફતી સાબિર મિસ્બાહી (સદર દારુલ કઝા વ મુફતી : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ ટૂંકમાં સફરે મેઅરાજનું વર્ણન કરીને નબી પાક ﷺએ ત્યાં વિવિધ ગુનેહગારો પર શું અઝાબ થાય છે તેનો નઝારો કરતી હદીષોમાં જાહેર કર્યું છે તેનો ચિતાર રજૂ કરીને સુન્ની અવામને સર્વ ગુનાહોથી તૌબા કરી નેક રાહ અપનાવવા તાકીદ કરી હતી.

તેમજ રવિવાર તા. ૨૦–૨–૨૦૨૨ના રોજ અસર બાદ સુન્ની ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ "સિલસિલાએ અશરફિયા કી ઈલ્મી ઔર રૂહાની ખિદમાત" પર મુખ્તસર રોશની વેરતાં હઝરત મખ્દૂમ સિમનાની, હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ તથા હઝરત અશરફીમિયાં...વગેરે બુઝુર્ગોના હાલાત તથા ઈલ્મી રૂહાની ખિદમત પેશ કરી હતી. તે ઉપરાંત તા. ૪–૩–૨૦૨૨ જુમ્આના ખિતાબમાં તેમજ તા. ૬–૩–૨૦૨૨ રવિવારે સુન્ની ઈજતેમામાં અનુક્રમે હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ તથા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

હપ્તો : ૧




# તસવ્વુફ (સૂફીપણુ) ઔર મખ્દૂમ સમ્નાની رحمۃ اللہ علیہ

**અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી**

*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

نَحْمَدُہٗ وَنُصَلِّیْ وَنُسَلِّمُ عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

فَاَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اِنَّ الَّذِیْنَ قَالُوْا رَبُّنَا اللّٰہُ ثُمَّ اسْتَقَامُوْا تَتَنَزَّلُ عَلَیْھِمُ الْمَلٰٓئِکَۃُ اَلَّا تَخَافُوْا وَلَا تَحْزَنُوْا وَاَبْشِرُوْا بِالْجَنَّۃِ الَّتِیْ کُنْتُمْ تُوْعَدُوْنَ

"બેશક ! વો જિન્હોંને કહા હમારા રબ અલ્લાહ હૈ ફિર ઉસ પર કાઈમ રહે ઉન પર ફરિશ્તે ઉતરતે હૈં કે ન ડરો ઔર ન ગમ કરો ઔર ખુશ હો ઉસ જન્નત પર જિસકા તુમ્હે વાદા દિયા જાતા થા."

*(સૂ. હા મીમ સજદા, ૪૧/૩૦)*

*નામ હી નામ હૈ જો કુછ હૈ હકીકત કે સિવા*
*રાસ્તા કોઈ નહીં ઉન્કી શરીઅત કે સિવા*
*કુછ નહીં હૈ મેરી ઈસ હસ્તીપે બે બૂદ કી બૂદ*
*ખ્વાબે ગફલતકે સિવા, વહમકી ઈલ્લતકે સિવા*
*સચ તો યહ હૈ યહી સબકુછ હૈ કે કુછ ભી ન રહે*
*તલબો તાલિબો મત્લૂબમેં વહદતકે સિવા*

*(મુહદ્દિષે આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہ)*

મૌજૂદા હાલતમેં એશો ઈશ્રત ઔર આરામ કે સારે અસ્બાબો વસાઈલ ફરાહમ હોનેકે બાવજૂદ ઈન્સાન બેચૈન, મુઝ્તરિબ ઔર પરેશાન નઝર આતા હૈ. હર ઈન્સાન ચાહતા હૈ કે ઉસે ચૈનો સુકૂનવાલી ઝિંદગી મયસ્સર આયે ઔર ઉસીકે લિયે વો દુન્યવી અસ્બાબો વસાઈલ ઝયાદાસે ઝયાદા ઈસ્તેમાલ કરકે ઝિંદગીકો પુર સુકૂન કરના ચાહતા હૈ. અગર કિસી કે પાસ સોનેકે લિયે કે મહઝ દરી (શેતરંજી)થી તો આજ વો સુકૂન કે લિયે નરમ ગદ્દેકા ઈસ્તેમાલ કર રહા હૈ. કલ તક કિસીકે પાસ મહઝ પંખા થા આજ ઉસ્કે સુકૂન કે લિયે એરકંડિશન લગાયા હુવા હૈ. કલ તક સવારીકે લિયે મહઝ સાયકિલ થી આજ આરામ દેહીકે લિયે ઉસકે પાસ ઉમદા ગાળિયાં હૈં. કલ તક કચ્ચા મકાન થા આજ આસાઈશ કે લિયે ઉસને પકકા મકાન બના લિયા હૈ. ગર્ઝ યહ કે રાહતો ઈત્મિનાન ઔર ચૈનો સુકૂનકે લિયે ઈન્સાન ઝયાદાસે ઝયાદા દુન્યવી અસ્બાબો વસાઈલ કો ઈસ્તેમાલમેં લાતા હૈ. મગર દિન બ દિન બેસુકૂની ઔર બે ઈત્મિનાનીકા માહોલ બળ્હતે હી ચલા જા રહા હૈ. ઐસે માહોલમેં દિલોંકા ઈઝ્તિરાબ દૂર કરને ઔર રૂહકો સુકૂન દેનેકે લિયે સૂફિયા સાલેહીન કા "તરીકએ તસવ્વુફ" નિહાયત કાર આમદ, આઝમૂદા ઔર મુજર્રબ નુસ્ખા ષાબિત હોગા.

"તરીકએ તસવ્વુફમેં :–

- ઝાહિર કે સાથ બાતિનકી તહારત વ તઝકિયાકી તરફ તવજ્જોહ દી જાતી હૈ. જિસ્મસે ઝયાદા રૂહકો તાકતવર બનાનેકી કોશિશ કી જાતી હૈ.
- ઈન્સાનકો બાતિની મુહલિક બીમારિયોંસે બચાકર ઉસકે દિલકો પુરનૂર ઔર મુસફફા, મુઝકકા (સ્વચ્છ, સાફ) બના દિયા જાતા હૈ.

હિકદો હસદ, કીના, બુખ્લ (કંજૂસી), બુઝદિલી, હિર્સ વ તમઅ (લાલચ), અદાવત,

તકબ્બુર, રિયા, ખૂદ પસંદી, ઉ્જ્બ (ઘમંડ) વગૈરા અવસાફે ઝમીમા (દુર્ગુણો)સે ઈન્સાનકે બાતિનકો તરીક્એ તસવ્વુફ કે ઝરીઆ પાકો સાફ કરકે ઉસ્કી જગહ ખૌફો ખશિય્યત, તક્વાઓ તહારત, સબ્રો શુક્ર, હિલમો બુર્દબારી (સહનશીલતા) અફ્વો દરગુઝર, આજિઝીઓ ઈન્કેસારી, સખાવત વ ફૈયાઝી વગૈરા અવસાફે હ્મીદા (સદ્ગુણો)સે બંદેકો આરાસ્તા કર દિયા જાતા હૈ.

આજ ભી બેક્રાર રૂહેં અપને રૂહાની ઈઝતેરાબકો દૂર કરને કે લિયે ''સહીહ તરીક્એ તસવ્વુફ''કી મુતલાશી હૈં. આજ ભી પ્યાસી રૂહેં અપની રૂહાની પ્યાસ બુઝાનેકે લિયે ''સહીહ તરીક્એ તસવ્વુફ'' કી રાહ તક રહી હૈં. આજ ભી મુઝ્તરિબ ઔર બેચૈન દિલ કિસી નિગાહે કીમિયા અષર સૂફીકી તલાશમેં હૈ. ઔર બિલા શુબ્હા આજ ભી અલ્લાહકે ફઝ્લો કરમસે તરીક્તો તસવ્વુફકે સચ્ચે અલમબરદાર મૌજૂદ હૈં, લેકિન વો તા'દાદ ઔર ગિનતીમેં થોળે હૈં ઔર જાલ પરસ્ત, બનાવટી મુતસવ્વિફ (સૂફી) ઉમ્મતમેં બળી તાદાદમેં દર આયે (ઉભરાય ઉઠેલા) હૈં, જિનકા સારા ઝોર ઝાહિરી બનાવ શિંગાર પર રહતા હૈ. મુખ્તસર લફ્ઝોંમેં ઉસે યૂં સમઝ લેં કે લિબાસ સૂફિયોંકા ઔર કિરદાર કૂફિયોંકા.

ઈસી હવાલેસે દાતા ગંજ બખ્શ હિજવૈરી رحمۃ اللہ علیہ અપની મઅરૂફે ઝમાના કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' શરીફમેં લિખતે હૈં : (અર્થ) તસવ્વુફકે માનનેવાલોં ઔર ઉસ પર અમલ કરનેવાલોંકી તીન કિ્સ્મેં હૈ : એક કો ''સૂફી,'' દૂસરે કો ''મુતસવ્વિફ'' ઔર તીસરે કો ''મુસ્તસવિફ'' કહતે હૈં. ''સૂફી'' વો હૈ જો ખૂદકો ફના કરકે હક્ક્કે સાથ મિલ જાએ ઔર ખ્વાહિશાતે નફસાનિયાકો મારકર હક્ીક્તસે પેવસ્તા હો જાએ. ''મુસ્તસ્વિફ'' વો હૈ જો રિયાઝત વ મુજાહિદા કે ઝરીઆ ઉસ મક્ામકી તલબ કરે, ઔર વો ઉસ મક્ામકી તલબો હુસૂલમેં સાદિક્ હૈ. ''મુસ્તસ્વિફ'' વો હૈ જો દુન્યવી ઈઝ્ઝત વ માલો દૌલતકી ખાતિર ખૂદકો સૂફી જૈસા બના લે ઔર ઉસે મક્ામાતકી કુછ ખબર ન હો. ઐસે નક્લી સૂફીકે લિયે ઓરફા (આરિફો)કા મકૂલા હૈ :

اَلْمُسْتَصْوِفُ عِنْدَ الصُّوفِيَةِ كَا الذُّبَابِ وَ عِنْدَ غَيْرِهِمْ كَا الذِيَابِ

યઅની સૂફિયાએ કિરામકે નઝદીક નક્લી સૂફી મક્ખી કી તરહ ઝલીલો ખાર હૈ. વો જો કરતા હૈ મહઝ ખ્વાહિશે નફ્સકે લિયે કરતા હૈ, ઔર નક્લી સૂફી દૂસરોં કે નઝદીક ભેળિયે(વરૂ) કે માનિન્દ હૈ, જિસ તરહ ભેળિયે અપની તમામ તાક્તો કુવ્વત મુરદાર કો હાસિલ કરનેમેં સર્ફ કરતા હૈ. યહી હાલ નક્લી સૂફીકા હૈ. જો સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم કે ફર્માન : اَلدُّنیا جِیفَةٌ وَطُلابُھا کلابٌ ''દુન્યા મુરદાર હૈ ઉસ્કા તાલિબ કુત્તા હૈ'' કે મુતાબિક્ દુન્યા પરસ્તી યઅની મુરદાર ખોરીમેં લગા હુવા હૈ.

દાતા સાહબ આગે ફર્માતે હૈ : (અર્થ) તો સૂફી સાહિબે વુસૂલ હૈ. મુતસવ્વિફ સાહિબે ઉસૂલ હૈ ઔર મુસ્તસ્વિફ સાહિબે ફુઝૂલ હૈ. વો સૂફી જિસકા નસીબ વસ્લ હૈ, વો મક્સૂદકો પા લેતા હૈ ઔર મુરાદકો પહૂંચ જાતા હૈ. નીઝ વો દીગર મુરાદોં ઔર મક્ાસિદસે બેનિયાઝ હો જાતા હૈ. વો મુતસવ્વિફ જો અસ્લ કે કાબિલ થા વો રાહે તરીક્તકે અહવાલ પર ષાબિત ક્દમ રહા ઔર ઉસકે નતાઈજસે બહરા અંદૂઝ હોકર મુસ્તહકમ હુવા. વો મુસ્તસ્વિફ જિસે સાહિબે ફુઝૂલ કહા ગયા હૈ, વો હૈ જો હર શાઈસ્તા ચીઝસે નામુરાદ રહા, ઝાહિરદારીમેં ખો ગયા, હક્ીક્તસે મહજૂબ રહા ઔર ઉસી હિજાબને ઉસે વસ્લ ઔર અસ્લસે મેહરૂમ કર દિયા.

દાતા ગંજબખ્શ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ અપની

કિતાબ "કશ્ફુલ મહજૂબ શરીફ"મેં અપને દૌરકે એતબારસે તસવ્વુફકે નામપે જાલ સાઝી કરનેવાલોંકે લિયે લિખતે હૈં :

التَّصَوُّفُ الْيَوْمَ اِسْمٌ لَا حَقِيْقَتُه وَقَدْ كَانَ حَقِيقَتُهُ لَا اِسْمَ تَصَوُّفْ

(અર્થ) તસવ્વુફ મૌજૂદા ઝમાનેમેં સિર્ફ એક નામ હૈ જિસકી કોઈ હક઼ીક઼ત નહીં. ઔર ગુઝિશ્તા ઝમાનેમેં એક હક઼ીક઼ત થી જિસકા કોઈ (મખ્સૂસ) નામ ન થા. યઅની સહાબાએ કિરામ સલફે સાલેહીનકે વક઼્તમેં લફ્ઝ સૂફી તો બેશક ! નહીં થા, લેકિન ઉસકી હક઼ીક઼ી સિફાત ઉનમેંસે હર એકમેં મૌજૂદ થીં, ઔર આજકલ યહ નામ તો મૌજૂદ હૈ લેકિન ઉસકે મઅના મૌજૂદ નહીં. ઉસ ઝમાનેમેં મુઆમલાતે તસવ્વુફસે આગાહી કે બાવજૂદ લોગ ઉસકે મુદ્દઈ ન હોતે થે, લેકિન અબ દા'વા હૈ મગર મુઆમલાતે તસવ્વુફસે આગાહી મક઼સૂદ હૈ. *(કશ્ફૂલ મહબૂબ, ફારસી, પેજ-૩૧)*

દાતા ગંજબખ્શ અલી હિજવૈરી رحمۃ اللہ علیہને સૂફી મુતસવ્વિફ ઔર મુસ્તસ્વિફકી પેહચાન કરાઈ ઔર આપને ફર્માયા કે પહલે ઝમાનેમેં સહાબાએ કિરામ ઔર તાબઈને એઝામમેં તસવ્વુફકી હર ખૂબી મૌજૂદ થી. મગર તસવ્વુફ ઔર સૂફી નામ નહીં બોલા જાતા થા. ઔર આજ સૂફીકા નામ બોલા જાતા હૈ મગર તસવ્વુફકી કોઈ સિફત (ખૂબી, ગુણ) ઉનમેં નહીં પાઈ જાતી. ઈલ્લા માશા અલ્લાહ ! અસ્લ ઔર હક઼ીક઼ી તસવ્વુફ ઔર તરીક઼એ તસવ્વુફ ક્યા હૈ વો બુઝુર્ગાને દીન કી તાલીમાત બિલ્‌ખુસૂસ તાલીમાતે મખ્દૂમે પાક કી રોશનીમેં સમાઅત ફર્માએ.

## ★ તરીક઼એ તસવ્વુફકી પહલી તા'લીમ ★

સૂફિયા સાલેહીન કે નઝદીક હુસૂલે ઈલ્મે દીનમેં અપની ક઼ીમતી ઝિંદગીકા એક તવીલ અરસા સર્ફ કરના મઅમૂલ રહા હૈ ઔર ક્યું ન હો કે ખિદમતે દીન બે ઈલ્મે દીન મુમ્કિન નહીં. અલ્લાહ કે રસૂલ ﷺ ઈર્શાદ ફર્માતે હૈ : طلبُ العلمِ فریضۃٌ علی کلِّ مسلمٍ "ઈલ્મકા હાસિલ કરના હર મુસલમાન મર્દ (વ ઔરત) પર ફર્ઝ હૈ." ઉસકી તફસીલ યહ હૈ કે જો ચીઝેં બંદે પર ફર્ઝો વાજિબ હૈં ઔર જો ઉસકે લિયે મમ્નૂઅ વ હરામ હૈં ઔર ઉસે દર પેશ હૈ ઉન્કા સીખના ફર્ઝે અયન હૈ. ઔર ઉસસે ઝાઈદ ઈલ્મ હાસિલ કરના ફર્ઝે કિફાયા હૈ.

સાહિબે ખઝાઈનુલ ઈર્ફાન સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ લિખતે હૈં, "ઈલ્મે દીન હાસિલ કરના ફર્ઝ હૈ. જો ચીઝેં બંદે પર ફર્ઝ વ વાજિબ હૈ ઔર જો ઉસકે લિયે મમ્નૂઅ વ હરામ હૈં ઉસકા સીખના ફર્ઝે અયન હૈ. ઔર ઉસસે ઝાઈદ ઈલ્મ હાસિલ કરના ફર્ઝે કિફાયા હૈ. હદીષ શરીફમેં હૈ, ઈલ્મ સીખના હર મુસલમાન પર ફર્ઝ હૈ. ઈમામ શાફઈ رضی اللہ عنہને ફર્માયા, ઈલ્મ સીખના નફ્લ નમાઝસે અફઝલ હૈ." *(ખઝાઈનુલ ઈર્ફાન)*

મુકમ્મલ ઈલ્મે દીન સીખના ફર્ઝે કિફાયા હૈ. અગર બસ્તીમેં એક શખ્સ ભી મુકમ્મલ આલિમે દીન હો જાએ તો સબકા ફર્ઝ અદા હો ગયા. *(નૂરુલ ઈર્ફાન)*

બક઼દરે ઝરૂરત ફિક઼્હ સીખના ફર્ઝે અયન હૈ. લેહાઝા રોઝે, નમાઝ, પાકી, પલીદીકે અહકામ સીખના હર મુસલમાન મર્દ ઔરત પર ફર્ઝ હૈં, કે યહ ઈબાદાત સબ પર ફર્ઝ હૈ, ઔર તાજિર પર તિજારતકે મસાઈલ, મુલાઝિમ પર નોકરી કે મસાઈલ સીખના ફર્ઝ હૈ. ઈમામ શાફઈ ફર્માતે હૈં કે ઈલ્મે દીન સીખના નફ્લ નમાઝસે અફઝલ હૈ.

*(ખઝાઈન)*

દુર્રે મુખ્તારમેં હૈ : જાન લીજિયે ! ઈલ્મ સીખના ઔર ઉસે હાસિલ કરના ફર્ઝે અયન હૈ ઔર ઉસસે મુરાદ ઈતની મિક઼દાર હૈ કે જિસકી દીનમેં ઝરૂરત પળતી હૈ.

રદુલ મુહતારમેં હૈ : (અર્થ) દીની ઈલ્મ ઔર હિદાયત હાસિલ કરનેકે બાદ હર આકિ઼લ, બાલિગ, મર્દ, ઔરત પર વુઝૂ, ગુસ્લ, નમાઝ ઔર રોઝા કે મસાઈલ સીખના ફર્ઝ હૈ. ઔર ઈસી તરહ મસાઈલે ઝકાતકા ઉસ શખ્સકે લિયે જાનના જો સાહિબે નિસાબ હૈ. ઔર હજકે મસાઈલ ઉસકે લિયે જિસ પર વો વાજિબ હૈ. ઔર ખરીદો ફરોખ્ત કે મસાઈલ જાનના કારોબાર કરનેવાલોંકે લિયે તા કે વો અપને તમામ મુઆમલાત મેં મશ્કૂક ઔર મકરૂહ કામોંસે બચ જાએ. યૂંહી પેશાવર ઔર હર ઐસા આદમી જો કિસી કામમેં મશ્ગૂલ હો તો ઉસ પર ઉસ કામકા ઈલ્મ રખના ફર્ઝ હૈ. ઔર ઉસકા હુકમ યહ હૈ તા કે વો ઉસ મુઆમલેમેં હરામસે બચ જાએ.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્ઝિયતે ઈલ્મકે હવાલેસે ફર્માતે હૈં : "ઉન ઉલૂમકા સીખના જિનકી તરફ ઈન્સાન બિલ્ફેઅલ (ફિલ્હાલ) અપને દીનમેં મોહતાજ હો, ઉન્કા આમ વ અશ્મલ (વધુ સામેલ થનાર) વ આ'લા વ અકમલ વ અહમ વ અજલ ઈલ્મે ઉસૂલે અકા઼ઈદ હૈં, જિનકે એ'તેકા઼દસે આદમી "મુસલમાન સુન્નિયુલ મઝહબ" હોતા હૈ, ઔર ઈન્કાર વ મુખાલિફતસે કાફિર યા બિદઅતી. વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા.

સબમેં પહલા ફર્ઝ આદમી પર ઉસીકા તઅ્લ્લુમ હૈ ઔર ઉસ્કી તરફ એહતિયાજમેં સબ યકસાં. ફિર ઈલ્મે મસાઈલે નમાઝ યા'ની ઉસકે ફરાઈઝ વ શરાઈત વ મુફસિદાત જિનકે જાનનેસે નમાઝ સહીહ તૌર પર અદા કર સકે. ફિર જબ રમઝાન આએ તો મસાઈલે સૌમ. માલિકે નિસાબ નામી હો તો મસાઈલે ઝકાત, સાહિબે ઈસ્તિતાઅત હો તો મસાઈલે હજ્જ, નિકાહ કરના ચાહે તો ઉસકે મુતઅ્લ્લિક઼ ઝરૂરી મસ્અલે, તાજિર હો તો મસાઈલ બયઅ વ શરાઅ (ખરીદ વેચાણ) મુઝારેઅ્ (ખેડૂત) પર મસાઈલે ઝરાઅ્ત (ખેતી), મુજિર વ મુસ્તાજિર પર મસાઈલે ઈજારા. વ અ્લા હાઝલ્ ક઼િયાસ હર ઉસ શખ્સ પર ઉસકી હાલતે મૌજૂદા કે મસ્અલે સીખના ફર્ઝે અયન હૈ. ઔર ઉન્હીમેં સે હૈ મસાઈલે હલાલો હરામ કે હર ફર્દે બશર ઉનકા મોહતાજ હૈ ઔર મસાઈલે ઈલ્મે કલ્બ યા'ની ફરાઈઝે કબીલા મિષ્લે તવાઝોઅ વ ઈખ્લાસ વ તવક્કુલ વગૈરહા ઔર ઉનકે તર્કે તેહસીલ ઔર મુહર્રમાતે બાતિના તકબ્બુર વ રિયા વ ઉજૂબ વ હસદ વગૈરહા ઔર ઉનકે મુઆલિજાત કે ઉન્કા ઈલ્મ ભી હર મુસલમાન પર અહમ ફરાઈઝસે હૈ. જિસ તરહ બેનમાઝી ફાસિકો ફાજિર વ મુર્તકિબે કબાઈર હૈ યૂં હી બઐનિયા રિયાસે નમાઝ પઢનેવાલા ઉન્હીં મુસીબતોંમેં ગિરફતાર હૈ. نسئل اللہ العفو والعافیۃ (હમ અલ્લાહ તઆલાસે અફ્વો આફિયતકા સવાલ કરતે હૈં) તો સિર્ફ યહી ઉલૂમ હદીષમેં મુરાદ હૈં વ બસ. *(ફતાવા રઝવિય્યહ, ૨૩)*

અલ્ હાસિલ, જો બંદા અદાયગીએ હજ પર જાના ચાહતા હૈ ઉસ પર મસાઈલે હજ્જકા ઈલ્મ ફર્ઝ હૈ. જો બંદા સાહિબે નિસાબ હો ગયા ઉસ પર ઝકાતકા ઈલ્મ સીખના ફર્ઝ હૈ, જો બંદા તિજારત કરના ચાહતા હૈ ઉસકે લિયે ઈલ્મે તિજારતકા હુસૂલ ફર્ઝ હૈ. અલ્ હાસિલ کل من اشتغل بشیئ یفرض علیہ علمہ (ક્રમશઃ)


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# વર્તમાનકાળમાં કરવા જેવાં કેટલાક કામો

અઝ : મૌલાના મુહમ્મદ અબ્દુલમુબીન નોઅમાની
(મોહતમિમ દારુલ ઉલૂમ કાદરિયા, ચિરૈયાકોટ–મઉ, યુ.પી.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

મુસલમાનોની ભલાઈ તથા અચ્છાઈ માટે કેટલાક મહત્વના ઈસ્લામી પયગામો રજૂ કરવામાં આવે છે. મુસ્લિમ કૌમને ગુઝારિશ છે કે વિચારણા કરે, પાકો નિશ્ચય કરે અને એના પર અમલ કરવા માટે આગળ વધે.

**(૧)** મુસલમાન ખુદ નમાઝોની પાબંદી કરે અને અન્યોને નમાઝી બનાવવાની તરફ પર ધ્યાન કરે, અને એ કામ પ્રથમ પોતાના ઘરથી શરૂ કરે. કેમ કે ઈમાન તથા અકીદા દુરુસ્ત કરી લીધા બાદ નમાઝથી ગફલત ઘણો જ મોટો ગુનોહ છે. કારખાનુ ધરાવનારાઓ પોતાના મજૂરોને પણ નમાઝની તાકીદ કરે, બલ્કે નમાઝી મજૂરોને જ અગ્રતા આપે અને તેમને સહૂલત પૂરી પાડે. નમાઝથી આપણો કૌમી વકાર પણ જળવાય રહે છે અને ફરીઝાએ ખુદાવંદીની અદાયગી પણ થાય છે. નમાઝી મુસલમાનના અખ્લાક પણ ઉચ્ચ હોય છે.

**(૨)** ઘણા શેઠ લોકો મજૂરોની મજૂરી નક્કી નથી કરતા અને કામ કરાવ્યા બાદ મનમાની મજૂરી તેમને આપી દે છે જે શરીઅતની રૂએ જાઈઝ નથી. પહેલાં મજૂરી નક્કી કરી લેવી જરૂરી છે અને એના જ પ્રમાણે અદા કરવું પણ જરૂરી છે અને શક્ય ત્યાં સુધી મજૂરી સમય પર અદા કરવી. ઘણા કારખાનાવાળા પૈસા હોવા છતાં પણ મજૂરી આપવામાં ટાળમટોળથી કામ લે છે. જ્યારે કે હદીષમાં આવ્યું છે કે;

أُعْطُو الْاَ جِیرًا اجرہ قبل ان یجِفَّ عِرقہٗ

"પરસેવો સૂકાતા પહેલાં મજૂરની મજૂરી અદા કરી દેવામાં આવે" (રવાહુ ઈબ્ને માજહ, પેજ–૨૫૮, બાબુલ ઈજારા, મજલિસે બરકાત, મુબારકપુર) એટલે મજૂરી આપવામાં જલ્દી કરવામાં આવે. એની વિરૂધ્ધ કરવું મુસલમાનનું કામ કદાપિ નથી. એવું કરવું જુલ્મ પણ છે અને જુલ્મનો અંજામ બુરો જ હોય છે.

**(૩)** શરાબ તથા જૂગાર નાપાક અને ગુનાહનાં કામો છે એનાથી પોતે પણ બચે અને પોતાની ઔલાદને અને અન્ય મુસલમાન ભાઈઓને પણ એનાથી દૂર રહેવાની તાકીદ કરે. તેવા સ્થળોએ પણ હાજરી ન આપે.

**(૪)** જરૂરત પડવા પર જ હોટલોમાં જાય. જરૂરત પૂર્ણ થતાં જલ્દીથી પરત આવે અને પછી દીન કે દુનિયાના કોઈ કામમાં લાગી જાય. હોટલો તથા પિકનિક પોઈંટ પર સમય વેડફવો જિંદગીને બર્બાદ કરવું છે. હુઝૂર હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફર્માવે છે, "સમયને વેડફી નાખવો એ સૌથી મોટી મેહરૂમી છે. ગૈર જરૂરી કામોમાં સમય વેડફનાર કદી સાચો તથા સારો મુસલમાન નથી હોઈ શકતો."

હદીષ શરીફમાં છે :–

مِنْ حُسْنِ اِسْلَامِ الْمَرْءِ تَرْکُہٗ مَالَا یَعْنِیْہِ

"બંદાના ઈસ્લામની ખૂબી એ છે કે બેમકસદ (ફોગટની) વાતોને છોડી દે."
*(તિર્મિઝી, હદીષ–૨૩૧૭, ઈબ્ને માજહ, હ. ૩૯૭૬)*

**(૫)** આજે આપણા ઘરોનો માહોલ ખરાબ થઈ ચૂક્યો છે. ન પુરૂષ સ્ત્રીઓની કોઈ અયોગ્ય તથા તબીઅત વિરૂધ્ધની વાત સહન કરી રહ્યા છે અને ન સ્ત્રીઓ પુરૂષોની કોઈ મિઝાજ વિરૂધ્ધની વાત સહન કરવા તૈયાર છે. આજે તો સ્ત્રીઓ પણ હાકિમ બની ચૂકી છે ! પુરૂષ તો હાકિમ છે જ. હાકિમે પણ જોઈએ કે હાથ નીચેનાઓના હક્કોનો ખયાલ કરે, તેમની સાથે નરમીનો વર્તાવ કરે અને હાથ નીચેનાંઓએ પણ જોઈએ કે હાકિમની પ્રતિષ્ઠા તથા માનને સાચવે. સ્ત્રીએ હાકિમ બની જવું અથવા પોતાને હાકિમ ધારી લેવું ખુદ જ સહીહ નથી. એની હદીષમાં બુરાઈ વર્ણન કરવામાં આવી છે કે

لَنۡ یُّفۡلِحَ قَوۡمٌ وَلَّوۡا اَمۡرَھُمۡ اِمۡرَاَۃً "તે કૌમ કદાપિ ભલાઈ નથી પામી શકતી જેમણે પોતાની સ્ત્રીઓને હાકિમ બનાવી લીધી. (બુખારી : ૪૪૨૫) આ તો સ્ત્રીઓને હાકિમ બનાવવાની મનાઈ છે, અને જો પોતે જ સ્ત્રીઓ હાકિમ બની જાય તો તે અધિક વધારે ખરાબ તથા બુરુ છે. ઘરેલુ ઝઘડાઓ અને તલાક઼ તથા કેસોનું મોટું કારણ આ જ છે કે પતિ પત્નીએ પોતપોતાના સ્થાન તથા મર્તબાને ભૂલાવી દીધો છે.

વિચારવાની વાત એ છે કે જ્યારે આપણે આપણા નાના સરખા ઘરની મામૂલી હુકૂમત નથી ચલાવી શકતા, રોજ બ રોજ એમાં ગરબડો થતી રહે છે તો પછી બીજાઓથી આપણે આપણા હક્કોની માગણી કેવી રીતે કરી શકીએ છીએ. આપણે ખુદ ઠીક થઈ જઈએ તો પૂરો સમાજ ઠીક થઈ જશે. ઈન્શા અલ્લાહ !

(૬) હદીષ વર્ણન થઈ ચૂકી છે કે اَلدِّیۡنُ النُّصۡحُ لِکُلِّ مُسۡلِمٍ "દીનદારી એ છે કે પોતે મુસલમાન ભાઈની ઈસ્લાહ (સુધારણા)ની ફિકર અને કોશિશ કરે." એટલે કે દરેક મુસલમાન બીજાની સુધારણાનો હક઼ ધરાવે છે બલ્કે તેની દીનદારી એ સમયે મુકમ્મલ થશે જ્યારે તે બીજાની ચિંતા કરે. આજ કાલ આ ગૈર ઈસ્લામી બોલીઓ સામાન્ય થઈ ચૂકી છે : "તું તારું જો ! દુનિયાની ફિકર છોડ ! "તમને મારી ફિકર કેમ પડી છે, તમે તમારું જુઓ ! અને "તમે કોણ છો અમારી સુધારણા કરવાવાળા ?!" "તમે તમારુ ધુઓ ! આવી ગયા અમારી સુધારણા કરવા !" વગેરે વાક્યો ઘણા જ જોર શોરથી બોલવામાં આવે છે, અને એને બહાદુરી સમજવામાં આવે છે.

ભાઈ ! કોઈ કેટલો પણ બુરો હોય પણ જો તે આપણી ભલાઈ ચાહે છે તો એ આપણા હક્કમાં બેહતર જ છે. જો કોઈ આપણી ઉણપને દૂર કરવા ચાહે છે તો એનું એહસાન માનો. તેની કોઈ કમી ખામી ન શોધો. હા ! બોલવું હોય તો એવું કહી શકાય છે કે આપે મારી સુધારણાની ફિકર કરી, મારી આંખો ખોલી આપી તેનો આભાર ! ઈન્શા અલ્લાહ ! હું મારી સુધારણાની ફિકર તથા કોશિશ કરીશ. હું ચાહું છું કે તમો તમારી ફલાણી ફલાણી ગલતીઓ ઠીક કરી લો જેથી તમો પણ ગુનાહોથી પાક થઈ જાવ અને હું પણ. હાલતની સુધારણાનો આ તરીકો સહીહ તથા સારો છે. અને સ્વાર્થપણાની વાતો ઈસ્લામી તાલીમાતની તદ્દન વિરૂધ્ધ છે.

(૭) ઈસ્લામમાં પડોશીઓના ઘણા હક્કો છે. આજનો મુસલમાન તેને પણ પાયમાલ કરતો જોવા મળે છે. પડોશીઓના હક્કોનો એ હાલ છે કે જો ગૈર મુસ્લિમ પડોશી હોય તો તેની સાથે પણ હુસ્ને સુલૂક (સદ્‌વર્તાવ)નો હુકમ છે. ઈસ્લામની હદોમાં રહીને ગૈર મુસ્લિમ પડોશીઓ સાથે પણ હુસ્ને અખ્લાક઼નું વર્તન કરવું જોઈએ. તેની સારી ભલી અસરો આપણને જોવા મળે છે. સદ્ વર્તનનો મામલો તો એવો છે કે એના થકી મોટા મોટા પૂર્વગ્રહી તથા કટ્ટરવાદી ગૈર મુસ્લિમ પણ ઘણીવાર પ્રભાવિત થઈ જાય છે, અને જેઓ મધ્યમ વિચારધારાવાળા હોય છે તેમના પર તો સારી અસરો જરૂર પડે છે. હું સમજુ છું કે આ દિશાએ પણ ખાસ ધ્યાન આપવાની જરૂરત છે.

(૮) તંગદસ્ત ભાઈઓ માટે એક "ગરીબ ફંડ" સ્થાપિત કરો જેના થકી જરૂરતમંદો તથા મોહતાજોની મદદ કરવામાં આવે. ઝકાતની રકમો પણ આ ફંડમાં સામેલ કરી શકાય છે, પરંતું તેનો ઉપયોગ ખૂબ જ સમજી વિચારીને કરવામાં આવે. ઉલમાએ કિરામ તથા મુફતીઓ સમક્ષ આના બારામાં જરૂર રુજૂઅ કરવામાં આવે, જે તરીકો તેઓ બતાવે તેના પર અમલ કરવામાં આવે. એ ફંડથી આ કામો કરી શકાય છે : ૧. ગરીબ બીમારોનો ઈલાજ કરાવવામાં આવે. ૨. બેસહારા કેદીઓની મુક્તિની વ્યવસ્થા કરવામાં આવે. ૩. ગરીબ તલબાની મદદ કરવામાં આવે જેઓ દીની તાલીમ હાંસલ કરતા હોય કે દુનિયવી, પણ નેક, પાકીઝા અને નમાઝી હોવા જરૂરી છે. ૪. જરૂરતમંદ બેવાઓ તથા હાજતમંદ યતીમ બાળકોનો ખર્ચ ઉપાડી લેવામાં આવે. ૫. જે ગરીબ ઈલાક઼ાઓમાં મસ્જિદની જરૂરત છે ત્યાં સાદી સિમ્પલ મસ્જિદ બનાવી દેવામાં આવે અથવા બાંધકામમાં ભાગ લેવામાં આવે. મસ્જિદોને ફુઝૂલ ખર્ચાઓથી બચાવવી પણ જરૂરી છે. સાજ શણગાર ડેકોરેશન તથા મીનારાઓની

હરીફાઈ એ કોઈ દીની જરૂરત નથી, એ કેવળ શોખની ચીજો છે. જો સરળતાપૂર્વક થઈ જાય તો વાંધો નથી પણ એ કામો માટે તનતોડ મહેનત કરવી પડે અને દર દર ફરવું તદ્દન અયોગ્ય છે.

**(૯)** વ્યાજ મુક્ત બેંકો સ્થાપવામાં આવે, અને આ બારામાં પણ મુફ્તિયાને કિરામથી મર્ગદર્શન લેવું જરૂરી છે જેનાથી હરામમાં પડવાથી બચી શકાય.

**(૧૦)** હુકૂમતના કાનૂનોની શક્ય ત્યાં સુધી કાળજી રાખવામાં આવે, વિના કારણે કાયદો ભંગ કરીને પોતાને મુસીબતના હવાલે કરવું એ અક્લમંદી નથી એના માટે રાજનૈતિક સુઝબુઝની પણ જરૂરત છે, પરંતુ પાર્ટીની રાજનીતિથી બચવું પણ જરૂરી છે. એ જ પ્રમાણે દેશના કાયદાઓની જાણકારી પણ આપણને હોવી જોઈએ.

**(૧૧)** હંગામાઓના સંજોગોમાં હમેશાં "જોશ પર હોશનું કન્ટ્રોલ હોવું" જરૂરી છે, નહીં તો પોતાના જ હાથે પોતાનું નુકસાન ઉઠાવવું પડી શકે છે. એના બારામાં અસ્થાને બહાદુરીનું પ્રદર્શન પણ કદી કદી ઘણુ મોટુ તથા ભયાનક નુકસાનકર્તા પુરવાર થાય છે.

**(૧૨)** શાદી વિવાહમાં ફુઝૂલ તથા બિન જરૂરી ખર્ચાઓથી બચવું પણ ઘણુ જ મહત્વ ધરાવે છે. મુસલમાનોએ જોઈએ કે સાદગીની સાથે શાદીઓના પ્રસંગો અંજામ આપે, અને જેમને અલ્લાહે દોલતથી નવાજ્યા છે તેઓ મુસલમાનોના કૌમી ભલાઈના મામલાઓ માટે ફંડ મજબૂત કરે અને મુસલમાનોને પ્રગતિના માર્ગે ચલાવવા કોશિશ કરે.

**(૧૩)** ગરીબ તથા તંગદસ્ત મુસલમાનોને કારોબારી ઈમદાદ આપે, તેમને વેપાર તથા અમાનતદારીનો માર્ગ બતાવે અને ગરીબ મુસલમાન પણ દરેક કામ મહેનતથી અંજામ આપે.

**(૧૪)** મુસલમાન વેપાર ધંધા કારોબારમાં પ્રમાણિકતા તથા સચ્ચાઈનો ભરપૂર લેહાઝ રાખે, ધોકાબાજી, ખરાબ માલ સારો બતાવીને વેચવા જેવી બુરી આદતોથી પરહેઝ કરે, ઓછા નફે વધારે માલ વેચે, સુસ્તી, ફુઝૂલખર્ચી તથા સમય બેકાર વેડફવાથી પરહેઝ કરે.

**(૧૫)** જે ગરીબ પાસે રહેવા માટે મકાન નથી તેમને સહકાર કરવાની પણ ફિકર કરવી જોઈએ. અમુક ગરીબ લોકો અધિકતર બાળબચ્ચાંવાળા બની જાય છે તેમની પાસે જે તે સમયે ખાવા રહેવાની વ્યવસ્થા હોય છે પણ ભવિષ્યમાં તેમને તંગીનો સામનો થાય છે અને જમીન તથા મકાનના ખર્ચા એટલા મોટા હોય છે કે એને પહોંચી વળવું કોઈ ગરીબના વશની વાત નથી હોતી. એવા જરૂરતમંદ ભાઈઓની તરફ પણ ધ્યાન કરવું ખૂબ જ જરૂરી છે. તે એ રીતે કે તેમને શક્ય તે મદદ કરે અથવા માલદાર લોકો તેમને મકાનો તૈયાર કરીને આપે.

**(૧૬)** મુસલમાન કેવળ સારુ ખાવા ને સારુ પહેરવા પર ધ્યાન ન આપે બલ્કે પોતાની તંદુરસ્તીનો પણ ખયાલ રાખે. હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવ્યા કરતા હતા : "દીની દુનિયવી સર્વ પ્રકારનાં કામોનો આધાર તંદુરસ્તી પર છે. બીમાર માણસ જીવંત હોવા છતાં મુર્દા જણાય છે, એના માટે અમાપ ખાવાથી બચવું અને તંદુરસ્તીની હિફાઝતના નિયમો પર અમલ કરવો જરૂરી છે.

**(૧૭)** મોબાઈલ તથા ટી.વીમાં નિરર્થક અને ફોગટમાં વ્યસ્ત થવાથી બચીને પોતાના કિંમતી સમયોને બચાવે. યાદ રાખશો કે તેનો ગલત ઉપયોગ શરીઅતની રૂએ પણ નાજાઈઝ તથા ગુનોહ છે અને દુનિયાના જીવન માટે પણ નુકસાનકર્તા તથા મુસીબત ખડી કરનાર છે. નાનાં બાળકોને કદાપિ મોબાઈલ ન આપે કે એનાં નુકસાનો ગણત્રીથી બહાર છે. ખાસ કરીને તાલીમ તથા અખ્લાકનું નુકસાન તો તદ્દન ઉઘાડુ છે. દુનિયાની પ્રગતિ પામેલ કૌમો પોતાના બાળકોને મોબાઈલથી દૂર રાખે છે એના પરથી આપણે બોધ લેવો જોઈએ.

**નોંધ** : કહેવા માટે તો વાતો ઘણી છે પણ જો આટલી ગુઝારિશો પર અમલ કરી લેવામાં આવે તો પણ એ આપણા પ્રગતિ તથા કામયાબીના માટે ઘણુ છે.

*(અશરફિયા મંથલી, મુબારકપુર, માર્ચ–૨૨)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# શબે કદ્રની ઈબાદતો

કાર્યાલય

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરથી રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

❒ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર''** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

❒ **૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

❒ **૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

❒ **૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

❒ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

❒ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

❒ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચનો જલ્સએ દસ્તારબંદી

તા. ૮–૩–૨૦૨૨ મંગળવારના રોજ મજકૂર દારુલ ઉલૂમમાંથી ફારિગ થનાર ૬ આલિમ, ૪ કારી અને ૨૩ હાફિઝોની દસ્તારબંદીનો જશ્ન મનાવાયો જેમાં ખત્મે બુખારી શરીફ મસ્જિદે રયહાનમાં અસર બાદ મુહક્કિકે મસાઈલે જદીદા, સીરાજુલ ફુકહા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી જામિઆ અશ્રફિયા–મુબારકપુર) થકી કરવામાં આવી જેમાં હઝરતે ખૂબ જ ઈલ્મી રૂહાની અંદાઝમાં દર્સ આપ્યો હતો જેમાં ફારિગ થનાર આલિમો સિવાય અન્ય ઉલમા, તલબા અવામે હાજરી આપી ફયઝ મેળવ્યો હતો. મગરિબ બાદ દારુલ ઉલૂમના ચોગાનમાં હઝરત મૌલાના મુફતી સલીમ મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર)ની સદારતમાં હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબની સરપરસ્તીમાં દસ્તારબંદીનો જલસો થયો જેમાં નિઝામત હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (ઈમામ પીર છત્તર મસ્જિદ) નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ)એ આગવી સ્ટાઈલમાં નિઝામતની ફરજ નિભાવી. કિરાઅત, નઅત બાદ ઈલ્મ તથા ઉલમાની ફઝીલતમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાનદાર બયાન કર્યું. છેવટે મજકૂર ઉલમાના મુબારક હાથે ફારિગ થનાર તલબાની દસ્તારબંદી કરવામાં આવી.

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદમાં દસ્તારબંદીની ઝલક !

*ખુદાકી ઈનાયત હૈ બરકાતે ખ્વાજા–શહે દીં કી રહમત હૈ બરકાતે ખ્વાજા –(રિઝવાન શેખ, માલેગાંવ)*

તા. ૧૦–૩–૨૦૨૨ જુમેરાતે સવારના ૧૦ થી બપોરના ૧ વાગ્યા સુધી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદથી ફારિગ થનાર આલિમ, હાફિઝ તલબાની દસ્તારબંદીનો જશ્ન હઝરત મુફતી સાબિર મિસ્બાહીની સદારતમાં મસ્જિદે રઝામાં યોજાયો. જેમાં નિઝામત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ બખૂબી નિભાવી. કિરાઅત તથા નઅતની મેહફિલ બાદ મોહક્કિકે મસાઈલે જદીદા સીરાજુલ ફુકહા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર)નું આગમન થતાં આપનું નારાઓની ગુંજમાં સ્વાગત થયું. સાથે દાઈએ કબીર, વકારે અહલે સુન્નત, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) પણ તશરીફ લાવ્યા. મુફતી સાહબે ખૂબ જ આલિમાના વકાર સાથે બુખારી શરીફની છેલ્લી હદીષના દર્સ દરમ્યાન ખૂબ જ ઈલ્મો ઈર્ફાનની વર્ષા કરી અને "સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સુબ્હાનલ્લાહિ અઝીમ"ની ફઝીલત વર્ણવી તેને પઢયા કરવા નસીહત કરી હતી. પોતાનાથી લઈને તેમના ઉસ્તાદ પછી ક્રમે ક્રમે આગળ અસ્નાદો વર્ણવી હુઝૂર ﷺ સુધી રાવી વર્ણવ્યા અને શ્રોતાજનોને એની ઈજાઝત પણ આપી. બાદમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ટૂંકમાં પણ ઈમાન અફરોઝ બયાન સુબ્હાનલ્લાહ પર જ કર્યું. ત્યારબાદ હાફેઝ મુહમ્મદહુસૈન નબીપુરી (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા)એ હાલ ફારિગ થનાર મૌલાના રિઝવાન માલેગાંવીની લખેલી નઝમ "દર શાને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા" પઢી સુરૂરનો માહોલ પેદા કરી આપ્યો હતો. ત્યારબાદ હઝરત મુફતી સાહબ તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબારક હાથો વડે ૫ આલિમ તથા ૪ હાફિઝોની દસ્તારબંદી કરવામાં આવી હતી. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકે સૌ ફારિગ થનાર તલબાને દીનો સુન્નિયતના સાચા અર્થમાં સિપાહી બનાવે. *–તંત્રી*

## અમારું અવલોકન

**હદિયો : ૧૫૦**
*(ટપાલ ખર્ચ સહિત)*

**(કિતાબ) : સહાબાએ કિરામની કરામતો** (પેજીસ : ૨૬૪)

**લેખક** : શૈખુલ હદીષ હઝરત અલ્લામા મૌલાના અબ્દુલમુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા)*

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા એન્ડ સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
ફયુઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

સર્વ સુન્નીઓનો અકીદો છે કે સર્વ સહાબીઓ "આદિલ" હતા. ઉમ્મતે મુસ્લિમાની સર્વ શ્રેષ્ઠ હસ્તીઓ જેમાં **અંબિયા બાદ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક** رضی اللہ عنہ પછી હઝરત ઉમર رضی اللہ عنہ, હઝરત ઉષ્માન رضی اللہ عنہ, હઝરત અલી رضی اللہ عنہ અનુક્રમે અફઝલ છે. એને ન માનનાર ગુમરાહ છે. અને ખિલાફતનો ક્રમ પણ એ જ છે, જે એની વિરુદ્ધ વાત કરે તે બદ્દમઝહબ છે. (એના માટે વાંચો અમારી પ્રકાશિત કરેલી કિતાબ *"અફઝલિયતે સિદ્દીકે અકબર* رضی اللہ عنہ*"*) એ બાબતે સુન્ની હઝરાતે જ્ઞાન મેળવવું જરૂરી છે જેથી ગુમરાહીથી બચી શકે. આ કિતાબની પ્રસ્તાવનામાં સહાબીઓના મહાન મર્તબા વિશે અનેક કુર્આની આયતો જનાબ *મૌલાના ઝહીર મિસ્બાહી* (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ રજૂ કરી છે તેમજ કોઈપણ સહાબાથી કીનો રાખનારનો અંજામ હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ થકી દર્શાવેલ રજૂ કર્યો છે, જેનો અભ્યાસ જરૂરી છે. તેમજ કિતાબ લેખકે **૧૦૦ સહાબાએ કિરામની વિવિધ કરામતો** વર્ણવી છે જેને વાંચી સમજમાં આવી જશે કે આપણા સુધી ઈસ્લામ પહોંચાડનારા કેવા તક્વા, પરહેઝગારીવાળા તથા બાકમાલ કરામતોવાળા હતા.ઈમાન તાજુ થઈ જશે. ઈન્શા અલ્લાહ ! જેથી જરૂરથી આ કિતાબ મંગાવશો.

**આજે લોકોને કિતાબ, ધાર્મિક મેગેઝિનો ઘરમાં રાખવામાં એક બોજ લાગે છે જ્યારે કે ઘરે દીની કિતાબો, અંકો આવવા/લાવવાનો સિલસિલો બંધ કરવો એટલે દીની ઈલ્મથી સંબંધ તોડવા સમાન છે, અને દીની ઈલ્મથી સંબંધ તોડવો એટલે બંદાનું ગુમરાહી તરફ કદમ વધારવું છે.** જેથી આપણી ભલાઈ એમાં છે કે **દીની કિતાબો માટે ખાસ એક કબાટ વસાવીએ** અને **માસિક અંકોને ૧૨ મહીને ભેગા બાઈન્ડિગ કરાવીને ઘરમાં આ ઈલ્મી ખજાનાને મહેફૂઝ રાખીએ** તો ઘરમાં ઈલ્મની રોશની રહેશે તેમજ બરકતો પણ થશે અને પોતે તથા ઔલાદ ભટકવાથી બચશે. ઈન્શાઅલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દુઆની ખાસ અપીલ

"બરકાતે ખ્વાજા" મંથલીના ચાહક તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના સપોર્ટર જુનાગઢ નિવાસી **હાજી દાઉદભાઈ જુમ્માભાઈ**ને ગુટખાનુ ઓપરેશન કરવામાં આવેલ છે. એવું અમારા મોહિબ્બે ગિરામી પ્રતિનિધિ જનાબ મહેબૂબભાઈ "ફયઝાને મુસ્તફા લાયબ્રેરી"ના સંચાલક થકી જાણવા મળ્યું. સર્વ વાંચકોને અપીલ છે કે હાજી દાઉદભાઈની તંદુરસ્તી માટે દુઆ કરશો કે રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં, ગૌષો ખ્વાજાઓ મખ્દૂમો રઝાઓ જુમલા અવલિયાના વસીલાથી તેમને જલ્દીથી નેક તંદુરસ્તી અતા કરે, ઈમાન, તંદુરસ્તીવાળી લાંબી નેક જિંદગી નસીબ કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મદદની દર્દભરી અપીલ

દીની દુનિયવી શિક્ષણ આપતી સંસ્થા શાહમદાર બોર્ડિંગ મદ્રસાએ ફૈઝે મદાર સંચાલિત (નોન ગ્રાન્ટેડ) નૂરે મદાર માધ્યમિક શાળા પ્રાથમિક શાળા ધોરણ ૫ થી ૧૦ સુધી નિયમિત રૂપે ચાલી રહી છે. શિક્ષણ મેળવતા ગરીબ, યતીમ, તુલબાઓ/વિદ્યાર્થીઓને રહેવા જમવા વગેરે તમામ સુવિધાઓ મફત આપવામાં આવે છે. સવાબે જારિયામાં સામેલ થવા વિનંતિ. અલ્હમ્દુલિલ્લાહ ! ૬૫ × ૫૦ના પ્લોટમાં શરૂ કરેલ નવી તા'મીરી ઈબાદતગાહ અને હાઈસ્કૂલના બંને સ્લેબનું કામ પૂર્ણ થઈ ગયેલ છે. કલરકામ, ફર્નિચર કામ અને લાઈટકામ બાકી છે. જેના માટે તન, મન, ધનથી મદદ કરવા વિનંતિ છે.

| સરનામું | |
|---|---|
| **શાહ મદાર બોર્ડિંગ**<br>ઠે. કંડલા હાઈવે, મુા. વારાહી,<br>તા. સાંતલપુર, જિ. પાટણ પીન : ૩૮૫૩૬૦<br>ટેલીફોન નં. **(02738) 224116,**<br>**Mob. 9898919917, 9429286917** | **A/c. Name : Shah Madar Bording**<br>**(BoB Varahi Branch-7809)**<br>**A/c No. 78090100005286**<br>**IFSC : BARB0DDVARA**<br>**Micr Code : 385012530** |

## મદદ કી અપીલ

સલામ બાદ ગુઝારિશ કે **નગીના મસ્જિદ કમલપુરા**, તા. સાવલી, જિ. વડોદરા કા તા'મીરી કામ અલ્લાહ કે ફઝલો કરમ મો'મિનો કી દી હૂઈ સખાવત સે શુરૂ કિયા થા ઔર કામયાબી ભી હાસિલ હૂઈ. સખીદાતાઓંને દિલ ખોલકર ઉસ તા'મીરી કામમેં ઝરૂર મદદ પહોંચાઈ. લેકિન દો સાલસે કોરોના કી મહામારી મેં હમ ચંદા હાસિલ નહીં કર સકે. ઈસ વજહ સે થોડા કામ રૂકા હૈ, ઔર પુરાને આધે હિસ્સે કી મરમ્મત ભી કરના હૈ. તો આપ મો'મિન મુસલમાન ભાઈ અલ્લાહ કે ઈસ ઘર કો આબાદ કરેં ઔર અપની નેક કમાઈમેં સે લિલ્લાહ મદદ ઝરૂર કરેં.

મો. નં. ૯૭૨૭૪૦૧૧૧૨, બેંક ઓફ બરોડા, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા, બેંક **A/c.** નં. **18700100011980, IFSC : BARB0PADBAR (5th character is Zero)**, સૈયદ સાબિરઅલી છોટુમિયાં

## વર્ષોથી દીની સુન્ની સાહિત્ય પ્રકાશિત કરી ફ્રીમા વહેંચતી આ સંસ્થાઓને જરૂરથી સહાય કરશો

- **સુન્ની મુસ્લિમ કમિટી** ઠે. હવેલી શેરી, મુા. ગોંડલ (સૌરાષ્ટ્ર) **(Mob. 9824244544, 7383624786)**
- **હુસૈની કમિટી (સુન્ની)**, ૮–લાટી પ્લોટ, મોરબી, પિન : ૩૬૩૬૪૧ **(Mob. 9825133274)**
- **ગરીબ નવાઝ કમિટી**, આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે, જેલ રોડ, મોરબી–૩૬૩૬૪૧ **(Mob. 7016714118)**

મજકૂર મશહૂર દીની સુન્ની સાહિત્ય પીરસતી સંસ્થાઓ પ્રખ્યાત છે તેમને લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે મોકલી સહાય કરશો. વધુ માટે જે તે ફોન નંબરો પર સપર્ક કરશો.

## જંબુસરમાં સુન્ની દાવતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા

તા. ૧૦–૩–૨૦૨૨ જુમેરાતે ઈશાની નમાઝ બાદ ઘાંચીવાડ નૂરી મસ્જિદ–જંબુસર પાસે **મર્હૂમ સુન્ની મુજાહિદ દાઉદ અશરફીના નેક પૌત્ર "મુહમ્મદ નાઝિમ"** (S/o. ઈકબાલ દાઉદ અશરફી)ની શાદીના નૂરાની અવસરે હઝરત સૈયદ હશમત અલી બાવા (જંબુસર)ની સિયાદતમાં, હઝરત મૌલાના ઐયૂબ અશરફી (ખતીબો ઈમામ જામા મસ્જિદ–જંબુસર)ની સદારતમાં તેમજ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના જાબિર રહયાની તથા મૌલાના મુબારક સાબરીની નિઝામત હેઠળ ક઼િરાઅતે કુર્આન બાદ મદ્હે રસૂલ હાફિઝો ક઼ારી મુહમ્મદ સાહબ (મુદર્રિસ : દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા)એ નઅતે પાક પેશ કરી. મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઉમદા ઈસ્લાહી બયાન કર્યું. ત્યાર બાદ ઈજતેમાના સદર સાહબે ખૂબ જ ઈલ્મી ઈસ્લાહી વાતો તરફ મજમાનું તથા ઉલ્મા, અઈમ્માનું ધ્યાન દોરી દીની કામ કરવા નસીહત કરી હતી. છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી**એ દુલ્હાને તથા કુટુંબીજનોને મુબારકબાદી આપવા સાથે અલ્લાહનો શુક્ર અદા કરવા સંબંધે ઈમાની રૂહાની બયાન કરી "અલ્હમ્દુલિલ્લાહ !" કહેવાની આદત રાખવા અને શુક્ર કરવા તાકીદ કરી હતી કે શુક્ર કરશો અધિક નેઅમતો રબ અતા કરશે. છેવટેમાં દુઆ સલાતો સલામ પર રૂહાની ઈર્ફાની સુન્ની ઈજતેમા પૂર્ણ થયો હતો.

## જંબુસર ખાતે 'મસ્જિદે આલે મુસ્તફા'ના તામીરી કામમાં સહાય કરો

**જંબુસર :** (જિ. ભરૂચ) મદીના પાર્ક સોસાયટીમાં મસ્જિદની સખત જરૂરત હોવાથી જેની જગાનો ઈન્તેઝામ દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા થકી થઈ ગયો છે અને સંગે બુન્યાદ સાદાતે કિરામ વ ઉલમાએ એઝામના મુબારક હસ્તે થઈ ગયો છે હવે સુન્ની સખી હઝરાત પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે જરૂરથી લિલ્લાહ મદદ કરે અને અલ્લાહના ઘરને ઉભુ કરી આપે એવી અપીલ છે.

**સંપર્ક કરો : (૧)** મકબૂલ હુસૈન મલેક, **Mob. 9913775588 (૨)** જાવિદ મુનીર શેખ, **Mob. 9714137918 (૩)** હાફિઝ સીરાજ બરકાતી **Mob. 9974633579** *–રજૂકર્તા : અલ્લારખા ફુટવાલા (જંબુસર)*

## દારુલ ઉલૂમ થામ ખાતે રિદા અર્પણ વિધિ

**થામ :** (જિ. ભરૂચ) ખાતે જામિઆ આઈશા સિદ્દીક઼ લિલ બનાત (રઝા નગર)માં ચાલુ સાલે ફારિગ થનાર ૨૯ ફાઝિલા તથા ૨૮ આલિમા બહેનોની રિદા અર્પણ વિધિનો જલસો મૌલાના સાજિદ મિસ્બાહીની નિગરાનીમાં યોજાયો જેમાં મુહક્ક઼િકે મસાઈલે જદીદા સીરાજુલ ફુક઼હા હઝરત અલ્લામા મૌલાના મુફ્તી નિઝામુદ્દીન રઝવી (સદર ઈફ્તા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)એ ખત્મે બુખારી શરીફના પ્રોગ્રામમાં બુખારી શરીફની આખરી હદીષનો દર્સ ખૂબ જ ઈલ્મી અંદાઝમાં આપ્યો હતો. અન્ય ઉલમા, હુફ્ફાઝ, અઈમ્માએ હાજરી આપી હતી.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા :** (તા.જિ. ભરૂચ) તા. ૧૩–૩–૨૦૨૨, મુ. ચાંદ ૦૯ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૩ રવિવારના રોજ યુનુસ મુહમ્મદ રૂડીનો ઈન્તેકાલ થઈ ગયો છે. ❑ તથા ઝુલેખા ઈબ્રાહીમ ગડીમનો ૮૫ વરસની વયે તા. ૧૪–૩–૨૦૨૨, મુ. ચાંદ ૧૦ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૩ સોમવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. અલ્લાહ કરવટ કરવટ મગફિરત ફર્માવે.
- **બીરપુર શરીફ :** થી જનાબ સૈયદ કાલુબાવા દરીયાઈ સાહબ જણાવે છે કે તેમના સાઢુભાઈ તેમજ વેવાય સૈયદ હાજી મુશ્તાક અહમદ ફતે મુહમ્મદનો અં.તા. ૨૩–૧–૨૦૨૨, ૧૯ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૪૩ રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. અલ્લાહ કરવટ કરવટ મગફિરત ફર્માવે.
- **સરનાર :** ખાતે જનાબ હાફિઝ મહેબૂબ સરનારવી (હાલ : બ્લેકબર્ન, યુ.કે.)ના વાલિદા ફાતિમા હસન વલીનો ઈન્તેકાલ તા.૧૬–૦૨–૨૦૨૨, ૧૪ રજબ હિ.સ. ૧૪૪૩ના રોજ થયો જેમની નમાઝે જનાઝા હઝરત મુફ્તી સાબિર મિસ્બાહી સાહબ (સદર દારુલ કઝા વ દારુલ ઈફતા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ પઢાવી હતી.
- **વડોદરા :** ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ જનાબ જાવેદભાઈ કુરૈશીનો તા. ૨૫–૨–૨૦૨૨ ૨૩–રજબ ૧૪૪૩, હિ. જુમ્આના રોજ અચાનક ઈન્તેકાલ થતાં સુન્ની દા'વતે ઈસ્લામીના વર્તુળમાં શોકનું મોજુ ફરી વર્યું હતું. મર્હૂમ જાવેદભાઈ ૧૯૯૨થી તેહરીકમાં જોડાયા હતા અને દયાદરાના ૧૯૯૨માં થયેલ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરીના પ્રથમ બયાનથી તેમના દોસ્તો સહિત તેમની જિંદગીમાં ઈન્કિલાબ આવી ગયો હતો. તેમણે તથા અન્ય સાથીઓએ ત્યારથી દાઢી, અમામો વગેરે સુન્નતો અપનાવી હતી. મર્હૂમ જાવિદભાઈ ઘણો અરસો વડોદરાના નિગરાં તરીકે કામ કરતા રહ્યા. કેટલાક સમયથી આપને હાર્ટની તકલીફ થઈ હતી. છેવટે તા. ૨૫–૨–૨૦૨૨ના રોજ જુમ્આ પહેલાં અમામો બાંધતાં બાંધતાં આપની રૂહ કબ્ઝ થઈ ગઈ હતી. આ દુઃખદ બનાવ પર અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે વોઈસ મેસજથી તાઝિયત પેશ કરી હતી. તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) તેમજ હાફિઝ અ. રહીમ વગેરે મુબલ્લિગો ભરૂચ, બોડેલી વગેરેથી દફનવિધિમાં જોડાયા હતા. અમો પણ તેમના કુટુંબીજનો, દોસ્તો, સાથીઓને તાઝિયત પેશ કરીએ છીએ દુઆ છે રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, કુટુંબીજનો, સ્નેહીઓને સબ્રે જમીલ અતા કરે.

*–(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

- **ભરૂચ** : ખાતે રવિવાર મગરિબ બાદ મસ્જિદે રયહાનમાં થતા હફતાવારી સુન્ની ઈજતેમામાં જાન્યુઆરીથી માર્ચ દરમિયાન સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોએ વિવિધ વિષયે બયાનો કર્યા. તા. ૧૬–૧–૨૦૨૨ મૌલાના ઝહીર મિસ્બાહી : જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ, તા. ૨૩–૧–૨૦૨૨ મુફતી સાબિર નજમી મિસ્બાહી : શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہના વિશે સવાલો જવાબ, તા. ૩૦–૧–૨૦૨૨, હાફિઝ અ. રહીમ બરકાતી : ઈસ્લાહી બયાન, તા. ૬–૨–૨૦૨૨, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી : જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ, તા. ૨૦–૨–૨૦૨૨, મૌલાના ઝહીર મિસ્બાહી : શરફે સહાબિયત ઔર અમીર મુઆવિયહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તા. ૨૮–૨–૨૦૨૨, મુફતી સલીમ નજમી મિસ્બાહી : જશ્ને શબે મેઅરાજ, તા. ૨૮–૨–૨૦૨૨ (ઈશા બાદ પીર છત્તર મસ્જિદ) મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી : જશ્ને શબે મેઅરાજ, તા. ૬–૩–૨૦૨૨, મુફતી સાબિર મિસ્બાહી : ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ વિશે સવાલો જવાબ, તા. ૨૦–૨–૨૨, મૌલાના સુહેલ અશરફી : સરકારે કલાં વ સિલસિલએ અશ્રફિયા.
- **પાલેજ** : ના મુબલ્લિગો ઈમરાન નૂરી, સરફરાઝ નૂરી થકી તા. ૩–૨–૨૦૨૨ કીયા મગરિબ બાદ, જનાઝામાં શિર્કતની ફઝીલત, ૬–૨–૨૦૨૨ શિનોર–નાની ભાગોળ, (મૌલાના શોએબ સાથે) મેહફિલે ઈસાલે સવાબ, તા. ૧૬–૨–૨૦૨૨, સોખડા, જુમ્આમાં બયાન, મગરિબ બાદ તર્બિયતની ઈજતેમા, ૨૨–૨–૨૦૨૨ શિનોર, તર્બિયતી ઈજતેમા, ૨૫–૨–૨૦૨૨, ચનવાડા–જુમ્આમાં બયાન પાનતલાવડી–મગરિબબાદ તર્બિયતી ઈજતેમા ૨૬–૨–૨૦૨૨, વલણ–રઝા મસ્જિદ, તર્બિયતી ઈજતેમા, ૨૮–૨–૨૦૨૨, કીયા, જશ્ને મેઅરાજુન્નબી ﷺ મનાવાયો, ૩–૩–૨૦૨૨, નેત્રંગ મદીના મસ્જિદ, ઝહોર બાદ તર્બિયતી ઈજતેમા, ૪–૩–૨૦૨૨, ઉતરાજ–શિનોર, ૭–૩–૨૦૨૨ કીયા, ૯–૩–૨૦૨૨, સોખડા, ૧૧–ચનવાડા, દેવલિયા.....વગેરે તર્બિયતી ઈજતેમાઓ થયા.
- **વાગરા** : ખાતે મૌલાના ઈબ્રાહીમ જંબુસરીએ નૂરાની મસ્જિદ તેમજ વાગરાની અન્ય મસ્જિદો તથા આસપાસના અમુક ગામોમાં ઈજતેમા, દર્સ, બયાનો કર્યા.
- **જંબુસર** : ના મુબલ્લિગો થકી મર્કઝ નૂરી તર્બિયતી સેન્ટર તેમજ જંબુસર અને જંબુસર બહાર મૌલાના ઝહીર મિસ્બાહી તેમજ મૌલાના જાબિર–રયહાની, મૌલાના મુબારક સાબરી થકી તર્બિયતી ઈજતેમાઓ કરવામાં આવ્યા.
- **દયાદરા** : ખાતે મૌલાના ઝહીર મિસ્બાહી, મુફતી સાબિર નજમી મિસ્બાહી થકી દર રવિવારે વિવિધ વિષયે તર્બિયતી ઈજતેમા થયા. તેમજ દરરોજ અસર બાદ દર્સ હાફિઝ અફઝલ સરનારવી થકી ચાલુ રહ્યો.
- **બોડેલી** : ખાતે મુબલ્લિગો ઉષ્માનગની નૂરી તથા ઉષ્માનગની બરકાતી, અખ્તર રઝા મદની, મજીદ રઝા વગેરે થકી બોડેલી તથા આસપાસની મસ્જિદોમાં તર્બિયતી ઈજતેમા કરવામાં આવ્યા તેમજ તા. ૧૩–૨–૨૦૨૨૨ રવિવાર ઈશા બાદ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના સાદિક રઝવી (મુંબઈ)એ ઈજતેમામાં અસરકારક ઈસ્લાહી બયાન કર્યું હતું.

એ જ પ્રમાણે ગુજરાતની અન્ય બ્રાન્ચો સૂરત, કોસંબા, અંકલેશ્વર, ભાવનગર, ધોરાજી, વડોદરા, બાસ્કાના મુબલ્લિગો પોત પોતાના વિસ્તારોમાં બયાનો તથા તર્બિયતી ઈજતેમા કર્યા.

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ

**ઠે. બાવા રયહાન દરગાહ, મદીના પાર્ક-ભરૂચ**




પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! આપણુ આ દારૂલ ઉલૂમ હઝરત બાવા રયહાન (રહમતુલ્લાહિ અલૈહ)ના સાયા હેઠળ, ફયઝાને ખ્વાજા ગરીબ નવાઝ (રહમતુલ્લાહિ અલૈહ)ના કરમથી વરસોથી ઈલ્મે દીનના ફેલાવા પાછળ તથા હાફિઝ, કારી, આલિમ તૈયાર કરવામાં કોશિશમાં લાગેલું છે. અત્યાર સુધીમાં **૨૦૬ હાફિઝો, ૩૯ કારીઓ, ૧૮ આલિમો** બહાર પડી ચૂક્યા છે. અહીં રહેતા તલબાને રહેવા, જમવા, સૂવા, દવા વગેરેની સગવડ ફીમાં કરવામાં આવે છે તો આપની લિલ્લાહ, ઝકાત, ખયરાત, સદકા, ફિત્રા, ઉશ્ર, કુર્બાનીની ખાલો વગરે જમા કરાવી સવાબના હક્કદાર થશો.

લિ. અરાકીને દા.ઉ.ગુલશને અજમેર ભરૂચ.

**Mo. 9427464411, 9426537817, 7984598445**

**ભરૂચ** : રોયલ પાર્ક ખાતે જનાબ ઈદરીસ મૂસા પટેલ (સરનારવાલા)ની નેક દુખ્તર ડૉ. નુસ્રતના નિકાહ જનાબ મજીદ મુહમ્મદ અંભેરવાલા (ટંકારીયા)ના નેક ફરઝંદ ડૉ. અફઝલ સાથે તા. ૨–૧–૨૦૨૨ રવિવારના રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : ખાતે જનાબ હસન અલી ગડિમલની નેક દુખ્તર નુસ્રત બાનુની શાદી અ. ગફૂર અહમદ બોરડીવાલાના નેક ફરઝંદ સાથે ૧૦ શાબાન હિ.સ. ૧૪૪૩, તા. ૧૩–૩–૨૦૨૨ના રોજ મુમતાજ પાર્કમાં ઝહોર બાદ રાખવામાં આવ્યા. દુલ્હા, દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ સદા ખુશ રાખે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કશગંજ (બિહાર)** : બગલબારી ખાતે હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી (માજી મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ના નેક ફરઝંદ હાફિઝો કારી મુહમ્મદ મઝહરના નિકાહ નિલમ પરવીન (D/o. મુહમ્મદ મહેફૂઝ આલમ, ગામ : બરાહમાસીયા, (કિશન ગંજ–બિહાર) તા. ૨૪–૨–૨૦૨૨ જુમેરાતના રોજ થયા. દુલ્હા દુલ્હની, કુટુંબીજનોને ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે જનાબ હાફિઝ સાદિક દાઉદ મૂસા બાજીભાઈની દુખ્તરે નેક અખ્તર ફાતિમાના નિકાહ ભરૂચ ખુર્શિદ પાર્ક મસ્જિદે તા. ૪–૨–૨૦૨૨, ૨–૨જબ હિ.સ. ૧૪૪૩ જુમ્આના રોજ જનાબ મહેબૂબભાઈ લીમડીવાળાના નેક ફરઝંદ મુબશ્શિર અહમદ સાથે રાખવામાં આવ્યા.

ઉપરોક્ત સર્વ દુલ્હા–દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની જિંદગીઓને ઈમાન તંદુરસ્તી સાથે ખુશીઓથી ભરપૂર રાખે. (આમીન) *–તંત્રી*